કુમાર


સંસ્થાપક - રવિશંકર રાવળ

૫૦૦મા અંક વિષે જુઓ અંદર ઊઘડતે પાને

આવતી કાલનાં
નાગરિકોનાં
સાહિત્ય-કલા-જ્ઞાન-સંસ્કારનું
માસિક

વર્ષ ૪૨મું • અંક ૯મો
સપ્ટેમ્બર
૧૯૬૫

સળંગ **૫૦૧**મો અંક



પ્રફુલ્લ પદ્મ : છબિ : અજિત મહેતા

તંત્રી • બચુભાઈ રાવત



હૈયાનો હાર — ચિત્રકાર: પ્રમોદ પટેલ

ક્ષમાપ્રાર્થના ૫૦૦મા અંક વિષે

લગભગ પાંચગણું મોટું કદ, મોડી પડેલી લેખ-તથા-ચિત્રસામગ્રી અને મુદ્રણ આદિનાં અમારાં મર્યાદિત સાધનોને કારણે ૫૦૦મો અંક તેની નિર્ધારિત તારીખે—૧૫મી ઑગસ્ટે તૈયાર થઈ શક્યો નથી તે માટે અમે ઘણા રંજ સાથે ક્ષમા પ્રાર્થીએ છીએ, અને તેને બદલે તેની પછીનો આ ૫૦૧મો, સપ્ટેમ્બર-નો અંક મોકલીએ છીએ. દરમ્યાન ૫૦૦મો અંક પણ તૈયાર તો થતો જ રહ્યો છે, તે હવે આવતે મહિને, કદાચ થોડો મોડો, બહાર પડશે.

અમારી આ ક્ષતિ ઉદારતાપૂર્વક નિભાવી લેવાની સૌને વિનંતી છે.

૫૦૦મા અંકમાં જાહેરખબર મોકલવા ઈચ્છનારાઓ માટે હજી ઠીક અવકાશ છે.

વાચકો લખે છે

ઉપલા હોઠની મધ્યમાં આવેલા ખાડા-વાળા ભાગને માટે 'મોગો' શબ્દ છે. આપણે 'મોગો મરડાઈ જવો' (એટલે ખોટું લાગવું) એમ કહીએ છીએ. હોઠ ત્રાંસા થાય તેની સાથે 'મોગો' પણ ત્રાંસો થાય. એ જ રીતે 'મોગો ભાંગી નાખવો' એટલે નાક ઉપર મારવું વગેરે રૂઢિપ્રયોગ ગુજરાતી ભાષામાં છે.
(ફતેપુર-અમરેલી) —ધીરજલાલ સાવલિયા

ઉપલા હોઠ અને નાકની વચ્ચેના ભાગને 'મૂગો' કહે છે, જે ઑલ ઇન્ડિયા રેડિયો પરથી ૧૯૪૩-'૪૪ની સાલમાં 'નવને ટકોરે' નામના કાર્યક્રમમાં શ્રી સુબંધુ ત્રિવેદીએ પ્રશ્નાવલીના જવાબમાં કહેલું તે સાંભરી આવે છે.
(અમદાવાદ) —જવાહર ત્રિવેદી

ઉપલા હોઠ વચ્ચેના અને નાકની નીચેના ભાગ માટે એક જુવાન વાળંદ મિત્રે કહ્યું કે એ ભાગને 'મૂગો' કહે છે. તેણે એક બીજો શબ્દ પણ એક એવા જ અપરિચિત ભાગ માટે કહ્યો કે—આપણા બેઉ હોઠ બે બાજુ પર મળે છે ને જે ખૂણા પડે છે તેને 'વાંછા' કહે છે.
(ગોંડલ) —દેશળજી પરમાર

ઉપલા ઓષ્ઠમાં ને નાકની નીચેના ખાડા માટે 'દાંડી'નામ રજપુતાનામાં પ્રચલિત છે એવું એક ભાઇએ સૂચવ્યું છે, પણ તે મૂછની દાંડી રાખવા સબંધી છે, નહિ કે એ ખાડા માટે, એ ખાડાનું ખરું નામ તો 'અપરા' છે. એને સંસ્કૃતમાં 'અપરા' અગર 'અપરાસ્બુજ' કહે છે. હું થોડાં વર્ષ પર ઉદયપુર ગએલો ત્યારે એક વૈદરાજે વૈદકના એક પુસ્તકમાંથી ઉપલા ઓષ્ઠની ઉપરના ખાડા માટે 'અપરા-સ્બુજ' અને નીચલા ઓષ્ઠની નીચેના ખાડા માટે 'ચિબુક' શબ્દ બતાવ્યા હતા.
(સાબરમતી) —ઈન્દ્રવદન દેસાઈ

ઉપલા હોઠના મધ્ય ભાગના ખાડા માટે સૂરત જિલ્લા તરફ 'મૂગ્યો', 'મૂંગો' કે 'મૂંગી' શબ્દો વપરાતા જાણવા મળ્યા છે.

શતરંજ સંબંધી શ્રી સુરેશ મોદીના લેખોની અલગ પુસ્તિકા છપાય તો ઉપયોગી નીવડે. આગળ આવેલી સ્વ. શ્રી સાધુરામ દવેની 'પાનાંની રમત'તથા'બ્રિજ'ની લેખમાળા પણ છપાવી શકાય. 'પાનાંની રમત'માં હજી એક-બે રમતો (દા. ત. 'રમી' વગેરે) રહી જવા પામી છે તે પણ કોઈ જાણકાર પાસે લખાવી પ્રસિદ્ધ કરવા જેવું ખરું.
(નવસારી) —છોટુભાઈ ન. મહેતા

ઉપલા હોઠની મધ્યમાં આવેલા ખાડાનું અંગ્રેજી 'Hairlip' જણાવ્યું છે તે ખરોબર નથી. ખરો શબ્દ 'Harelip' છે, અને તે ઘણાનેજન્મથીજઉપલો હોઠ કપાઈ ગયા જેવો હોય તેને માટે વપરાય છે. (Hare=સસલું lip=હોઠ.) આ પ્રશ્ને વાચકોમાં તો રસ જ-ગાડયો જ હશે, પરંતુ મને એથી અનોખો લાભ થયો! શ્રી દુષ્યંત વસાવડાએ એ બાબત મને લખ્યું. એ પણ જૂનાગઢના! ઓળખાણ નીકળી. ઑફિસ કામે રાજકોટ આવ્યા તે બે ઘડી જૂનાગઢ આવી ખાસ મળી ગયા! આ પરથી અમને વિચાર આવ્યો કે 'કુમાર'ની પો-તાની જ વાચક-મંડળી રચીએ તો? 'કુમાર'માં સરનામાં છપાય તો પત્રવ્યવહારથી ને શક્ય હોય ત્યારે રૂબરૂ મળી નવી ઓળખાણ થાય.
(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

જુલાઈ માસનું 'કુમાર' મળ્યું, સુંદર! ઘણી ભણેલી ને સંસ્કારી વ્યક્તિઓને ખયાલ નથી કે 'કુમાર' જેવું સુંદર મૅગેઝીન ગુજરાતીમાં બહાર પડે છે. મારા મુંબાઈ રહેતા એક મિત્રે હમણાં જ લવાજમ ભર્યું છે. અને 'કુમાર'નો અંક જોઇને એ ખુશ થઈ ગયો!
(અમદાવાદ) —જે. ડી. પંચાલ

૪૯૯મો અંક ઘણો—લગભગ સાતઆઠ દિવસ મોડો મળ્યો. શું કારણ? મોડો આવે છે એટલે ચિંતા રહ્યા કરે છે.
(સાવલી) —જયરામ ઈ. દેસાઈ

[*૧૫મીએ પોસ્ટ થએલો અંક તમને ૨૬-મીએ મળ્યો એટલે રસ્તામાં કોઇએ વાંચવા રોક્યો હશે. આવું બન્યા કરે છે. પ્રભુનો (અને એ રોકનારનો પણ) પાડ માનો કે એ અંતે પાછો મળ્યો તો ખરો! ટપાલખાતાના ચૂઆ નરદમ ચાંઉ કરી જાય છે તેને બદલે આ સજ્જન પાછો મોકલે છે તે માટે, તેમજ કોઈ ઉત્સુકનો આત્મા રાજી થાય છે એ માટે આપણે સંતોષ લઇએ! અને એ ભાઈને એમની સુ-જનતા માટે ધન્યવાદ સહ વિનંતિ કરીએ કે કોઈના આત્માને આમ સંતાપવા કરતાં પોતે જ કરકસર કરી પ્રામાણિકપણે 'કુમાર' મેળ-વીને પોતાની સજ્જનતાને ઊજળી બનાવે.]

૪૯૯મા અંકની 'મિત્રપત્ની' વાર્તાના મૂળ લેખકના નામનું ગુજરાતીકરણ વાજબી નથી લાગતું. બંગલા ભાષામાં 'વ' નથી; પરંતુ જ્યાં 'વ' અનિવાર્ય હોય ત્યાં એનો પર્યાય છે. રવીન્દ્રનાથની આંતરરાષ્ટ્રીય વાર્તા 'કા-બુલીવાલા'ને કાબુલીબાલા ન બનાવી શકાય એટલે બંગલામાં ઓ+ય મેળવીને 'વ' ઉચ્ચા-રણ ઉભું કર્યું છે. લેખન ને ઉચ્ચારણ વચ્ચેનો ભેદ બંગલા ભાષામાં સમજવા જેવો છે. સા-ધારણત: 'મિત્ર' અટક અસલી બંગલામાં મિત્તિર જ કહેવાય છે, પરંતુ લખતી વખતે એ 'મિત્ર' થઈ જાય છે. એવી જ રીતે 'સાહેબ-બીબી-ગોલામ' (બંગલામાં ગુલામને ગોલામ) ના સિદ્ધહસ્ત લેખક શ્રી બિમલ મિત્રને બંગલા ઉચ્ચારણ પ્રમાણે તો બિમોલ કહીએ છીએ. પરંતુ સ્વીકાર્ય લેખન-ભાષામાં તેઓ-શ્રી બિમલ મિત્ર રહે છે. ૪૯૯મા અંકમાં જ વિજ્ઞાપન છે 'સાહેબ બીબી ગુલામ'ના ગુજ-રાતી અનુવાદનું; એમાં પણ શ્રી રમણિકલાલ મેઘાણીએ મૂળ લેખકનું નામ શ્રી બિમલ મિત્ર લખ્યું છે.
(કલકત્તા) —ભાનુરાય લીલાધર પીપલિયા

'જીવનપટનાં સ્મૃતિચિત્રો' વિભાગ મારા જેવાં કેટલાં યે ખીલતાં પુષ્પોને અમીવર્ષા સમ બની રહે છે. 'કુમાર'માં આવતાં કિંમતી ચિત્રો સામાન્ય માણસો પણ જોઇ માણી શકે છે. 'કુમાર'નોજન્મનહોત તો લાખો કરોડોની કિંમતનાં ચિત્રો મારા જેવી સામાન્ય જનતાને જોવા ન મળત.
(ભાલુસણા) —રસિકલાલ સેંભરિયા

અમદાવાદમાં ભરાએલા કૃષિ-મેળામાં ગુ-જરાત રાજ્યના મંડપમાં કેટલીક વિશિષ્ટ કલા-કૃતિઓ ખૂબ ગમી હતી. તેના કલાકાર શ્રી બાલકૃષ્ણ પટેલનો ટૂંક પરિચય તથા તે કૃતિ-ઓની છાપ જોઈ આનંદ થયો. અલબત્ત, મૂળ કૃતિઓની મજા એકરંગી છાપમાં ન જ મળે. પૃ. ૨૬૫ પર 'વૃષભ'ની બાજુમાં ખભે હળ લઇને જતા ખેડૂતના ચિત્રને 'ગોકળી' નામ આપવામાં ભૂલ થઈ લાગે છે.
(અમદાવાદ) —હરિકૃષ્ણ રા. પાઠક

૪૯૯ અંકમાંની વિમલ મિત્ર કૃત 'મિત્ર-પત્ની' વાર્તા ખૂબ જ ગમી. સરળ અને ભાવ-વાહી શૈલીમાં થએલા અનુવાદને કારણે વાર્તા અતિ રમ્ય અને રોચક છે. 'કુમાર' દર અંકે પ્રાંતીય ભાષાઓની એક શ્રેષ્ઠ વાર્તા પ્રકટ કરતું રહે તો કેવું સારું!
(જાફરાબાદ) —ઈશ્વરલાલ પરમાર

તમારું 'કુમાર' ઘણાં વરસોથી વાંચું છું. દિલગીરી સાથે લખવું પડે છે કે તેનું ધોરણ નીચું પડતું જાય છે. શરૂઆતમાં વિદ્યાર્થીઓ (હાઇ-સ્કૂલ-કૉલેજના) માટે ઉપયોગી સામગ્રી આવતી હતી. હવે શું છે? તમો ભાટ-ચારણવાદી થયા છે. જુદાંજુદાં સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રો છાપો છો. જરૂર, દરેકના જીવનમાંથી કંઇ ને કંઈ શીખવાનું મળે છે; તેથી કંઈ આમ આખું માસિક ભરી ન દેવાય. જોકે તેમાં બીજા લેખો છાપો છો. પણ પોતાના માણસને બહાર પ્રસિદ્ધિમાં લાવવા વગેરેની તમારી મનોવૃત્તિ છૂપી રહી શકતી નથી. સાહિત્ય, વિજ્ઞાન, ધર્મ, ભૂગોળ, ઇતિહાસ વગેરે વિષયોના પ્રસંગો તમને મળતા નથી? આજને લગતા સવાલો, સામાજિક રૂઢિઓ વગેરે ઘણું ઘણું છાપવાનું છે. તમારાં પોતાનાં વખાણ કરાવવાં, એવા માણસોની યાદી છાપવી, ૨૫ વર્ષ પૂર્વેમાં પણ આપવડાઈ છાપવી વગેરે. ભાટ-ચારણપણું વધી પડયું છે તેથી જ તમારા ગ્રાહકોની સંખ્યા ઓછી થાય છે.* પછી લોકપ્રિયતા માટે અર્ધનગ્ન સ્ત્રીઓનાં ચિત્રો છાપશો. બસ એટલી અધોગતિ તમારી થઈ છે. હું તમારો જૂનો ઓળખીતો છું. વિજયરાય વૈદ્ય મારા સ્નેહી છે તેથી લખું છું. ખોટું લખ્યું હોય તો ક્ષમા.

(નાંદેજ) —મ. બા. દવે

[*૧૯૪૩માં અમે 'કુમાર' હાથમાં લીધું ત્યારે આશરે ૧૭૦૦ ગ્રાહક હતા; આજે ૫,૨૫૨ છે. આ ઑડિટ થએલા આંકડા છે, 'આપવડાઇ' નથી. જીવનચરિત્રો, અને સ્ત્રીઓનાં ચિત્રો વિષેની અમારી દૃષ્ટિ વાચકોને સુવિદિત છે.]

'કુમાર'માં પ્રગટ થતા જીવનવૃત્તાંતના લેખો—આત્મકથા, જીવનકથા, આત્મપરિચય પ્રસંગો આદિ વાંચવાનું હમેશાં તીવ્ર આકર્ષણ રહે છે; એમાંથી ગઈકાલની આર્થિક, રાજકીય, ઐતિહાસિક, સામાજિક, કૌટુંબિક, સાંસ્કારિક, સાહિત્યિક, શૈક્ષણિક ઇત્યાદિ વિષયોની જે રસભરી માહિતી મળે છે તેની નાનીનાની વિગતો સામાન્ય રીતે અપ્રાપ્ય હોય છે. વિસરાતી જતી ગઈકાલની પેઢી વિષે એમાંથી કેટલું બધું જાણી શકાય છે! મુ. શ્રી રવિશંકર રાવળની આત્મકથામાંથી તે કાળના શિક્ષકો, શાળાઓ, શિક્ષણપદ્ધતિ, અભ્યાસક્રમ અને વિદ્યાર્થીઓ અંગેની માહિતી સાંપડે છે. તે જ પ્રમાણે સ્વ. 'ધૂમકેતુ'ના જીવનપરિચયમાંથી પણ તે સમયની પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજ કેળવણી વિષેની ઘણી યે અપ્રાપ્ય એવી વાતો જાણવા મળે છે. એની સાથે સાથે જે તસવીરો પ્રગટ થાય છે તે પણ પહેરવેશ, છબીક્લા તથા પરિવર્તન પામતા જમાના અને વ્યક્તિની વાત કહી જાય છે. 'બન્ધુસમાજ'નું ભાવનાવાદી યુવકજૂથ ગુજરાતની ગઈ કાલની જુવાનીનું ચિત્ર પૂરું પાડે છે. આવા બધા લેખો અને તસવીરો બે જમાના વચ્ચેનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે કીમતી સાધન બની રહે છે. પારસી શિક્ષકોનું પ્રમાણ તે જમાનાના પ્રમાણમાં અત્યારે નહિવત્ જ છે, એવીએવી વાતો અનાયાસે પણ ધ્યાનમાં આવી જાય છે.

(અમરેલી) —ભૂપેન્દ્ર વકીલ

મારા એક સ્નેહીના પુત્રના સુઘડ શરીરમાંથી પરસેવાની વિષમ દુર્ગંધ આવે છે. આમ કોઈ જાતનો રોગ નથી, પૂર્ણ તંદુરસ્ત છે; પણ તેનાં પહેરેલાં કપડાંમાંથી પણ અણગમતી વાસ આવે છે. કોઈ ઓરડીમાંથી કામ કરીને બહાર નીકળ્યો હોય તો તે જગ્યા બદબો મારતી હોય છે! વાચકબંધુઓ તરફથી માર્ગદર્શક ઉપાય, અનુભવેલી સૌમ્ય સહજપ્રાપ્ય ઔષધિ લક્ષમાં હોય તો જણાવવા વિનંતી છે.

(જૂનાગઢ) —દત્તાત્રેય મો. ફાટક

મારી પાસે 'કુમાર'ના ૧૯૬૧ના બાર અંકો વેચવાના છે. —મોતીલાલ નાનજી
(ઘોભા શેરી, રામનિવાસ, સૂરત-૩)

મારા પુત્રને 'દીવાસળીનાં લેબલ' એકત્ર કરવાનો શોખ છે. અમે ભારતનાં બે હજાર જુદાંજુદાં લેબલો એકત્ર કર્યાં છે. આપણે ત્યાં સ્ટૅમ્પનું વેચાણ કરતી કંપનીઓ છે, પરંતુ મૅચ લેબલ્સ વેચાતાં મળતાં હોય તેવી કોઈ કંપનીની માહિતી નથી. જે ભાઇઓ આવાં સ્થળોનાં સરનામાં જણાવશે તેમનો અત્યંત આભારી થઈશ.

(કડી) —છનુભાઈ કે. પટેલ

'કુમાર'માં રંગીન ચિત્રો છેલ્લા થોડા મહિનાઓથી નીચી કોટિનાં આવે છે. એનું કારણ એ પણ હોવા સંભવ છે કે તૈયાર રંગીન બ્લૉક મળતા હશે. એટલે કાં તો 'કુમારે' દર મહિને એક સુંદર ચિત્રનો રંગીન બ્લૉક બનાવી લેવો જોઇએ, અને આર્થિક ભાર ન પોસાય તો હાફ્ટોનમાં સારું ચિત્ર છાપવું જોઇએ.

(વારાણસી) —વાસુદેવ સ્માર્ત

(અનુસંધાન પૃષ્ઠ ૪૬૬)

તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧

જ્યોતિર્મય છંદ / રાજેન્દ્ર શાહ

વિહંગકલ્લોલ વ્હાણું વાય
ખૂલે મારાં નિકેતનયન
આજ
પ્રાંગણના પારિજાત નીચે તને લહી
અરુણવસના
સ્મિતોજ્જ્વલ ગૌર મુખ
હલનચલને જાણે જ્યોતિર્મય છંદ
ઋચા
સદેહ ગાયત્રી.

આદિત્યની વરેણ્ય આશિષ
ઝીલે દગ નિર્નિમેષ
કલ્યાણતમ રૂપ
ઋજુ તેજ
તેજોમયી
મધ્યાહ્નની તપ્ત મરીચિકા
પદ્મપત્ર સમી શીત નીલ
દિનાન્તનો ગોરજ ધૂસર અંધકાર
અનસ્ત આભાએ ઝલમલ.

આજ
હૃદયને સ્પંદ
નિત્યકાલીન તવ
જ્યોતિર્મય છંદ.

પમરાટ / ગીતા પરીખ

· ગાન ·

અહો શો પ્રકાશનો પમરાટ!
વાદળથી ધોવાઈ વધ્યો શો
કૂંણો કૂંણો ચળકાટ!
...અહો૦

રજે રજે સોનલ પગલીઓ
તેજતણી થનગનતી
હવા હલેતી ઝલમલ થાતી
ઝૂલી રહી મનગમતી;
લીલમલીલા સુગંધભીના
ઉરના શા મલકાટ!
...અહો૦

અંકુર ઊંચા થઇને નભને
ટેકો દે નિજ હાથ,
કૂંપળ કુમળી લળીલળીને
કરે ધરાને વાત,
શ્રાવણ કેરા હરિત ઉપરણે
કનકરંગની છાંટ
...અહો૦

ખો / 'સ્નેહરશ્મિ'

· મિશ્ર ·

ઓ કેરી પેલી દ્રય થાંભલીઓ,
મેદાન સામે જનશૂન્ય આ પડ્યું;
કલ્લોલ મસ્તી દિનનાં બધાં એ,
એ ખેલનારાં, જિતહારની કથા,
સંધ્યાતણી ગોરજમાં ભળીને
ગયાં શમી–ત્યાં નભતારલા બે
(જાણે ઉઘાડ્યાં દગ જન્મ-મૃત્યુએ)
કૈં સામસામી ક્ષિતિજેથી આવી
અન્યોન્યને હોય ન આપતા ખો–
કહેતા શકે 'ખેલ ન થાય પૂરો!'

જિજીવિષા / રાવજી પટેલ

· કટાવ ·

વીસ વર્ષનું એકસામટું જોમ
ઘડીભર આવે તો આ નજર કને
નોધારાં મારાં ગાત સમાં
ઉપાન મહીં પગ મેલું;
મારી ડબડબ ચતી છાપરીએ જે બેસું.
ઉ:લું ફણગાતા ખેતરો વચ્ચે.
દક્ષિણ પવન સરીખા રેલા
સીમ છોડીને છૂટે;
સૌની મોર હું ય આ ઘરમાં આવી
ધીરેથી આ ચારપાઇને
સ્હાંજ પડ્યે કૈં પૂછુંગાછું...

તમે રોપેલું...* / 'સુક્તિ'

· શિખરિણી ·

તમે રોપેલું આ તરુ નિરખતાં બાપુ! મનમાં
મને થાતું કાંઈ સ્મરણ...તમને તો હૃદયમાં
હશે એવી આશા: તરુણવયનો છોડ કુમળો
થશે કાલે મોટો—બળબળ થતી લાહ્ય તડકો
વળી આવે આંધી (મરુકણ તણો ઉગ્ર ભડકો)
સહી હૈયે થાશે જ તરુવર થોડાં વરસમાં.

અને ખોલી અંગો શતદલ દ્રવી શાન્ત શીતલ
ઢળી રે'શે છાંયો ધરતી પર—ભોળાં વનચર,
ઊડી આવી પંખી વળી પથિક લેશે હરખથી
વિસામો, ને બેસે પરબ કહી જો—સાર્થક ઘડી.
તમે ગાંધી બાપુ અહીં અત્ર નથી; એક તરુ આ
ઊભું છે; ના ફાલ્યું, ફળવિણ બની પ્રેત સરખું.
–મને સ્વપ્નું સ્વપ્નું ઘડીકપળ લાગ્યું અણઘડ્યું;
સુકાતી ડાળોમાં ખગયુગલનું નીડ ન જડ્યું.

*ગૂજરાત વિદ્યાપીઠના છાત્રાલય વચ્ચે
ગાંધીજીએ રોપેલા વૃક્ષને જોતાં...

ગીત / રઘુવીર ચૌધરી

રણકે પાયલ રાનવેરાને
ઘેઘૂર મારાં લોચન કને વનરાઈ જુગજુગની આવે
ઝૂમતી આજે કોઇ અદીઠા જોબનગાને. ...રણકે૦

નેતરને વન સરતો સમીર નાદ બનીને
આવતો, મારી શમતી આંખે રૂપનાં વલય જાગે.
કેવડિયા-અંધારની માદક સુરભિ ઠરે,
રોમે રોમે સતત એના ઝમતા અણુ વાગે.

ડૂબવા લાગું ભીતરમાં હું છેક સરીને મૂળમાં
ગળી જાઉં ને આવું રંગ બનીને છલકું પાને પાને.
...રણકે૦

આંગણ એવું મહેકે ભીની ધરતીથી, લયરેખ
બનીને વહેતો રહે નીલમનીલાં ઝરણાંનો આનંદ.
સકળ જગત, ક્ષિતિજની ઓ પારનાં ભવન ભર્યાં
ભર્યાં આવે ઋજુ સ્વર બનીને રચવા મારો છંદ!

ઉગમણાં એ રૂપની પાયલ દૂર છતાં યે અંતરિયાળે
એનો આ રણકાર ભરી દે મુજને સાવ અજાણે.
...રણકે૦

દીપક કે મલ્હાર? / ધીરેન્દ્ર મહેતા

· ગઝલ ·

કહે છે કોઈ કે ધરતી ઉપર હું ભાર છું સાકી!
કહે છે કોઈ કે ધરતી તણો આધાર છું સાકી!

ભયાનક મેઘ વચ્ચે વીજનો લલકાર છું સાકી!
અને ગમગીન આભે બીજનો શણગાર છું સાકી!

કણું છુ હું વળી કોઈ ખટકતી આંખડી કેરું,
અને કોઈ કસુંબલ આંખનો અણસાર છું સાકી!

હૃદયમાં આગ ભડકે છે, નયનમાં નીર વરસે છે,
ખબર પડતી નથી દીપક છું કે મલ્હાર છું સાકી!

ઘણી નૌકા ડુબાવું છું, ઘણાં તરણાં તરાવું છું,
કિનારો છું અડગ કે મદભરી મઝધાર છું સાકી!

બસૂરી છે કહી વીણા તમે ફોડી હતી ખંડિત,
ખરેખર એ જ વીણાનો ઝણકતો તાર છું સાકી!

બની પાગલ પગેરું જેમનું દિનરાત શોધે છે,
જરી જોતાં ખરી હું એ જ તો વણઝાર છું સાકી!

હજી અજવાળવા અંધારઘેર્યા પથ મારે,
ભલેને હું બુઝાતા દીપનો ઝબકાર છું સાકી!

વૃત્તિ અને ગરજ

લેખક · **રેવ૦ ફાધર વાલેસ**

મિજાજ ગયો, ઝગડો થયો. પાડોશમાં બૂમાબૂમ સંભળાઈ. પછી સમાધાન થતાં: 'હું લાચાર છું, મારો સ્વભાવ જ એવો છે, એ મને પોતાને જ પસંદ નથી, પણ એમાં હું શું કરું?' વગેરે શબ્દો બોલાયા.

તમારો સ્વભાવ તમે પસંદ કર્યો નથી એ વાત સાચી. તમારું શરીર, તમારી બુદ્ધિ ને તમારી કલ્પનાશક્તિ તમને વારસામાં મળ્યાં છે. ઉપરાંત, ઘર શાળા કૉલેજ સમાજ અને તમારી આસપાસના વાતાવરણની અસર તમારા ઉપર સારા પ્રમાણમાં પડી છે.

કલાકારના હાથમાં કાચો માલ મૂકવામાં આવ્યો છે. પરંતુ હવે એ કાચો માલ લઈને કલાકૃતિનું સર્જન કરવું એ કલાકારનું કામ છે.

શરીર, બુદ્ધિ, મિજાજ... એ વ્યક્તિત્વનો કાચો મ લ. હવે એમાંથી વ્યક્તિત્વ ઘડવું એ તમારું કામ. હા, એમાં મર્યાદા તો છે જ. પહેલવાનનું શરીર સુદૃઢ ન હોય તો કુસ્તીના પ્રયોગોમાં બહુ સફળતા મળવાનો સંભવ નથી. પણ તમારી ભાવના ને તમારો આદર્શ એ તમારા શરીર ને બુદ્ધિ પાસેથી ધાર્યા કરતાં અનેક ગણું કામ લઈ શકે છે. વિશ્વયુદ્ધમાં બંને પગ કચડાયા છતાં લાકડીને ટેકે ચાલતો થએલો ફ્રેંચ સૈનિક જી. મિમૂન પાંચ વરસ પછી મૅરેથોન દોડમાં વિશ્વવિજેતા થયો હતો એ એવી 'મર્યાદાની જ મર્યાદા' બતાવે છે! તમારી બુદ્ધિ ને મારી યાદશક્તિ ગમે તેવી હોય, તમારું શરીર ને તમારો દેખાવ ગમે તેવાં હોય, તમારી પરિસ્થિતિ ને તમારા સંજોગો ગમે તેવા હોય... એમાંથી તમે એક પ્રોજ્જ્વલ વ્યક્તિત્વનું નિર્માણ કરી શકો છો.

કેવી રીતે?

માણસનું વર્તન એ પોતાની વૃત્તિઓનું સમાધાન કરવાનો, પોતાની ઇચ્છા સંતોષવાનો એક પ્રયત્ન છે: ભૂખ લાગી એટલે મોંમાં કોળિયો મૂક્યો, કુતૂહલ જાગ્યું એટલે જોવા દોડ્યો, એકલતા ખૂંચી એટલે મિત્રોનો સાથ શોધ્યો. આવી વૃત્તિઓ દરેક માણસમાં હોય છે, અને દરેક માણસ તે સંતોષવા પ્રયત્ન કરે છે. પણ ફેર છે એ પ્રયત્ન કરવાની રીતમાં જ. જંગલવાસી માનવી કોઈ પ્રાણી મારીને સીધું જ તે ભરખી જશે. સંસ્કારી માણસ ડૉક્ટરની સલાહથી ભિન્નભિન્ન પોષણ-તત્ત્વવાળી વાનગીઓ બનાવીને ભોજન કરશે. આમ, એક જ વૃત્તિનાં બે પાસાં છે અને એમાંથી બે વર્તન અને બે વ્યક્તિત્વ ઊપસે છે. માટે સૌથી પ્રથમ એવી મૂળ વૃત્તિઓ ને જરૂરતો કેવી છે. એનો સ્પષ્ટ ખયાલ આપણને હોવો જોઈએ. તેને ટૂંકમાં અવલોકીએ.

શારીરિક વૃત્તિઓ: ભૂખ અને તરસ, નિદ્રા અને આરામ, હવા અને કસરત, તડકાઠંડીથી રક્ષણ... એ તંદુરસ્ત શરીરનું અંદાજપત્ર છે. એમાં કરકસર ન કરો. દેહ એ વ્યક્તિત્વનું સૌથી મહત્ત્વનું અંગ નથી, પણ એક અંગ તો છે જ. જેમ શરીરની પૂજા ખોટી છે તેમ તેની ઉપેક્ષા પણ ખોટી છે. 'કુદરત આ બાબતમાં કેવી છે એ ખબર છે? લગભગ પઠાણના જેવી. આપેલું વસૂલ કરવામાં વાર લગાડે છે, પણ હિસાબ રાખવાનું ભૂલતી નથી. જ્યારે જુવાનીમાં શરીરની અનેક રીતે ઉપેક્ષા કરીએ છીએ, તેના ઉપર ખોટા ભાર લાદીએ છીએ, ત્યારે કુદરત હસતે મોઢે ધીર્યા કરે છે, આપણને ખબર પડવા દેતી નથી કે એક દહાડો એ આપવાનું બંધ કરીને વસૂલ કરવાનું શરૂ કરવાની છે. આખરે પઠાણની જેમ લાઠી લઇને ઠકઠક કરતી જ્યારે બારણા ઉપર ટકોરા મારવા માંડે છે, ત્યારે અચાનક આપણને ખબર પડે છે કે વ્યાજ મુદ્દલ કરતાં પણ વધી ગયું છે.' (ટાગોર)

માનસિક વૃત્તિઓ: તમારું મન અનેક પ્રશ્ન પૂછી રહ્યું છે. આ જીવન ક્યાંથી? ક્યાં? શા માટે? દુનિયા વિષે, બીજા માણસો વિષે, દેશ-પરદેશ વિષે, વિજ્ઞાન વિષે અને ઇતિહાસ વિષે વધારે ને વધારે જાણવાની તમારામાં ઇન્તેજારી છે. પ્રશ્ન ઊઠે—મનને 'તરસ' લાગે એટલે એનો જવાબ મેળવ્યા વગર, તરસ છિપાવ્યા વગર જંપ નહિ વળે. અને બુદ્ધિનો તાગ કોણ કાઢી શકે? જેમ એ વધારે જાણે તેમ વધુ ને વધુ જાણવા માગે છે. આ પ્રકારના સ્પષ્ટ ખયાલો—પોતા વિષેના, દુનિયા વિષેના, સાધ્ય સાધન વિષેના - એ દૃઢ વ્યક્તિત્વનો પાયો છે. અને મહાન નેતાઓનું એક આવશ્યક લક્ષણ નક્કી હોય, તો જ આગળ દોડી શકાય ને!

સામાજિક વૃત્તિઓ: 'સમાજમાં મારું સ્થાન છે; મારું જીવન ઉપયોગી, સલામત અને સ્વતંત્ર છે' એમ વિશ્વાસપૂર્વક કહેવાનો અધિકાર પ્રાપ્ત કરવા માણસ ઝંખે છે. ઓશિયાળું જીવન, અનિશ્ચિત જીવન, પરાધિન જીવન, નિષ્ફળ જીવન કોને ગમે! પરીક્ષામાં નંબર લાવવા રાત-દિવસ એક કરીને વાંચતો વિદ્યાર્થી, રમતગમતમાં ચંદ્રક મેળવવા રોજ કલાકો સુધી તાલીમ લેતો ખેલાડી, નોકરીમાં આગળ જવાની આશાએ વગર પગારે વધારાનો સમય કામ કરતો કારકુન... એ આ ઝંખનાના દાખલા છે. અને માણસને સમાજમાં ધકેલી મૂકનાર સૌથી પ્રબળ વૃત્તિ તો પ્રેમની જ છે. પ્રેમ કરવો અને પામવો એ માનવમાત્રની એક અદમ્ય વૃત્તિ છે, એ એક જ વૃત્તિને જુદીજુદી રીતે સંતોષવા જતાં કેવાં જુદાંજુદાં પરિણામો આવે છે તેનો એ સૌથી સ્પષ્ટ દાખલો પણ પૂરો પાડે છે. પ્રેમના પ્રતાપે માનવજાતના ઇતિહાસનાં સૌથી ઉજ્જ્વળ પાનાં લખાયાં છે; અને પ્રેમને નામે સૌથી મલિન વ્યવહાર પણ દુનિયામાં ચાલ્યો છે. બાપ-દીકરા, મિત્ર-મિત્ર, પતિપત્ની એ ત્રણે સંબંધો સફળ બનાવવામાં વ્યક્તિત્વની ખરી કસોટી હોય છે.

આધ્યાત્મિક વૃત્તિઓ: માનવજીવનના અમુક પ્રશ્નો એવા છે કે ફક્ત બુદ્ધિથી ઉકેલાતા નથી. જીવનનો અર્થ, દુઃખનો પ્રશ્ન, મરણની સમસ્યા, ત્યાગવૃત્તિ વગેરે પ્રશ્નો એવા છે. ખરેખર સંપૂર્ણ વિશ્વદર્શન મેળવવા અને જીવનમાં ગમે તેવા પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ આગળ જવાની હિંમત બાંધવા આધ્યાત્મિક શ્રદ્ધા આવશ્યક છે. આપણા હૃદયમાં એવી ભાવના ઘર કરી બેઠી છે કે આ દુનિયાની પાછળ એક મંગળ શક્તિ છે: તેના વિશ્વાસમાં આપણી ખરી સલામતી છે, તેના હાથે આપણો ન્યાય તોળાવાનો છે, તેની પ્રેરણાથી ગમે તે ભોગ આપવા આપણે તૈયાર થઇએ છીએ. સમતોલ વ્યક્તિત્વમાં આ સહજ વૃત્તિનો સમાવેશ ને તેના વિવેકપૂર્વકનો સંતોષ પણ થવો જોઇએ.

આમ, માનવીની જરૂરિયાતો ઓછી નથી. શરીર, મન અને હૃદય, દરેક પોતપોતાનો હિસ્સો માગે છે અને કોઈ વખત એવી જુદીજુદી વૃત્તિઓ પરસ્પર વિરોધી પણ બને છે. મનની વિરુદ્ધ શરીર કે બુદ્ધિની વિરુદ્ધ લાગણી શું બળવો નથી પોકારતાં? માટે એ બધી વૃત્તિઓનું સંકલન કરીને દરેકનો યોગ્ય વિકાસ સાધવાની જરૂર છે. એ કામ વ્યક્તિનું જ છે, અને એ કામ કરીકરીને એ (અનુસંધાન પૃ. ૪૫૭મે)

આજન્મ અભિનેતા, વિલક્ષણ દિગ્દર્શક, કાવ્ય, સંગીત તથા નર્તનના જ્ઞાતા, ઉદારદિલ સજ્જન અને વેદાંતિક

ગરવા ગુજરાતી

અમૃત કેશવ નાયક



બ્લૉક : 'નવચેતન'ના સૌજન્યથી

આજથી અર્ધી સદી પૂર્વે 'અમૃત' એવા લાડકા મથી સંબોધાએલ નાટ્યકલાકાર અમૃત કેશવ નાયકનું નામ અજોડ દિગ્દર્શક તરીકે અદ્યાપિ પ્રસિદ્ધ છે. તેઓ સર્વદેશી અભિનેતા, કવિ, સંગીતકાર, સાહિત્યકાર, લેખક અને સ્વરાજ્યવાદી હોવાથી તેમનામાં કળા, સાહિત્ય અને રાષ્ટ્રભાવનાનો વિપુલ સુમેળ સધાયો હતો. અમૃતની નાટ્યજગતની કારકિર્દીને એક વિશિષ્ટ યુગ સાથે સરખાવી શકાય. અમૃત એટલે ભારતીય નાટ્યકળા અને રંગભૂમિને ગુજરાતની મોટી દેણ.

અમૃતનો જન્મ ઈ. સ. ૧૮૭૭માં ગુજરાતમાં નાટક માટે પંકાએલી નાયક જ્ઞાતિમાં થયો હતો. તેમનો વિદ્યાભ્યાસ માત્ર ચાર ધોરણ ગુજરાતી અને બે ધોરણ ઉર્દૂ પૂરતો હતો. ચાર વર્ષની ઉંમરે એમની અંદર રહેલ મહાન કલાકારને બહાર નીકળવાની તક મળી. આલફ્રેડ નાટક મંડળીના માલિક કાવસજી પાલનજી ખટાઉ તથા તેના દિગ્દર્શક સોરાબજી ઓગરાએ આ અનેકવિધ પ્રતિભાને પારખી અને ઊંચકી લીધી. અમૃતે માસિક ચાલીસ રૂપિયાના પગારે સને ૧૮૮૮માં એટલે અગિયાર વર્ષની વયે પોતાનું નટજીવન શરૂ કર્યું. 'બીમારે બુલબુલ' અને 'ગામડેની ગોરી' નાટકોમાં પોતાની સમવયસ્ક પરંતુ કઠિન ભૂમિકાઓમાં મુંબાઇમાં તેમણે દેખાવ દીધો અને પ્રેક્ષકોએ તેમને ઊગતા અને પ્રતિભાશાળી અભિનેતા તરીકે વધાવી લીધા.

સને ૧૮૯૨માં આલફ્રેડ નાટક મંડળીનું વિભાજન થયું. તેમાંથી 'નવી આલફ્રેડ નાટક મંડળી'ના નામે જુદી સંસ્થા સોરાબજી ઓગરાની સરદારી નીચે સ્થપાઈ અને ઓગરાએ અમૃતને માસિક રૂપિયા એંસીના પગારથી મદદનીશ દિગ્દર્શક તરીકે પોતાની સાથે રાખ્યા. પંદર વર્ષની ઉમ્મરે કોઈ પણ નટ દિગ્દર્શક થઈ શકે તેનો આ પહેલો દાખલો છે. અમૃતે 'અલાઉદ્દીન' નાટકનું સ્વતંત્ર રીતે દિગ્દર્શન કર્યું અને તેમાં નાયકની ભૂમિકા પણ સફળતાથી ભજવી.

અભિનય અને દિગ્દર્શનના બેવડા કામમાં રોકાએલા રહેવા છતાં અમૃતે ગુજરાતી, ઉર્દૂ, હિંદી, અંગ્રેજી ઈત્યાદિ ભાષાઓ અને સાહિત્યનો પણ અભ્યાસ ચાલુ રાખ્યો હતો, અને તેના પરિણામે તેઓ તરુણ વયમાં એકીસાથે ચિંતક, લેખક, નવલકથાકાર, સંગીતકાર અને કવિ તરીકે પ્રકાશમાં આવ્યા. નાટકનાં ગીતો ઉર્દૂ, હિંદી, વ્રજ અને કોઇ વાર ગુજરાતીમાં રચવાની શરૂઆત તેમણે અઢાર વર્ષની ઉંમરે કરી હતી.

સને ૧૮૯૮નો સમય આવ્યો. કાવસજી પાલનજી ખટાઉએ બંધ પડેલી જૂની આલફ્રેડ નાટક મંડળીને ફરીથી સજીવ કરવાનો નિર્ધાર કર્યો અને તેમણે અમૃતલાલને પૂર્ણ સત્તા સાથે દિગ્દર્શક તરીકે પોતાની સાથે સામિલ કર્યા. બંનેએ કોઈ અનોખી રીતે આરંભ કરવાનું ધાર્યું. અમૃતની નજર શેક્સપીઅરને રંગમંચ પર લાવવા ઉપર ઠરી. તેમણે હૅમ્લેટની પસંદગી કરી અને તેના ઉપરથી મુનશી અહસન પાસે 'ખૂને નાહક' તૈયાર કરાવ્યું અમૃતે પોતે ગરહુની ભૂમિકા ભજવી, ખટાઉ હૅમ્લેટ થતા હતા. માસ્ટર મોહનને ખૂબ તૈયાર કરીને અમૃતે ઑફેલિયાની એટલે નાયિકાની ગંભીર ભૂમિકામાં પ્રથમ વાર રજૂ કર્યા. 'ખૂને નાહકે' ધમાલ મચાવી દીધી. યુરોપિયનો પણ તે જોવા જતા હતા અને તેની પ્રશંસા કરતા હતા.

એક યુરોપિયન નાટ્યકારે ઇંગ્લંડના એક માસિકમાં 'ખૂને નાહક'નું અવલોકન કરતાં માસ્ટર મોહનની ઑફેલિયાની ભૂમિકાને સારા બર્નહાર્ટની ભૂમિકાથી ચડિયાતી ગણાવી હતી. 'હૅમ્લેટ' પછી અમૃતે 'રોમિયો અને જુલીએટ' નાટકને 'બઝમે ફાની'ના નામે રજૂ કર્યું હતું. આ રીતે શેક્સપીઅરના નાટકોને હિંદી રંગમંચ પર ઉર્દૂ ભાષામાં ઉતારવાની પરંપરાની પહેલ કરનાર અમૃત હતા. આ હિલચાલ બીજી મંડળીઓએ ઊપાડી લીધી હતી. 'મેઝર ફોર મેઝર' એટલે 'શહિદે નાઝ' કર્યા પછી અમૃતલાલ આલફ્રેડ નાટક મંડળીમાંથી છૂટા થયા અને તે જ દિવસે પારસી નાટક મંડળીના માલિકોએ તેમને બહુ આદરપૂર્વક આમંત્રણ આપીને પોતાને ત્યાં સંપૂર્ણ સત્તા સાથે દિગ્દર્શકની જગ્યા ઉપર નીમી દીધા. અમૃતભાઈએ આ મંડળીના નાટકોમાં જુદી જ ઝમક આણી હતી. સુવિખ્યાત નાટક 'ઝહરી સાપ'માં તેમણે દિગ્દર્શક અને અભિનેતા તરીકે પોતાની બધી શક્તિ ચમકાવી હતી. પરંતુ એથી વિશેષ તો એ નાટક વડે તેમણે ભારતીય તખ્તાનું સ્વરૂપ પલટી નાખ્યું હતું. 'ઝહરી સાપ' પછી 'અમૃત' નાટક અમૃતભાઇએ તૈયાર કર્યું હતું, પરંતુ એ રંગમંચ ઉપર આવે તે પહેલાં સને ૧૯૦૭ના જુલાઈ માસમાં ત્રીસ જ વર્ષની યુવાન વયે



મીઠા ઝહેર (સિમ્બેલિન)માં વફાદાર (પિસાનિયો) તરીકે

અમૃતની યાદગાર ભૂમિકાઓ : ગામરેની ગોરીમાં ઈરાની, બિમારે બુલબુલમાં પુંબા, ચતરાબકાવલીમાં તાજુલમુલ્ક, ખૂને નાહકમાં મલિકા, મારે આસ્તીનમાં અશરફ, અસીરે હર્સમાં નાસિર, મીઠા ઝહરમાં વફાદાર, મુરીદે શકમાં દાસી હમિદા અને ઝહરીસાપમાં ખલનાયકનવાબ.

સાહિત્ય ક્ષેત્રે અમૃતને ગુજરાતી ઉપરાંત ઉર્દૂ, મરાઠી, બંગાળી અને હિન્દી ભાષાનું ઘણું સારું જ્ઞાન હતું. પદ્ય રચનામાં ગઝલના પ્રકારમાં એમની શક્તિ સવિશેષ ખીલી હતી. એમની ગઝલો શુદ્ધ માપસરની, ઊંડી સૂઝ ભરી અને પદ્ધતિસરની હતી. કટાક્ષ અને વ્યંગપ્રધાન પદ્યો પણ એમણે લખેલાં. 'બૂટ અને જોડાની લડાઈ'ની દલપત રીતિની એક રમૂજી કૃતિ પણ રચેલી. 'અગર તે યાર મારો તો બધો સંસાર મારો છે'; 'મને વાંધો નથી વહાલા, હૃદયમાં ઘર કરી બેસો'; 'કદી તલવારની ધમકી કદી કર માંહી ખંજર છે'; 'ફુરકતની યાદ દાબું તો થાય ભસ્મ હૈયું' વગેરે એમની જાણીતી ગઝલોમાં દાવા-દલીલની તરકીબ અને શેઅર કહેવાના કસબ દેખાઈ આવે છે. 'બે પખીઓ અમે વનમાં ચરતાં'તાં'; 'દિલે નાદાન કો હમ સમજાએ જાયેંગે'; 'પ્યારે પરદેશ ન જાઓ'; 'સર પર ગાગર ધર કર'; 'પરદેશી સૈયાં નેહા લગાયે દુ:ખ દે ગયો' વગેરે એમનાં ગીતો પણ અતિ વિખ્યાત થએલાં. અને 'એમ. એ. બનાકે કયું મેરી મિટ્ટી ખરાબ કી' એ એમની પંક્તિને તો આજે યે કોઈ નથી ભૂલ્યું. મણિલાલ નભુભાઈ દ્વિવેદીના 'પ્રાણવિનિમય' જેવા કઠિન પુસ્તકનો સરળ ને શુદ્ધ હિન્દીમાં એમણે અનુવાદ કરેલો.

તેમનું અકાળે અવસાન થયું.

દિગ્દર્શક તરીકે અમૃત અજોડ હતા. એવા ઉલ્લેખો દેશભરમાં અત્યારે પણ થાય છે. તેમણે સ્થાપેલી દિગ્દર્શન અને અભિનયકળાની પરંપરા અદ્યાપિ કાયમ રહી છે. નાટકમાં જે બધી કળાઓનો સમન્વય થયો છે તે પ્રત્યેક કળા અમૃતે હસ્તગત કરી હતી. અમૃતલાલ શીઘ્ર કવિ હતા તથા સંગીતના પણ પૂર્ણ અભ્યાસી હતા. એટલે ઘણી વાર ઉર્દૂ, હિંદી કે વ્રજ ભાષામાં તત્કાલ ગીત રચી કાઢતા અને રાગ, તાલ અને લય પણ જાતે જ બેસાડતા.

અમૃતભાઇએ અભિનયનું ચોક્કસ અને ઉચ્ચ ધોરણ સ્થાપ્યું હતું. નાયિકાઓની ભાવનિરૂપણ પદ્ધતિ શાસ્ત્રોક્ત નાયિકાભેદ અનુસાર તેમણે સ્થાપી હતી. તેમના હાથ નીચે તાલીમ લેનાર રામલાલ નાયક એક અભિનયશાસ્ત્રી તરીકે પંકાયા હતા.

દિગ્દર્શનના ક્ષેત્રમાં નાટકને તૈયાર થતાં ગમે તેટલો સમય લાગે તેની પરવા અમૃતલાલ કરતા નહિ, કેમ કે સહેજ પણ કચાશ ન રહે એ તેમનો સિદ્ધાંત હતો. 'ઝહરી સાપ'નાં રીહર્સલોમાં તેમણે લગભગ સવા વર્ષ જેટલો સમય લીધો હતો અને આખરે એ નાટકે દેશમાં ડંકો વગાડયો હતો. રીહર્સલ અને રંગમંચના શિસ્તપાલન માટે તેઓ દૃઢનિશ્ચયી અને કડક શિક્ષક સરખા હતા. અદાકારના હિત ખાતર અને નાટકની સફળતા માટે કોઈ ઉપર મહેરબાની અથવા દયાથી પ્રેરાઈ કંઈ પણ ચલાવી લેવામાં તેઓ માનતા નહિ.

અજોડ દિગ્દર્શક અમૃતલાલ પ્રખર અને સર્વદેશી અભિનેતા હતા. કરુણ, વીર કે શૃંગારની ભૂમિકા અથવા સ્ત્રી, પુરુષ કે ખલનાયકનું પાત્ર એકસરખી દક્ષતાથી અને પોતાની મૌલિક શૈલીથી ભજવતા. કોઈપણ ભૂમિકા માટે કોઇ પણ પૂછે તેઓ તૈયાર રહેતા હતા. એક વાર ચાલુ નાટકે એક અદાકાર ગેરહાજર રહેતાં તેનું કામ પણ પોતે કર્યું હતું.

અભિનય એટલે શું? આનો જવાબ એટલે અમૃતભાઇએ ભજવેલ ભિન્નભિન્ન પ્રકારનાં પાત્રો. પોતે પોતાના પાત્રમાં તલ્લીન થઈ જતા. એટલે પ્રત્યેક પાત્રને તેના કલ્પાએલ સ્વરૂપમાં આલેખી શકતા હતા. 'ખૂને નાહક'માં ગર્ટ્રુડ, 'અસીરે હર્સ'માં નાસિર, 'મીઠા ઝહર'માં વફાદાર અને 'ઝહરી સાપ'માં ખલનાયકજલીમનવાબ. આવાં તદ્દન નિરાળાં પાત્રો એટલે એમની અભિનયકલાનાં ભિન્નભિન્ન પ્રતીકો.

અમૃતભાઈની નાટકનિર્માણની કળા મૌલિક હતી. પોતાનાં નવાં નાટકોમાં તેમણે જૂનો ચીલો શરૂઆતથી બદલવા માંડયો હતો. અને 'ઝહરી સાપ'માં તેમની નાટકનિર્માણની કળા ટોચ ઉપર પહોંચી હતી. તેમના 'અસીરે હર્સ'ની તેમની નાસિરની ભૂમિકાએ પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ વગેરે પ્રદેશોને મુગ્ધ કર્યા હતા. આ પ્રદેશોમાં આજે પણ વયોવૃદ્ધ પ્રેક્ષકો તેમને આદરથી યાદ કરે છે. કેટલાક યુરોપીઅન સમાલોચકોએ પણ તેમની કલાની મુક્તકંઠે પ્રશંસી હતી.

જન્મ અને માતૃભાષાથી ગુજરાતી હોવા છતાં ઉર્દૂ ભાષાને નાટકના માધ્યમ તરીકે વિકસાવવા માટે અને ઉર્દૂ નાટકને તેનું ઉચ્ચ અને આખરી સ્વરૂપ આપવા માટે અમૃતભાઇએ ચિરસ્થાયી નામના મેળવી છે. ઉર્દૂ નાટ્યકારોની નામાવલીમાં અગ્રસ્થાન ભોગવતા એવા થોડા સુપ્રસિદ્ધ લેખકોનું નાટ્યકારો તરીકે ઘડતર તેમને હાથે થયું હતું. એ જ રીતે તેમણે સંખ્યાબંધ નટોને તાલીમ આપીને બાહોશ તેમજ ખ્યાતનામ અભિનેતાઓ બનાવ્યા હતા.

શાયરી અમૃતભાઇને એક વિશિષ્ટ બક્ષિશ હતી. ઉર્દૂ શાયરીના ક્ષેત્રમાં તેમનું નામ અદ્યાપિ ઝળકી રહ્યુ છે. હિંદી ઉપર તેમણે ઉર્દૂ જેટલું જ પ્રભુત્વ સંપાદિત કર્યું હતું. નાટકની ભાષા ઉર્દૂ હોય પરંતુ ગીતો શુદ્ધ હિંદીમાં રચાય એ પ્રથાનો આરંભ તેમણે કર્યો હતો. હિંદી રંગમંચના વિકાસ માટે તેઓ પ્રસંગોપાત્ત બનારસ જઈને રહેતા. સાથે થોડા તરુણ અદાકારોને લઈ જતા અને બનારસમાં બીજાઓને તાલીમ આપીને હિંદી નાટકોનું દિગ્દર્શન કરીને રંગમંચ ઉપર મુકાવતા.

અમૃતલાલ નવલકથાકાર, લેખક, કવિ અને સમાલોચક પણ હતા. ઉર્દૂ, હિંદી અને ગુજરાતી સાહિત્ય તથા કાવ્યને તેમણે કિંમતી ફાળો આપ્યો હતો. એમણે લખેલી નવલકથાઓમાં 'એમ. એ. બનાકે કયોં મેરી મિટ્ટી ખરાબ કી' ગુજરાત ઉપરાંત પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, વગેરેમાં અત્યારે પણ મશહૂર છે. સને ૧૯૦૫-'૦૬માં ગુજરાતી સામાહિકમાં 'શિવશંભુ શર્માના ચિઠ્ઠા'એ શિર્ષક નીચે પ્રકટ થએલી લેખનમાળાએ સ્વરાજ્યની ચળવળને ગુજરાતમાં ખૂબ વેગ આપ્યો હતો.

અમૃતલાલે રચેલાં ગીતો તેમની હયાતીમાં સંગીતકારોએ ગાવાં શરૂ કર્યાં હતાં. એ ગીતો પૈકી 'પરદેશી સૈંયાં' 'સરપર ગાગર ધર કર' 'કૈસી બજાઈ બાંસુરિયા' વગેરે આખા દેશમાં અત્યારે પણ ગવાય છે. 'પરદેશી સૈયાં' ગીતને તો કેટલાક ચિત્રપટોએ ખૂબ પ્રસિદ્ધ કર્યું છે. આજે ગાનારાઓ એ ગીતોના રચનારનું નામ પણ નહિ જાણતા હોય, પરંતુ અમૃતે તેમના દિલમાં તો જરૂર સ્થાન મેળવ્યું છે.

ડૉ. ડી. જી. વ્યાસ

('આકાશવાણી'-અમદાવાદ-વડોદરાના સૌજન્યથી)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળ

આત્મકથાનક-૪૩



તારકર માસ્તર

૧૯૯ ગજુભાઈ પાઠકનો વિકાસ

આ વખતે મનહર બિલ્ડિંગમાં મારી સગવડ બને તેવું દેખાયું નહિ એટલે મેં ભાવનગરમાંના અમારા ડહેલાના વણિક-કુટુંબનાં મણિફોઈ, જે ઝવેરી બજારની એક ગલીમાં રહેતાં હતાં તેમની પાસે જઈ મારી મુસીબત જણાવી. તેમનો ઘરનો જ માળો હતો. તેમના મોટા પુત્ર હીરાલાલ અને તેના કાકા પેઢી સાચવતા. હીરાલાલથી ઘણાં નાનાં ભાઈબેન લલી, કાળુ ને બિંદુ હતાં. મણિફોઈએ મને હેતથી આવકાર્યો અને પેઢીમાં ઘણી જગ્યા હતી ત્યાં આવી રહેવા આગ્રહથી કહ્યું. એક ભાઈદાસ કરીને જુવાન પણ મારી પેઠે પેઢીમાં સૂતાબેસતા અને બીજે કંઈક નોકરી કરતા. રાત્રે અમે બે જ જણ પેઢીના ખંડમાં રહેતા.

મુકામની ગોઠવણ થઈ ગઈ (જમવાનું તો છીપી ચાલીની વીશીમાં હતું જ) એટલે મેં પ્રથમ ગજુભાઈનો સંપર્ક સાધ્યો. તે વખતે તેમના મોટા ભાઈ રામનારાયણ પાઠકે ગ્રાન્ટ રોડ પર પાર્વતી મૅન્શનમાં જગ્યા મેળવી હતી ત્યાં હું ગજુભાઈને મળ્યો. આર્કિટેક્ચરના અભ્યાસથી તેમના વિચારો અને કાર્યમાં વ્યવસ્થા તથા તેજસ્વિતા આવ્યાં હતાં. આર્કિટેક્ચરના સિદ્ધાંતો અને ઇતિહાસમાં તેમને જીવંત રસ પેદા થયો હતો. ચિત્રકળાના વિષયે એ રીતે તેમની સાથે ઊભા રહેવા મારી પાસે કશું જ નહોતું, પણ મારા પ્રતિ તે ઘણી લાગણી બતાવતા અને મને હિંમત આપતા. સાધારણરીતે સ્કૂલ ઑવ આર્ટમાં આર્કિટેક્ચરના વિદ્યાર્થીઓ આગળ ચિત્ર-શિલ્પના વિદ્યાર્થીઓ નાનમ અનુભવતા, પણ ગજુભાઈ સાથે મને એવું ન લાગતું. બલ્કે તેમની વિચારસરણી હું પકડી લેતો. અમને બંનેને કળા વિષે દેશમાં કશું સાહિત્ય નથી તેમજ તેની વાતચીત કરવા પૂરતા શબ્દો સુદ્ધાં નથી તેનું દુઃખ થતું. આર્કિટેક્ચર માટે ભાષાનો શબ્દ 'સ્થાપત્ય' હતો અને તેનો પ્રયોગ ચાલુ કરવાનો આગ્રહ ગજુભાઈનો પહેલો હતો.

હું તેમને મળ્યો ત્યારે તેમણે પહેલા ખબર તો એ આપ્યા કે મને થર્ડ ગ્રેડની પરીક્ષામાં ઈનામ મળ્યું હતું અને ઈનામમાં મળેલી પેટી તેમણે મારા વતી સ્કૂલમાંથી ઘેર આણી રાખી હતી. ઇંગ્લંડની જાણીતી રીવ્ઝ કંપનીની આ પેટીમાં રંગ અને પીછીઓ ઊંચા પ્રકારનાં હતાં. એવાં સાહિત્યને મેં જોયાં પણ નહોતાં અને તે વાપરવાનું હું શીખ્યો પણ નહોતો. તે પછી બે વર્ષ બાદ હું એ પેટીનો ઉપયોગ સાર્થ કરી શક્યો. ગજુભાઈએ પોતાના કામ વિષે ઘણી વાતો કરી. બીજું વર્ષ પૂરું થાય એટલે કોઈ ઑફિસમાં તેમને ડ્રાફ્ટ્સમૅનની નોકરી મળવાની શક્યતા હતી. એ વખતે આર્કિટેક્ટ્સની નવી જ તાલીમ શરૂ થઈ હોવાથી તેના વર્ગો સવારના જ ચાલતા, જેથી બપોરના ભાગે વિદ્યાર્થીઓ ઑફિસમાં નોકરી કરી શકતા. આથી ગજુભાઈનો અને મારો મળવાનો મેળ બીજી કોઈ રીતે ખાય તેમ નહોતું. તેમને નોકરી કરવાની પણ જરૂર હતી. તેમના પિતા વિશ્વનાથભાઈ નિવૃત્ત થઈ ભાવનગર જઈ રહ્યા હતા. મોટા ભાઈ રામનારાયણ પાઠક વકાલતનો અભ્યાસ કરતા અને એક હાઈસ્કૂલમાં શિક્ષક પણ હતા; ઉપરાંત પોતાનાં પત્ની અને લઘુબંધુ વાલુભાઈ (પ્રાણજીવન પાઠક)ને કૉલેજનો અભ્યાસ કરાવતા હતા. વાલુભાઈ માટે ગજુભાઈ બહુ જ અહોભાવ બતાવતા. કહેતા કે જુઓ એ કેટલાં ઊંચાં પુસ્તકો વાંચે છે ને કેવા સિદ્ધાન્તો બોલે છે. તે વખતે તેમના ટેબલ પર નિત્શેનું ફિલસૂફીનું પુસ્તક હતું. અર્વાચીન નાસ્તિકતાનો પ્રબળ પ્રચારક નિત્શે વાલુભાઈનું પ્રિય પાત્ર હતો. તે વખતે પણ તે બોલવામાં પ્રાચીનો, પૂર્વજો અને પરંપરાઓ સામે બળવો કરવાનો ઠાઠ બતાવતા હતા.

૨૦૦ પેઇન્ટિંગ વર્ગમાં પ્રવેશ

હું કંઈક મોડો થયો હતો; પણ હિંમત કરી સ્કૂલમાં ગયો અને ફી ભરી રજિસ્ટરમાં નામ દાખલ કરાવી પેઇન્ટિંગ ક્લાસમાં પહોંચ્યો ત્યારે વર્ગનું કામ શરૂ થઈ ગયું હતું. તારકર માસ્તર વિદ્યાર્થીઓની બેઠકો પાછળ ફરતા હતા. એમની શિસ્ત આકરી હતી. તે નિયમિતપણે વર્ગમાં આવી જતા. લાંબો કાળો કોટ અને માથે સોનેરી તોરાવાળી ચકરી પાઘડી પહેરતા તથા ખભે ખેસ નાખતા. પાતળા સોટી જેવા શરીરને હમેશાં ટટ્ટાર રાખતા. તેમને કોઈએ કદી હસતા જોયા નહિ હોય. હું કાગળ-ચારકોલ લઈ એકાદ બોર્ડ શોધવા લાગ્યો. વિદ્યાર્થીઓને પહોંચી વળે એટલાં બોર્ડ સાધારણરીતે ઘણાં પડ્યાં હોય છે, પણ આગળ બેસી ગએલા વિદ્યાર્થીઓએ બબ્બે બોર્ડ પર પોતાના કાગળો ચોડી તે કબજે કરેલાં હોઈ મને એક્કે ય હાથ લાગ્યું નહિ. મને

ફાંફાં મારતો જોઈ માસ્તરે મને તાકીને પૂછ્યું: 'What are you searching? (શું શોધો છો?) મેં કહ્યું: 'બોર્ડ શોધું છું.'

'તમારું બોર્ડ છે?' 'મારે નથી.'

'તો જાઓ, તમારું બોર્ડ લઈને આવો.' હું ભોંઠો પડી ગયો. પહેલે જ દિવસે પ્રથમ પરિચયે માસ્તરનો કટાક્ષ! મારી એકલતા અને તત્કાળ નિર્ણય કરવાની જરૂર! હું ખૂબ મૂંઝાયો. ભારે હૈયે વર્ગ બહાર ગયો અને ચાલીને ધોબી તળાવ પાસે જે. વી. નવલખીને ત્યાંથી માગ્યો ભાવ આપી નવું બોર્ડ લઈ આવ્યો. તેમાં કલાક વીતી ગયો.

બોર્ડ લઈ વર્ગમાં દાખલ થઈ હું એક જગ્યાએ ગોઠવાતો હતો ત્યાં ફરી માસ્તરે ટપાર્યો: 'યુ આર લેઈટ (તમે મોડા છો). આજે વર્ગમાં બેસી નહિ શકો. કાલે વખતસર હાજર થજો.'—સાંભળીને હું તો પાણીમાં ડૂબ્યો હોઉં એમ લાગ્યું. બીજો બોલ બોલ્યા વિના હું ખરેખર અશ્રુભરી આંખે બહાર નીકળી ગયો. હું કૉલેજનો વિદ્યાર્થી હતો, અહીં સામાન્ય કોટિના વિદ્યાર્થી સમક્ષ અપમાનિત થયો! પણ હું હવે બીજું કાંઈ કરી પણ શકું નહિ. મારી ફરિયાદનાં દ્વારો બંધ હતાં. અહીં ને અહીં જીવવું કે મરવું છે એવો સંકલ્પ કરી નાખ્યો.

બીજા દિવસથી પંદર મિનિટ વહેલા હાજર થવાનો નિશ્ચય કર્યો ને તે આખું વર્ષ પાળ્યો. તારકર માસ્તરે મને ખૂબ કસોટીએ ચડાવ્યો. ચારકોલના પહેલા પાઠ તરીકે પ્લાસ્ટરનું એક તૂંબડું સફેદ કાગળ પર લટકતું હતું તે કરવા કહ્યું. મેં જરાક નાનું પ્રમાણ લીધું અને બે કલાક કામ કર્યું, ત્યાં માસ્તર આવ્યા અને મારો રૂમાલ લઈ ઝાપટી નાખ્યું! આ ઝાપટવાનું કપડું કાલથી જુદું રાખવું એમ મેં ઘેડ બાંધી. 'ડૂ ઈટ અગેઈન, સેઈમ સાઈઝ (ખુદ માપનું ફરી કરો.)'

ચારકોલના શેઈડ હાથથી ઘસી મેં તૈયાર કર્યા એટલે તેમણે વળી તે ચિત્ર ઝાપટી નાખ્યું અને પછી જાતે મારી જગ્યા પર બેસી, ચારકોલને ચપ્પુથી અણીદાર કરી, લીટા મારીને સરખા સપાટ ટોન પર છાયા મેળવી; આકૃતિ ઉપર હાઈ લાઈટ (પ્રકાશબિન્દુ) કોરું રાખી, ચારકોલથી રેખાઓ મારીને ચડ-ઊતર છાયાઓનો ઉઠાવ આપ્યો; અને છેવટે તે બધું ઝાપટી નાખ્યું! 'હવે આ જ રીતે તમારું કામ પોતાની મેળે કરો.' તે દિવસ પછી ફરી વાર કદી જ તારકર માસ્તરને આ પદ્ધતિ માટે મને કંઈ કહેવા મળ્યું નહિ.

ચારકોલના પાઠો બરાબર થાય ત્યારે તેમની સંમતિ લઈને તેને પાકા (ફિક્સ) કરવા માટે રૂમી મસ્તકીને સ્પિરિટમાં પલાળેલી રાખતા. તે એક ફૂંકણી વતી ચિત્ર પર છાંટવાથી સ્પિરિટ ઊડી જતો અને ગુંદરનું અસ્તર ત્યાં લાગી જતું. મારો પહેલો પાઠ એક અઠવાડિયે આમ 'ફિક્સ' થયો હતો. કેટલાક તો મહિને પણ કરી શકયા નહોતા. બે–વરસિયા એક બે વિદ્યાર્થીઓ અને એકબે નવીનોની ટોળી જુદી પડીને આગળ ને આગળ પાઠ લેતી ચાલતી.

રંગકામમાં હું સાવ નવો. મેં પેટીના તૈયાર રંગો કદી વાપર્યા નહોતા. અહીં આખા કાગળ પર મોટા હાથ મારી પૃષ્ઠભૂમિ બનાવવી અને પદાર્થોના વિવિધ રંગોને સમાન પ્રકાશ છાયામાં ઉઠાવ આપવો એ ખરી તાલીમનું કામ હતું. પણ તારકર માસ્તરની શિસ્તને આધીન બની મેં એ કામમાં આખરે વશ મેળવ્યો અને ટર્મ પૂરી થતાં સુધીમાં દસમાંથી આઠ કે નવ માર્કના આંકડા તેમની પાસેથી પડાવ્યા!

આ સમય દરમિયાન સ્કૂલ ઑવ આર્ટનું વાતાવરણ સમજાતું ગયું. પ્રિન્સિપલ સિસિલ એલ. બર્ન્સ સાહેબ અને વાઈસ પ્રિન્સિપલ રૉબોથામ વચ્ચે ખટરાગ થયો હતો. રૉબોથામ સ્કૉટલૅંડના ખરેખરા ઍકૅડેમિશિયન હતા ને તે બધા વર્ગોમાં ફરીને કામ કરી બતાવતા. પણ બર્ન્સ સાથે ચડભડ થતાં તે લાંબી રજા પર જતા રહ્યા હતા. તેના વખતમાં વિષય પ્રમાણે શિક્ષકો દરેક વર્ગમાં બદલાતા હતા, તેને બદલે આ વર્ષથી દરેક વર્ગ દીઠ શિક્ષકોની પૂરા વર્ષ માટે નિમણૂક કરી હતી. આથી બીજા શિક્ષકોનો પરિચય અને તાલીમનો લાભ અમને મળતો નહિ. તારકર માસ્તરથી વિદ્યાર્થીઓ કાયર બનતા, થાકતા. ધુરંધર માસ્તર વાતો લડાવી હસાવતા. અગાસકર ભલા તથા શાંત સ્વભાવના હતા અને વિદ્યાર્થીઓને બધી જાતનાં કામ કરી બતાવતા તેથી ગમતા. પણ તારકર માસ્તરની શિસ્તમાંથી જે પાર નીકળતો તેનામાં વ્યવસ્થા, ચોકસાઈ અને પ્રમાણનો આગ્રહ જળવાતો.

રૉબોથામ રજા પર ગયા ત્યારે ફર્નનામના એક યુરોપિયનને બર્ન્સ સાહેબે ચડાવીને પૉટરી (વાસણ) વિભાગનો અધ્યક્ષ બનાવી દીધેલો, તેને વાઈસ પ્રિન્સિપલ ઠસાવી દીધો હતો. તેને ચિત્રકામ જરા યે આવડતું નહિ, પણ દંભ રાખી વર્ગમાં આંટા મારતો.

૨૦૧ એક નવી કૌટુંબિક હવા

મણિફોઈ અને છોકરાં એકલવાયાં લાગતાં. રાત્રે પુરુષો બહાર જતા અને મોડા આવતા ત્યારે હું તેમની પાસે જઈ બેસતો. નાનાં છોકરાં તો એટલાં મીઠાં હતાં કે હું તેમની સાથે જલદી ભળી ગયો અને તેમના માટે વાર્તાઓ વાંચી મોઢેથી કહેવા લાગ્યો. એ થોડા દિનની બાળકોની સોબતમાં મને બાળકોની વાર્તાઓ તૈયાર કરવાની રઢ લાગી. તે માટે ગ્રિમ, હૅન્સ ઍન્ડરસન વગેરેની પરીકથાઓની ચોપડીઓ વાંચી નાખી તે પરથી મને સમજાયું કે બધા દેશોની લોકકથામાં એક જ પ્રકારનું માનવ-હૃદય ધબકે છે. માત્ર દેશ પ્રમાણે રીતરિવાજો અને માન્યતાઓ અનુસાર પ્રસંગોના આકાર બદલાય છે. બીજું મોટું સત્ય તો એ જણાયું કે વાર્તા કહેવી એ પણ એક પ્રકારનું માનસિક ચિત્રકામ છે. જે વાત કહેતા હોઇએ તે વાત (અનુસંધાન પૃ. ૪૫૫મે)



સદા સ્મરણીય
રાજરત્ન
રાષ્ટ્રસેવક અને
ઉદ્યોગનિર્માતા

રામજીભાઈ કામાણીને ભાવાંજલિ



૧૯૨૦-૨૧ના પ્રવાસ વેળાની એક સમૂહછબિ. દાદર પર છેક ઉપર પાઘડીવાળા રામજીભાઈ, ખેસવાળા મોતીભાઈ અમીન, એમની નીચે મણિભાઈ, વચ્ચે રવિશંકર રાવળ અને છોટુભાઈ. હાથમાં કૅમેરા સાથે તે મહેન્દ્રભાઈ પટેલ ને નીચે અદબ ભીડેલા તે નારણભાઈ. ઉપર બારીમાં જીવણભાઈનાં પત્ની ચંદાબેન.

૧૯૨૦ના એપ્રિલમાં કવિવર ટાગોરે અમદાવાદમાં પધારી સાહિત્ય પરિષદમાં મુખ્ય અતિથિ બની ગુજરાતને નવવસંતનો સંદેશો આપ્યો. તે સમયે પરિષદ તરફથી એક કલાપ્રદર્શન યોજવાનું મને સોંપાયું હતું. સ્વ. ડૉ. હરિપ્રસાદના સહકારથી એ પ્રદર્શનમાં ગુજરાતની ગૃહસ્થાઈની તળપદ કલાવસ્તુઓ દીવી, સાંકળો, ડાભડાઓ તથા કાષ્ઠશિલ્પનો એક અનેરો સંગ્રહ થઈ શક્યો હતો. ચિત્રકળામાં માત્ર પ્રારંભ થયો હતો પણ કેટલાક પ્રાચીન ચિત્રિત ગ્રંથો અને ગ્રંથાવરણો ત્યાં મુકાયાં હતાં. આ બધાં જ ગુરુદેવ ટાગોરે ખૂબ જ રસપૂર્વક જોયાં અને અમદાવાદના શિક્ષિતજનોને આશ્વાસન મળ્યું કે સાહિત્ય પરિષદના સંગમાં શોભે એવું એક કળા-વસ્તુઓનું સંસ્કારદર્શન પ્રાપ્ત થયું.

આ પ્રદર્શન-પ્રવૃત્તિને નવીનતા અને નમૂના રૂપ બનાવવા લગભગ બે માસ સુધી મેં ધંધો અને ઘરની ચિન્તા કે સગવડો વિસારે પાડી હતી. પરિણામે હું એક લાંબી માંદગીમાં પટકાયો અને એક માસ ભાવનગર જઈ પિતાશ્રીની છાયામાં રાહત મેળવી ફરી અમદાવાદ આવ્યો, પણ જીવનની કોઈ દિશા ઊઘડતી દેખાઈ નહિ. અમદાવાદના શુષ્ક વાતાવરણમાં થોડી ગુંગળામણ અનુભવી એવામાં મને અમરેલીથી એક અજાણ્યા ગૃહસ્થનો અણચિંતવ્યો પત્ર મળ્યો. તેનો સાર કંઈક આવો હતો:

'સાંભળ્યું છે કે તમે મોટી માંદગીમાંથી ઊઠયા છો. ગુજરાતના કલાકારને આરામ ને નવી પ્રેરણા મળે એ માટે અમારું આમંત્રણ છે કે અમે ચરોતરના કાર્યકર્તા શ્રી મોતીભાઈ અમીન અને તેમના સાથીઓને કલકત્તા અને સંસ્કારધામ શાંતિનિકેતનનાં દર્શન કરાવવા અમદાવાદ થઈ......તારીખોએ નીકળીશું; તો તમે બીજી કશી ચિન્તા કર્યા વિના......તારીખે અમદાવાદ સ્ટેશને અમારી સાથે જોડાઈ જશો. (સહી) રામજી હંસરાજ.'

નજરે નહિ જોએલા આ ગૃહસ્થના પત્રમાં નરી સરળતા અને ભાવનાનું દર્શન કરી હું કૃતાર્થ થયો કે ગુજરાતના કલાકારની ખબર રાખનાર કોઈ કોઈ વ્યક્તિ છે ખરી! આને ઈશ્વરી સંકેત માની હું ઠરાવેલી તારીખે સવારે અમદાવાદના સ્ટેશન પર હાજર થયો. વીરમગામથી આવેલી ગાડીમાંથી કોઇએ મારી તરફ હાથ કર્યો અને હું થર્ડ કલાસના તે ડબા આગળ પહોંચી ગયો. 'પહોંચી ગયા ખરા?' એમ ઉમળકાથી હસતા કાઠિયાવાડી ફેંટા તથા કેડિયાવાળા મારાથી પાંચ-સાત વર્ષ મોટા મુછાળા ગૃહસ્થે મારો બિસ્તર-પેટી ડબામાં મુકાવી દીધાં. જૂનો સ્નેહી હોઉં એમ થોડી જ વારમાં તેમણે પોતાનો બનાવી લીધો. કવિ નાનાલાલ અને પઢિયારજી વગેરેની વાતો કાઢી. આણંદના સ્ટેશન પર મોતીભાઈ અમીન ચારપાંચ સાથીઓ સાથે હાજર હતા.

બધાયને થઈ ક્લાસના ખાનામાં સમાવી લીધા. મોતીભાઇએ તો રામજીભાઇની પાસે જ બેઠક રાખી અને લાયબ્રેરીઓનાં કામો, છાત્રાલયોની વ્યવસ્થા, સમાજ-સુધારાની નવી નવી યોજનાઓ વિચારવા માંડી. એક જુવાન ગ્રેજ્યુએટ તેમના અંગત મંત્રી તરીકે સતત નોંધ કરતો જતો હતો. એ ભાવભક્ત તરુણનું નામ છોટુભાઈ હતું. મોતીભાઈ જરા નવરા પડે ત્યારે ચાલુ વાચનનું એકાદ પુસ્તક ઉપાડી તેમના ભારે કાચના ચશ્મા નજીક લાવી વાંચતા હોય, પણ તરત તેમાંનો કોઈ વિચાર કે ભાવના હોય તેની ચર્ચા ઉપાડે.

તેમના સાથીમાં નારના એક બે વેપારી, એકાદ બે શ્રીમંતના નબીરા તેમનાં માબાપે મોતીભાઈના સત્સંગ ખાતર સાથે સોંઢાડયા હતા. તેમના ઉદ્દેશો નિરાળા હતા. જુવાનોને પ્રવાસનો શોખ માણવો હતો. પ્રૌઢોને કલકત્તા-બનારસનો વેપાર જોવો હતો. વડોદરાથી આર્ય સુધારક પ્રેસના સંચાલક દાઢીવાળા યુવાન મણિભાઈ જોડાયા હતા. તેમને કંઈક સાહિત્ય અને દેશભક્તિની વાતોમાં રસ હતો. આર્યસમાજી સંસ્કારોથી તેમનામાં ખડતલપણું અને પોતાની સગવડ સંભાળી લેવાની આદત હતી. આ બધાની વચ્ચે વિચારો અને ભાવનાનો સૂર ગુંજતો રાખવાની ધૂન એકલા મોતીભાઇની હતી. મારો અને તેમનો નિકટનો પરિચય આ પહેલી જ વારનો હતો, એટલે હું એમની સાથે ઊંડી વાતમાં કે દલીલમાં ઊતરતો નહોતો. તેમનો મેં અભ્યાસ જ કર્યો. મને એમ લાગ્યું કે મોતીભાઈ તેમના સમાજમાં એટલા આગળ પડતા થયા હતા કે ચરોતરનો બુદ્ધિશાળી વર્ગ તેમની સંસ્કાર-નેતાગીરીને ખૂબ જ આદર આપતો. તેમના સંગે કેળવાએલા વિદ્યાર્થીઓ કેળવણી મંડળનાં કાર્યો ઉપાડી રહ્યા હતા. વાચન-વિદ્વત્તા અને શિક્ષણનાં ક્ષેત્રોની બહારનાં કૌશલ્ય, કળા, સંગીત વગેરે માટે તેઓ કબૂલ કરી દેતા કે તેમાં તેમણે ચંચુ-પ્રવેશ કર્યો નહોતો. જ્ઞાનપ્રચાર એ જ મુખ્ય ધર્મ તેમણે માન્યો હતો. રામજીભાઈ તો આ આખા ય સંઘની શુશ્રૂષા સંભાળતા. બધાની ઇચ્છા અને સગવડો બને તેટલી પૂરતા.

મુંબાઈમાં તો સૌએ પોતપોતાના સ્નેહીઓના ઘરોમાં ઉતારો રાખ્યો; પણ બીજે દિવસે વિક્ટોરિયા ટર્મિનસ પર રામજીભાઈ આગળથી એક ખાનું સાચવતા હાથમાં સૌની ટિકિટો રાખી રાહ જોતા ઊભા હતા. એ લાંબા પ્રવાસમાં તેમણે સ્ટેશને સ્ટેશને ચા-દૂધ કે નવાઈના નાસ્તા કરાવ્યા.

મુંબાઈ છોડયા પછી વચ્ચે જમશેદપુર તેમના ભાઇએ વસ્તુભંડાર સ્ટોર ખોલ્યો હતો ત્યાં બે દિવસ મુકામ કરી લોખંડનો પ્રચંડ ઉદ્યોગ અમે નજરોનજર જોયો. આગળ વધ્યે તેમ બંગાળનાં ગામડાં, પુકૂર (તળાવડાંઓ), વાંસનાં ઝુંડ અને કમરે ઘડા ચડાવી જતી બંગાળની બકી નારીઓ જોતાં અમને બંગાળી વાર્તાઓ સજીવ થતી લાગી.

હાવરા સ્ટેશનેથી અમારા સંઘને જીવણલાલ કું. ની બે મોટરોએ તેમની કંપનીની મેડી પરના ઉતારામાં મૂકી દીધા. ત્યારથી લગભગ એક માસે અમે વતનમાં પાછા આવ્યા ત્યાં સુધી રામજીભાઈએ અમારો સાથ છોડયો નહિ. કલકત્તાની અનેક સંસ્કારશિક્ષણ સંસ્થાઓ બતાવી. બંગાળીઓની જ્ઞાન-પ્રવૃત્તિઓ, સેવાસંસ્થાઓ, સામાજિક સંસ્થાઓનો પરિચય કરાવ્યો એથી અમને ગુજરાતમાં જણાતી ક્ષતિઓ મનમાં ઊભરાતી ચાલી. મારા માટે ગવર્નમેન્ટ સ્કૂલ ઑવ આર્ટ તેમજ અવનીબાબુના ઘરની મુલાકાત ગોઠવી. નંદબાબુ એ વખતે અવનીબાબુના અંતેવાસી શિષ્ય હતા. તેમને તેમના આવાસ પર જઈ હું મળી શક્યો. ઑરીએન્ટલ આર્ટ સોસાએટી જોઈ. કૉલેજોનાં નાટકો જોયાં, વૉલીબૉલ વૉટરપોલોની સ્પર્ધાઓ જોઈ, બગીચાઓની મિજબાનીઓ માણી.

આ પ્રવાસનું મુખ્ય લક્ષ્ય ગુરુદેવનું શાંતિનિકેતન હતું એટલે ત્યાં આફ્રિકાથી આશ્રય પામેલા નરસિંહભાઈ પટેલ મારફત સર્વ વ્યવસ્થા ગોઠવી. મોતીભાઈએ સંસ્થાના વહીવટની, રસોડાની, છાત્રવાસની ઝીણી ચર્ચાઓ કરી. ત્યારે શાંતિનિકેતનનું કલાભવન શ્રી અવનીન્દ્રનાથના બે યુવાન શિષ્યો અસિત હલધર ને સુરેન્દ્ર કાર સંભાળતા. એક નાના મકાનના માળ પર બેચાર વિદ્યાર્થીઓને તેઓ ચિત્રકાર્ય શીખવતા. નંદબાબુ તો કલકત્તામાં હતા. એ મકાનને નીચેના તળિયે દીનુબાબુના સંગીતવર્ગો ચાલતા. ચિત્રકામમાં મને વિશેષ જોવા મળ્યું નહિ, પણ શાંતિનિકેતનનું આશ્રમ-સ્વરૂપ ખૂબ કલ્પનાયુક્ત પ્રેરણાથી ભરપૂર લાગ્યું.

ગુરુદેવ બીમાર હતા, પણ શ્રી એન્ડ્રુસ બધી દેખરેખ રાખતા. ગુજરાતી વિદ્યાર્થીઓએ રસોઈ બાબત કંઈક ફરિયાદ કરી, ત્યારે એ સાધુજને રસોડામાં જઈ કોઈની થાળીમાં પડેલી રોટલી હાથમાં લીધી, એટલે કલકત્તાના ધર્મચુસ્તોના એ નબીરાઓ અપવાસ ઉપર ઊતરી ગયા અને વાલીઓમાં ખળભળાટ થયો. એ વાત જાણી પછી તો જુદા રસોડાની ગોઠવણ થઈ હતી.

રામજીભાઈ અને જીવણલાલભાઇએ 'જીવણલાલ ઍન્ડ કં. જમાવી, એ વળી ધંધાની એક પરાક્રમકથા છે. બંને જણ વાસણોની ફેરી કરતા. જે શેઠ તેમને વાસણો ધીરતા તેમની દુકાન રાત્રે બંધ રહે ત્યારે તેના પાટિયા પર રાતની દુકાન જમાવતા. એ સ્થિતિમાંથી ભારતના ભડ ઉદ્યોગપતિનું સ્થાન પ્રાપ્ત કરનારા આ બંને સાથીઓ જેમ કમાયા તેમ દેશસેવા અને સંસ્થાઓ સ્થાપવામાં પાછા પડયા નથી.

જીવણલાલભાઈએ દાર્જિલિંગમાં બ્લૉક રાખ્યો હતો, એટલે અમને સૌને હિમાલયની ટ્રેઈનમાં દાર્જિલિંગનો પ્રવાસ કરાવ્યો. હિમગિરિ કાંચનજંઘાનાં દર્શન કરાવ્યાં. પ્રવાસની અનેક રસમય વિગતો મેં લખેલી તે શ્રી ચાંપશીભાઇએ 'નવચેતન'માં મારા સ્કેચ-ફોટોગ્રાફો સાથે છાપી છે. પ્રવાસનું છેલ્લું રોકાણ બનારસ હિન્દુ કૉલેજ જોઈ લેવાનું હતું. ગાંધીજી વિદ્યાર્થીઓને સત્યાગ્રહમાં જોડાવા ભાષણ આપવા આવવાના હતા, તેના વિરોધમાં માલવિયાજીએ લાંબું ભાષણ આપેલું તે અમે સાંભળ્યું. આખરે તો ગાંધીજીનો પ્રભાવ ચડી ગયો હતો.

આ પ્રવાસે અમારા સૌના ચિત્તમાં ભારતનું નવદર્શન પ્રકટાવ્યું. મેં ગુજરાતની સરહદ બહારનો વિશાળ ભારત પહેલી જ વાર જોયો. શ્રી મોતીભાઈને પણ લાગ્યું કે પુસ્તકો ઉપરાંત નાટકો, ચિત્રો, સંગીત, સામાજિક મેળાઓ વગેરે અનેક સાંસ્કારિક કાર્યોમાં ગુજરાત પાછળ છે. બાળકો માટે સચિત્ર સુંદર માસિક એ પહેલી જરૂર છે એટલે પ્રવાસમાં જ અમે નિર્ણય લીધો કે જતાંવેંત ચરોતર કેળવણી મંડળ તરફથી 'બાલમિત્ર' શરૂ કરવું. જીવણલાલભાઈએ તેના પ્રારંભિક ખર્ચ માટે રૂ. ૪,૦૦૦ની રકમ આપી.

આમ અનેક પ્રકારે શ્રી રામજીભાઇએ ગુજરાતનું નવઘડતર કરનારા શિલ્પીઓને હાથ આપ્યો, અને જે કાર્યો થઈ શક્યાં તેમાં તેમનો યશોભાગ છે એ સ્વીકારવું જોઈએ.

જીવણલાલ કં.ની જાહોજલાલી પૂર બહારમાં આવી તે વખતે ગાંધીજીના આંદોલને કંઈકનાં હૈયાં ડોલાવ્યાં. રામજીભાઈ રહી ન શક્યા. ધંધો અભરાઈએ મૂકી તે સૌરાષ્ટ્રમાં આવી બેસી ગયા. ખેતીના પ્રયોગો, ખાદીના પ્રયોગોમાં વેપારીની ચીવટ અને નફાતોટાના ઝીણા વિચારો કરી જે જે કામ હાથમાં લીધાં તેમાં બરકત આણી બતાવી. એમનું ધારીનું કૃષિકેન્દ્ર તેમની દોરવણી અને દેખરેખ નીચે ખૂબ ફળદ્રુપ બન્યું. જાતજાતના આંબા, કેળાં અને પપૈયાંનાં પ્રયોગોથી પ્રજાને નવા ચીલા બતાવ્યા. તે સાથે તેમણે (અનુ. પૃ. ૪૪૭)

ભોજન

એક વિધિ

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શા માટે? કેવું? કેવી રીતે? કેટલું? કેટલી વાર? અને કેવા સ્થાનમાં ભોજન લેવું એની સમજણ આપતો લેખ

એકલું જીવન ટકાવવા જ નહિ, પણ શરીરની અભિવૃદ્ધિ બળ અને આરોગ્યની પ્રાપ્તિ માટે આપણે ખાઈએ છીએ. આ લાભ મેળવવા માટે ખાવાના ક્રમ ને તેની નિયમિતતા જાળવવાં જોઈએ. જેથી ખાધાની તૃપ્તિ થવા સાથે ખોરાકનું સારી રીતે પાચન અને શોષણ થઈ શરીરની પુષ્ટિ થાય.

મોટા ભાગના લોકો બે જ વાર ખાય છે. દિવસના જમણ અને રાત્રે વાળુ. મજૂરો કામદારો ને ખેડૂતો સવારના શિરામણ કરતા હોવાથી દિવસના ત્રણ ટંક ખાય છે. કામધંધાની અનુકૂળતા અને રિવાજની પડેલી ટેવના આધારે ખાવાનો ક્રમ ગોઠવાએલો છે, પણ દિવસના ત્રણ ટંક ખાવાનું લાભદાયી હોવાનો એક મત છે. આ ત્રીજો ટંક તે સવારનો નાસ્તો. આજની થાક ઉપજાવે એવી જિંદગી જીવવાની રીત અનુસાર રાતના વાળુ પછી સવારનો નાસ્તો જરૂરી છે. નહિ તો શરીર શરદી, ચેપ કે બીજી અનિષ્ટ અસરોનું વધારે ભોગ બને છે. બીજું, રાતના ભૂખ્યા પેટ પછી સવારના નાસ્તાથી કામકાજ સારું થાય છે. ભૂખ્યા પેટે થાક લાગે છે. થાકનું કારણ મહેનત ઉપરાંત ખોરાકનો અભાવ પણ છે. હા, આટલું જાળવવું કે રાતના વાળુ કર્યા પછી તરત સૂઈ ન જવું, પણ પૂરતો સમય જવા દેવો.

બે ભોજન વચ્ચેનો ગાળો લાંબો રહેવો ન જોઈએ. અનુમાનવામાં આવ્યું છે કે યુરોપીય આહારનું પચન થતાં ચારથી પાંચ કલાક વીતે છે, જ્યારે ભારતીય આહાર સાતથી આઠ કલાકમાં પચે છે. આહારની જાત પ્રમાણે આમાં ફેરફાર રહે છે. ડૉ. ઘોષનું કહેવું છે કે યુવાવસ્થામાં જ્યારે પાચનક્રિયા જલદ અને ઝડપી હોય છે ત્યારે તરુણાવસ્થા કરતાં બે ખાણા વચ્ચેનો ગાળો ટૂંકો હોવો જોઈએ. 'જ્યારે ભૂખ લાગે ત્યારે જમવાનો સમય સમજવાનું' ભાવમિશ્રનું કથન છે. વળી હૅગાર્ડ અને ગ્રીનબર્ગનો એક અખતરો કહે છે કે ખોરાકનો કુલ જથ્થો દર ત્રણ કલાકે – એટલે પાંચ ટંક જમીને લેવાથી મજૂરોનું કામનું ઉત્પાદન પંદર ટકા વધ્યું છે!

જગતભરમાં વૈદકવિજ્ઞાનનાં પ્રથમ ઊંડાણ ખેડનારા આયુર્વેદાચાર્યોએ આહાર વિષે પણ પુષ્કળ વિચાર્યું છે. ભોજનના સમય વિષે લખતાં મહર્ષિ સુશ્રુત કહે છે કે **बुभुक्षितोऽन्नमश्नीयात्॥** (સૂત્રસ્થાન ૪૬ : ૨૩૮) અગાઉનું કરેલું ભોજન પચી જાય ત્યારે ભૂખનો ઉદય થાય છે. ભારતીય વૈદકના પિતા મહર્ષિ ચરકનો પણ આદેશ છે **जीर्णेऽश्नीयत्॥** (વિમાનસ્થાન ૧ : ૩૪) 'અગાઉ કરેલું ભોજન પચી ગયા બાદ ખાવું.' બીજી રીતે કહીએ તો 'ભૂખ એ જ ભોજનનો સમય' છે. મહર્ષિ સુશ્રુતે તો વળી ઋતુ અનુસાર ભોજનના વિવિધ સમય આલેખ્યા છે; પણ સામાન્ય રીતે સવારે સવા પહોર દિવસ ચડ્યા બાદ અને સાડા ત્રણ પહોર દિવસ વીત્યા બાદ સાંજના ખાવાનું કહેલું છે. 'મનુષ્યોએ સવારે ને સાંજે જમવાની વેદની આજ્ઞા હોવાનું' કહી ભાવમિશ્ર વધારામાં સૂચવે છે, 'આ બે વખતની વચમાં જમવું નહિ.' વેદની આજ્ઞા પ્રમાણે 'બે વખત જમવું એ અગ્નિહોત્ર જેવો વિધિ છે' મહર્ષિ સુશ્રુત પણ નિત્ય બે ટંક ભોજન કરવાનું લખે છે.

કેટલાક માણસો એક જ ટંક ભોજન કરે છે, પણ તેઓ એક ટંકમાં બે ટંકનું પતાવે છે. આના બે ગેરલાભ છે એક તો ખોરાકના વજનથી હોજરી ઉપર ભાર પડે છે અને બીજું, પાચન શોષણ ને અભિશોષણની ક્રિયાઓ માટે શરીરની પેશીઓ પહોંચી ન વળે એટલો બધો ખોરાક એક સામટો આવી પડવાથી આમાંનો થોડોક આહાર બરાબર ન પચવાથી શોષાતો ને અભિશોષાતો નથી. અને એ આંતરડાંના કહોવાણમાં વધારો કરનાર થઈ પડે છે.

સામાન્ય રીતે ભોજનનો ક્રમ ત્રણ ભાગમાં વહેંચાવો જોઈએ. સવારે નાસ્તો, બપોરે ખાણું અને સાંજે વાળુ. સવારના નાસ્તામાં ઊછરતાં બાળકો અને માંદલાઓને વૃદ્ધિ ને મરામત માટે પ્રોટીનયુક્ત ખાદ્યો આપવાનાં છે. રાતભરના ઉપવાસથી ઊપજેલી ન્યૂનતા પૂરવા માટે દિવસના પહેલા ભોજનમાં તે યોગ્યતમ પ્રમાણમાં આપવાં જોઈએ.

આહારશાસ્ત્રી હચિન્સનનું કથન છે કે, 'દિવસભરના કામકાજ પછી દિવસનું મુખ્ય ખાણું લેવું જોઈએ અગર તો થોડો આરામ મળી શકતો હોય તો તે બપોર પછી હોવું જોઈએ'.

વધારામાં ભોજનનો સમય થયા પહેલાં ને તે વીતી ગયા બાદ નહિ જમવાના આદેશ–નિષેધો કહેલા છે. જમવાના નિયત સમય કરતાં મોડું જમવાથી 'ખાધેલું માંડ પચે છે અને ફરી વાર જમવાની ઇચ્છા થતી નથી' (ભાવમિશ્ર).

મતલબ કે રોજ નિયમિત સમયે જમવાનો આગ્રહ રાખવો. આનું મોટું મહત્ત્વ છે. ભૂખની સંવેદના પણ ઘડિયાળના ટકોરાની જેમ નિયમિતતાથી ઊપડતી હોય છે. જો તે સમયે ખાવામાં ન આવે તો ખાવાની રુચિ નાશ પામે છે. કામધંધા કે બીજાં કારણોસર મોડા કે વહેલા, થોડું કે વધારે ખાનારની પાચનક્રિયા બગડ્યા વગર રહેતી નથી. અને બગડેલી પાચનક્રિયા આરોગ્યનો હ્રાસ આણનારી છે. જમવાની નિયમિતતાનું મહત્ત્વ ને અગત્ય સમજાવતાં આયુર્વેદનાં બે સૂત્રો ધ્યાનાર્હ છે. **शतम् विहाय भोक्तव्ययम्॥** સો કામ પડતાં મૂકીને પણ જમી લેવું અને **कालभोजनम् आरोग्य कराणाम्** સમયસરનું ભોજન આરોગ્યદાતા છે.

જમવાનું સ્થળ ચોખ્ખું સ્વચ્છ અને શાંત જોઈએ. મહર્ષિ સુશ્રુતે જમવા માટે 'એકાંત, રમણીય. સુગંધી પુષ્પોની રચનાવાળા, સપાટ, રજ ન પડે એવા શુભ ને પવિત્ર સ્થાન'નો ઉલ્લેખ કર્યો છે. મહર્ષિ ચરકે પણ **इष्टेदेशेऽश्नीयात्** મનને અનુકૂળ સ્થાન ઉપર ખાવાનો આદેશ કરેલો છે. ખાવાના સ્થાનની સ્વચ્છતા અત્યંતાવશ્યક છે; બાકી અસ્વચ્છ સ્થાનને લીધે ઊડી આવતી માખોના સંસ્પર્શથી દૂષિત બનેલાં ખોરાક તથા પાણી રોગ થવાના કારણભૂત બને છે. વળી, શાંત ને રમણીય સ્થાનમાં થએલું ભોજન તૃપ્તિદાતા નીવડવા સાથે સારી રીતે પચતું હોવાથી ગુણદાયી પણ નીવડતું હોવાનું તજ્જ્ઞોનું કથન છે.

શરીરની ગરમી જેટલું ભોજનનું ઉષ્મામાન આદર્શ લેખાય છે. ઠંડા ખોરાકથી હોજરી પૂરતી ઉત્તેજાતી નથી કે ઊના ખોરાક જેટલા એના ઉત્તેજક ગુણો નથી એટલે ઠંડો ખોરાક પચવો મુશ્કેલ થઈ પડે છે. એકદમ ઠંડા કે ગરમ ખોરાકથી હોજરીમાં ઈજા થાય છે. પુષ્કળ ઊનો ખોરાક ખાવાથી હોજરીનો સોજો કે ચાંદું થઈ આવે છે. તરસ

છીપવા માટે પાણીનું ૫૦થી ૭૦ અંશ ફેરનહાઈટ ઉષ્મામાન યથાયોગ્ય છે. બરફના અતિ ઉપયોગથી અજીર્ણ, હોજરીનો તીવ્ર ફૂલાવો વગેરે થઈ આવે છે.

ટાઢું ખાવાનું અપ્રિય લાગે છે. તાજો અને ઊનો ખોરાક સ્વાદિષ્ટ લાગે છે. એનાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થતો હોવાનું અને તે જલદી પચતો હોવાનું મહર્ષિ ચરક કહે છે. 'રંધાયા પછી ઘણી વાર સુધી પડી રહેલું કઠણ ને ટાઢું બનેલું ને ફરી વાર ઊનું કરેલું અન્ન સ્વાદિષ્ટ નથી લાગતું.' એ ખાવાની રુચિ ઉત્પન્ન થતી નથી. માટે બધાં કામ પડતાં મૂકીને જમવાનો સમય સાચવવો હિતકર છે.

પ્રાચીન આયુર્વેદાચાર્યોએ વાનીઓ જમવાના ક્રમનું આલેખન કર્યું છે. સુશ્રુત ભોજનમાં પ્રથમ મધુર રસ, મધ્યમાં ખાટા ખારા, અને ત્યાર બાદ તીખા કડવા ને કષાય રસો જમવાનું કહે છે. પાશ્ચાત્ય આહારવિધિમાં ભોજનાન્તે ફળાહાર (અને મિઠાઇ) હોય છે જ્યારે સુશ્રુત સૌ પ્રથમ દાડમ વગેરે ફળો જમવાનો, પછી પીવાના પદાર્થોનો ને ત્યાર બાદ ભોજ્ય પદાર્થોનો ક્રમ આલેખે છે. પશ્ચિમની આહારપદ્ધતિમાં સૌ પ્રથમ ક્ષુધાઉત્તેજક (એપિટાઈઝર) લેવાય છે. આપણે ત્યાં આજે તો બ્રાહ્મણો ખાવાની શરૂઆતમાં અપોષણમાં માત્ર પાણીની અંજલિ લઈ ભાત ખાવા શરૂ કરે છે, બાકી અગાઉ અપોષણમાં મરીનું પાણી (અપ=પાણી; ઉપણ=મરી) લેવાતું હોવું જોઇએ. મરીનું પાણી ક્ષુધાઉત્તેજક કેમ ન નીવડે? ભાવમિશ્ર જમવાના પ્રારંભમાં મીઠું અને આદુ ખાવાનો આદેશ આપી તેના 'અગ્નિને દીપ્ત કરનાર, રુચિ ઉપજાવનાર ને જીભ તથા કંઠને સાફ કરનાર' ગુણ ગણાવે છે. આ છે આપણું ભારતીય એપિટાઇઝર.

ભાવમિશ્ર વાનીઓ જમવાના ક્રમ આ પ્રમાણે આલેખે છે: 'પ્રથમ ઘીની સાથે કઠણ પદાર્થો પછી કોમળ પદાર્થો અને અંતે દ્રવીય પદાર્થો ખાવા. પ્રથમ શાક આદિની સાથે ઘી વાળી રોટલી ખાવી, પછી દાળ સાથે કોમળ ભાત ખાવા અને પેટ ભરાઈ રહ્યા પછી દહીં, છાશ અને દૂધ આદિ દ્રવ્ય પદાર્થો લેવાં.' તેમણે પેટમાં ભારે પડનાર વાનીઓના ચૂસવા યોગ્ય, પીવા યોગ્ય, ચાટવા યોગ્ય, જમવા યોગ્ય, ખાવા યોગ્ય અને ચાવવા યોગ્ય એવા છ વર્ગ ગણાવ્યા છે. સુશ્રુતે પણ પીવાના ચાટવાના જમવાના અને ખાવાના એવા ચાર વર્ગ ગણાવ્યા છે. આ પદાર્થો ઉત્તરોત્તર ભારે હોઈ તે તે ક્રમમાં જમવાનો બન્ને આયુર્વેદાચાર્યોનો મત છે. એમની વ્યાખ્યામાં શિખંડ 'ચાટવાના', દાળભાત આદિ 'જમવાના' અને લાડુ, માલપૂઆ આદિ 'ખાવાના' પદાર્થો છે. આજે ય કેટલેક સ્થળે મિષ્ટાન્નના જમણની અગાઉ દાળભાત ખાવાનો રિવાજ છે તેમાં આ આયુર્વેદનું પરંપરાગત જ્ઞાન જળવાઈ રહ્યાનું જોવામાં આવે છે.

શરૂઆતમાં ખાવાનો ખોરાક હોજરીના પાચક રસોને સ્રવવા ઉત્તેજે એવો હોવો જોઈએ. છએ રસ ધરાવતી આપણી દાળ રાસાયણિક ઉત્તેજક હોઈ પાચક રસોને ઉત્તેજનારી છે જ્યારે ઘી માખણ ખાંડ રાસાયણિક ઉપશામક હોઈ પાચક રસોના સ્રાવ મંદ પાડનાર છે. બરફનું પાણી અને જલદ દારૂનું પીણું પણ ઉપશામક છે. આ કારણે પણ ભોજનની શરૂઆત મિષ્ટાન્નથી નહિ કરવાના ભારતીય શિષ્ટાચારનો ખયાલ આવશે.

રોજિંદા આહારની વાનીઓમાં વિવિધતાનું મોટું મહત્ત્વ છે. શાકપાન નિતનવાં ખાવાં. ઘઉંમાંથી બનતી અનેક વાનગીઓ અવારનવાર ખાવાનો ક્રમ યોજવો. અઠવાડિયામાં તુવેરની દાળ મગ ને ચોળા વારાફરતી ખાવાં. ઉપરાંત, એક દિવસ તુવેરની દાળમાં ચણા અડદ ને મગની દાળ નાખેલી ત્રેવડી દાળ પણ ખાવી. વિવિધ વાનીઓથી રુચિ ઉત્તેજાય છે. બાકી રોજ એકધારા ખોરાકથી તો પેટ ભરવા ખાતર ખાવા જેવું થાય છે. બીજું, અવારનવાર નવા પદાર્થો ખાવાથી તેનાં પોષક દ્રવ્યોનો લાભ મળે છે. કોઈ પણ એક ખોરાકના પદાર્થમાં આરોગ્યને આવશ્યક પોષણદ્રવ્યો નથી હોતાં. અરે, બધાં આહારમૂલ્યો પૂરતા પ્રમાણમાં ધરાવતો હોય એવો દેખીતો ખોરાક પણ ઊણપભર્યો હોઈ શકે છે. એટલે ખોરાકમાં અવારનવાર નવા પદાર્થો યોજવા હિતકર છે. મહર્ષિ સુશ્રુતનું પણ કથન છે કે **'न चकरससेवायां प्रसज्येत कदाचन ॥'** (સૂત્રસ્થાન ૪૬: ૨૩૮) કદી પણ એકના એક રસનું વારંવાર સેવન એટલે કે એકની એક વાનીઓ રોજ જમવી નહિ.

થોડી વાનીઓના પુનરાવર્તનના દોષ રૂપ અનેક ન્યૂનતાઓના કારણે જોકે કોઇ મોટી કે કોઈ નાની માંદગી નથી આવી પડતી, પણ થાક કે ઉત્સાહનો અભાવ તો અનુભવાય છે. આમ જો કે ખામીભર્યા ખોરાક સાથે વધારે શ્રમ કે ચિંતાના કારણે પણ થાય છે; પરંતુ આહારની ન્યૂનતાનું પ્રથમ ચિહ્ન થાક છે. જે વ્યક્તિ ઊણપભર્યો ખોરાક ખાય છે તે જો થાકની ફરિયાદ કરે તો તે પોષણની ન્યૂનતાથી પીડાતો હોવાનું સાબિત થાય છે.

મહર્ષિ ચરકે બહુ ઉતાવળથી કે બહુ ધીમેથી ખાવાની મનાઈ કરી છે, કારણ કે બહુ ઉતાવળથી ખાવાથી ખોરાક કાંતો શ્વાસનળીમાં જવાનો ભય છે, અગર તો પૂરતો ચવાયા વિના પેટમાં ગએલો ખોરાક બરાબર પચતો નથી. બહુ ધીમેથી ખાવાથી ખાવાની તૃપ્તિ થતી ન હોવાનો એમનો મત છે. વળી, ખાતી વખતે ન બોલવું, ન હસવું, પણ ભોજનમાં મન લગાવીને ખાવાનું એમનું કહેવું છે.

ભૂખ હોય એટલું ખાવું. ભૂખ કરતાં ઓછું ખાવાથી તૃપ્તિ ન થતી હોવાનું અને વધારે ખાવાથી આળસ, ભારેપણું, પેટનો ફુગાવો ને અંગોની ગ્લાનિ થતાં હોવાનું મહર્ષિ સુશ્રુતનું કહેવું છે. વધારે ખાવાની ટેવથી પાચનક્રિયા બગડવા સાથે પચેલા ખોરાકનું શોષણ પણ બગડે છે. કલેજા અને આંતરડાંમાં બગાડો થાય છે અને મળવિસર્જન બરાબર થતું નથી. આથી 'પેટના બે ભાગ અન્નથી અને ત્રીજો ભાગ જળથી પૂરવાનો તથા ચોથો ખાલી રાખવાનો' ભાવમિશ્રનો આદેશ આપણે, ગરમપ્રદેશના રહીશોએ તો ખસૂસ પાળવો જોઇએ.

'ભૂખ હોય એટલી માત્રામાં ખાવા'ના પ્રાચીન આયુર્વેદાચાર્યોના ઉપદેશ સાથે બીજો ઉપદેશ 'એકચિત્તે જમવાનો' **तन्मना भुञ्जीत ॥** (સુશ્રુત વિમાનસ્થાન ૧ : ૩૯) છે. ઇર્ષ્યા, ભય, ક્રોધ વગેરે વેગળાં મૂકી પ્રસન્ન ચિત્ત રાખી જમવાનું છે. શરીર અને મનની એકબીજા ઉપર અસર થાય છે. બન્ને એકબીજાથી પ્રભાવિત થાય છે. ક્રોધ ભય શોક વ્યાકુળતા વગેરે મનની ક્ષુબ્ધ વૃત્તિઓથી અથવા થાક તથા અતિશ્રમથી હોજરીની ગ્રંથિઓ સંકોચ પામે છે, અને જઠરરસ બરાબર છૂટતો નથી. પરિણામે પાચનક્રિયામાં અવરોધ પ્રકટે છે. ખોરાકનાં દર્શન-સુગંધ જોઈ-સ્વીકારી લાળગ્રંથિઓ ને હોજરીની ગ્રંથિઓ સ્રવવા માંડે છે. આટલી જ પ્રબળ અસર મનના આનંદ ને પ્રસન્નતાની છે. સાચી ભૂખ સાથે ખરા આનંદથી ખાવાથી પુષ્કળ પ્રમાણમાં જઠરરસ છૂટે છે. માટે તદ્દન વિચાર-મુક્ત બનીને નિર્મળ આનંદ સાથે ખાવા બેસવું જોઇએ. ખાતી વખતે કાંઇ પણ વાચન ન કરવું જોઇએ અગર તો ગંભીર વાતો તેમજ કંટાળાભરેલા કામકાજનો વિચાર માત્ર પણ ફગાવી દેવાનાં છે. નિશ્ચિત મનથી પ્રસન્નતાપૂર્વક જો આહાર લેવાય તો સ્વાસ્થ્ય અને શક્તિ અચૂક પ્રાપ્ત થાય છે. પ્રસન્નતા એ સુખનો પર્યાય છે ને સુખ સંતોષથી જ મળે છે. રોટલા ને છાશનો ક્ષુદ્ર ખોરાક ખાનારો ગરીબ વર્ગ જે આહાર મળે તેને અમૃત (અનુ.પૃ.૪૪૫)

વૉરસો અને ત્યાંની આઈ. ટી. આઈ.ની બેઠકમાં



આઈ.ટી.આઈ.ની બેઠક નિમિત્તનું પોસ્ટકાર્ડ

રંગ-ગઠરિયાં · ૬૧

લેખક · ચન્દ્રવદન ચી. મહેતા

લાસ્કાલા જોયા પછી વિસુવિયસ જોઇ વૉરસો પહોંચતાં રસ્તે લાખલાખ વિચાર વમળાયા. એ બધા કેમ ક્યાં કઈ રીતે ટપકાવાય? ધ્યાનમાં બેસવા પ્રવૃત્ત થતાં ક્ષણેક્ષણે મન કેટલું ચંચળ બની કેટલા કુદાકડા મારે છે? એને લગામમાં લાવતાં પારાવારની હરકત પડે છે, એ લગભગ બધાંનો અનુભવ છે. પણ આ પ્રસંગે મન વિવિધ વિષયોની મોહિનીમાં મલકતું નહોતું; એક પ્રકારની વિષાદછાયામાં એકના એક વિષયમાં ઘેરાયું હતું.

અલબત્ત, વિસુવિયસ પર જવાના ચારેક હજાર ફીટના ગોઝારા પ્રવાસનો રંગગઠરિયાં સાથે–નટ નાટક નાટકશાળા સાથે કશો સંબંધ નથી. એટલે એની વિગતોમાં તો નહિ જ ઊતરીએ, પરંતુ એક માઈલ પહોળા મોંમાંથી નિર્ગળતી આગની ધૂણી, અંતરમાં સતતનો ધગધગતો અગ્નિરસ, આસપાસ વસી રહેલાં નાનાં ગામો, અગ્નિજ્વાળાઓ ભભૂકવાની નિરંતરની ભીતિ અને આ જ્વાલામુખીના વર્તન-વિકાસની જનમકાળથી આજ સુધીની નોંધપોથી, એ બધો જ એક વિશાળ નાટકના સરજતનો ઈતિહાસ તો છે જ. કંઇક રંગભૂમિઓના પરદા ઉપર ઈટાલિયન ચિતારાઓએ વિસુવિયસનાં દૃશ્યો ચીતર્યાં છે. એની આકાશમાં ઝઝૂમતી છત્તરધૂણી આલેખી છે. ઇસ્વી સનની પૂર્વે ૭૯ વર્ષો પહેલાં એણે મશહૂર શહેર પાંપીઆઇને અગનસ્નાન કરાવ્યું ત્યાર બાદ એ ફરીફરી ઊમટ્યો છે. એ બધા ઉપરથી એ ક્યારે પાછો ભભૂકશે એનો વૈજ્ઞાનિકોએ પાકો અંદાજ કાઢ્યો છે. છેલ્લો ૧૯૪૪માં ઊલટ્યો, એની નિશાનીઓ હજી ચોમેર ખડકેલી પડી છે. પણ આપણે ત્યાંની ચારેકોરથી ભરખી લેતી નીરવ શાંતિ, જિંદગીની ક્ષણભંગુરતાનો ખયાલ કરાવતું ઘેરું વાતાવરણ, ક્યાંક પથરાએલો ઠરેલો અગનરસનો કાળમીંઢ પથરાળ વિસ્તાર, સરજતની આ ભયંકર કરામત, અને એ અગન-બાદશાહના પથરાતા ઠરેલા વિસ્તરતા શાહી ઝભ્ભાના નીચાણની ઝાલર કિનારના ભાગમાં ઉગાડવામાં આવતી સારામાં સારી દ્રાક્ષની વેલીઓ, એમાંથી ઊંચા પ્રકારનો 'સાક્રીમા ક્રિસ્ટી'- જીસસના આંસુઓ નામે અત્યંત પ્રકીર્તિત અને મોંઘો એવો વાઈન, એવી જ ત્યાંની અવનવા ખાતરથી સંઘરાએલી મિટ્ટીમાંથી નીપજતાં બેનમૂન ફળફૂલો એ બધાંના સ્વાદ-સુવાસ વિષે આપણે અહીં ચર્ચામાં નહિ ઊતરીએ; પરંતુ ત્યાંથી પોલૅન્ડ જતાં, અને વૉરસો પહોંચતાં એક બાજુ હિમે છવાએલા આલ્પસનાં શિખરો, નીચે અહીં આગે ખદબદતો આ પહાડ. આ આગ ક્યારે ભભૂકી ઊઠશે એની માનવને ગણતરી છે, પણ નથી ગણતરી માનવના મગજની ગરમીની કે ક્યારે એ પોતાના હાથે પોતાના ભાઈભાંડું ઉપર જ્વાલામુખી ફટકારશે એની; પોતે બેઠો જુએ છે કે આ શહેરની હોળી કરે એવો નીરો કે નાદિરશાહ આપણી સ્મૃતિમાં ભોંકાતો રહે છે; પણ પોતે અહીં છે અને બસો-પાંચસો માઈલ દૂર જાઓ અને શહેરને ભસ્મીભૂત કરો એવો હુકમ આપનારો હીટલર તો આપણી નજર સન્મુખ છે. એનો એ હુકમ આજે મ્યૂઝિયમમાં સંઘરાયો છે: 'જાઓ; ધરતીના નકશા ઉપર વૉરસોનું નામનિશાન ન રહેવું જોઈએ' એ વિસુવિયસની અગનભૂખ કરતાં શું ઓછો હતો જે! એક મધરાતે સેંકડો ઍરોપ્લેનોએ જઈને ૧૯૩૯માં એ શહેરના છાપરેછાપરા, મજલેમજલા, અટારી, ઘર, ગઢી, વંડો, મહેલ-મ્હેલાત, ઝૂંપડું કૅબિન કોઈ વજ્ર સરખા વિશાળ દાતરડાથી ઊશેટી નાખે એમ, ધરતી ઉપર પથરાએલા શહેરને જડમૂળથી ઊશેટી બાળી નાખ્યું. કારણ, ધરતી ઉપર કો'ક ઠેકાણે પણ જ્યૂ (યહૂદી) જાતનો માનવી નહિ જોઇએ. નક્ષત્રી કરવા નીકળેલા પરશુરામે ભારે મથામણ કરી પણ ક્ષત્રિયો હજી આજે હયાત છે; નયહૂદી કરવાનો મનસૂબો સેવનાર હીટલર ક્યાં બળ્યોઝળ્યો, ક્યાં રખડ્યો રઝળ્યો, એની કોઈને ખબર પણ ન પડી, ખબર પડી તો એનું હાડકું સરખું હાથ ન આવ્યું. અને જ્યૂ જમાતનું અલાયદું અને નવું રાજ્ય આજે ઈઝરાએલમાં પગભર છે, એટલું જ નહિ, પણ જૂનવાણી સંસ્કૃતિનો દોર સાચવી રાખનાર એશિયાને પશ્ચિમ ખૂણે તાજેતરમાં જ સ્થપાયેલા આ રાજ્યમાં આપણને છક કરી નાખે એવી નવી નાટકશાળાઓ અને નાટકો માટે મગરૂર ઊભું છે. પણ એ તો આપણે ઇઝરાએલમાં ડોકિયું કરીશું ત્યારે જોઈશું.

અમારા ગુરુ ડૉ. નૌશિરવાને અમારા અભ્યાસ દરમ્યાન વૉરસોની પડોશમાં આવેલા લ્યુથીઆનિયા અને લેટિવિયા એ બે પ્રદેશ વિષે બહુ રસિક વાતો કરેલી અને આર્ય સંસ્કૃતિના સૂચક સીમાચિહ્નો હજી આજે પણ ત્યાં દેખા દે છે એવી યાદ મગજમાં રહેલી, એટલે એ તરફ પણ ડોકિયું કરવા ઉમેદ હતી, પરંતુ મારા મોત પહેલાં જ પરદેશ જવા માટે નવા કાયદા અને નવા કાનૂનો આપણા દેશમાં ઘડાતાં એ તરફ જવાની મનીષા મનમાં જ રહી ગઈ.

વૉરસો શહેરમાં દાખલ થતાં જ રસ્તે હજી ક્યાંક ૧૯૩૯ના ભંગાર પડેલા નજરે ચઢ્યા. તે જ સાંજે જૂના વૉરસોનો કેમ રામરોટલો થયો હશે એ ચિતાર પણ જોયો. અહીં ફરી વાર બબ્બે વર્ષે ભરાતી ઈન્ટરનૅશનલ થીએટર ઇન્સ્ટિટ્યૂટની કૉન્ફરંસ, આઇ. ટી. આઇ.ની દસમી બેઠક, પોસ્ટ ખાતામાં આ કૉન્ફરંસની સ્મૃતિ જાળવવા રંગભૂમિદર્શક નવાં બેનમૂન પોસ્ટકાર્ડ્સ, ટિકિટો, શહેરમાં એ સંબંધી પાટિયાં અને એવું એવું ઘણું જોઈને દિલખુશ તો થયો, પરંતુ અમારી મિજલસ જ્યાં, ત્યાં જ એ આલિશાન અને અતિ વિશાળ મકાનમાં બીજી મિજલસ કૉસમોસની; દુનિયાભરના નામાંકિત નટ નાટકકારો એક મજલે, દુનિયાભરના પ્રકીર્તિત વૈજ્ઞાનિકો બીજે મજલે. બંને પોતપોતાના પ્રશ્નો છણે, એમાં હું વૉરસો પહોંચ્યો તે જ દિવસે, કૉસ્મિક કિરણો ઉપર સંશોધન કરી ભારતના નામને ઉજ્જ્વલ કરનાર ને સાત મશહૂર વૈજ્ઞાનિકોની પેટા સમિતિમાં પ્રમુખ તરીકે ચૂંટાનાર ડૉ. વિક્રમ સારાભાઈને મળતાં મન નાચી ઊઠ્યું; અને એ આનંદને કાબૂમાં રાખવા અમે બેએ પુરાણા વૉરસોનો ભંગાર ફરીફરીને જોયો.

લગભગ એક પચ્ચીસીની વાત; ત્યારે કૉસ્મિક રે કે ઍટમ બામ્બ

નહોતાં; ત્યારે સામાન્ય આંખથી આ હોનારત ખડકી, તો આજે પચ્ચીસ વર્ષો બાદ, અને હવે બીજા પચ્ચીસ વર્ષો પછી આ પરમાણુ અને એ ગૂઢ કિરણ કોઈ એકઠાં કરવાનો અટકચાળો કરે તો શું થાય? વિક્રમભાઇ કહે, એનો વિચાર કરવા જ અમે અહીં ભેગા મળ્યા છીએ. પરંતુ ભેગા મળી વિચાર કરવો એ રૂડી વાત તો છે જ, પણ કોઈ માડી-જાયો છૂટો પડી કિરણ અને અણુને ભેગા કરે તો કુડી વાત થાય, એ કેમ અટકાવી શકાશે?...ભાઈ, ડૉ. વિક્રમ જુવાન, અને હું ઘરડો, અને એણે કેટલા માઈલ મને ચલાવ્યો એનો અંદાજ પણ ન રહ્યો, પરંતુ આ શહેરના '૩૯ના ફૂટચાં કરમ જોતાં, આવુંઆવું વિચારતાં, ચારેકોર ફરતાં સૌને જાગે છે એવો સ્મશાનવૈરાગ્ય તો જાગ્યો. બધું જ ક્ષણભંગુર છે, ઘડીના છઠ્ઠા ભાગમાં કુદરત કારમો વિનાશકાળ સરજી બેસે છે; તો યે માનવી સંહાર-ક્રિયામાં એટલો જ રસ લેતો રહ્યો છે; અને લીધા કરશે, એવું લાગે છે. આખરે માનવનું એવું માનસ ઘડવામાં યે કુદરત જ જવાબદાર છે, એવો સંતોષ લઈ મન મનાવવું પડે છે. મોટેભાગે અમે બે સાથે જ જમતા, જે કંઈ વખત મળે તે દરમિયાન હરતાફરતા, અને વિજ્ઞાન અને નાટક, બંનેની ચર્ચા કરતા, ઘરઆંગણે જ છીએ એવો સંતોષ અનુભવતા.

આઈ. ટી. આઈ. વિષે આગળ ઉપર આપણે ઘણી વાતો કરી ગયા છીએ. એ સંસ્થા એનો ઇતિહાસ એની કાર્યવાહી, એટલે અહીં વિગતોમાં નહિ જોઈએ. એ માટે હેલસિન્કી અને ત્યાર બાદ પારી(સ)નાં પ્રકરણો જોઈ જવાં. અહીં વળી થોડા નવા પ્રતિનિધિઓ મળ્યા, મૈત્રી બંધાઈ. વડોદરા અમદાવાદમાં આવેલા રોસામોન્ડ ગિલ્ડર એની અમેરિકન ટોળી સાથે હતા, તો વડોદરા અમદાવાદમાં આવેલા મોસ્કો આર્ટ થીએટરના સ્ટૅનિસ્લાવસ્કીના સહયોગી પ્રો. મારકોવ એની સોવિયેટ યુનિયનની ટોળી સાથે હતા. આપણા ઉપર બંને ટોળીના ચાર હાથ, એટલે ભારતના આ એકલા પ્રતિનિધિ કૉન્ફરંસના લાડકા થઈ બેસે એ દેખીતું હતું. સભામાં સોહામણા માણસ ઘણા, એક ઍથેન્સના ડીમિટ્રી મુરાટ, બીજા ફ્રાન્સના વિદ્વાન મીશેલ સાં ડાની—માઈકલ સૅંટ ડેનિસ, ત્રીજા ઇંગ્લંડના પ્રોફેસર હ્યુ હન્ટ, ચોથા ઈઝરાએલના કિશોર મિલો. ગ્રીસનો ડીમિટ્રી મુરાટ ઊભો થાય ત્યારે સભાને પોતાના વ્યક્તિત્વથી આંજી જ નાખે: દેખાવડો, ભવ્ય કપાળ, ખીલેલા અને બંધાએલા અવયવોવાળો, મીઠો માણસ. બરડાનો મેર એની આગળ પાણી ભરે, એવી કદાવર એની કાયા, અને મનોહર એની ચાલ.

'મે'તા! ઍથેન્સ આવોની!' મેં કહ્યુ: 'પાદર ઉપર તો અમે હતા જ.' 'ના, ના, પાદર ઉપરથી કંઈ પારખ્યાં ન થાય. હું તમને જૂનું ગ્રીસ નહિ બતાવું, કદાચ તમને સિકંદર યાદ આવી જાય; પરંતુ અમારા ઉપર પણ સ્પાર્ટનોએ ટર્કીએ કેવીકેવી વિતાડી છે તે બતાવું, અને તે બધું ભૂલવા અમારી જૂની નાટકશાળાઓને અમે નવી કેવી રીતે કરી છે તે બતાવું.' ટૂંકમાં ગ્રીસ જવાનું ઘેલું લગાડયું હોય તો ડીમિટ્રીએ. ત્યાં પહેલે દિવસે ઉપપ્રમુખની ચૂંટણી થઈ, તેમાં શ્રી સી. સી. મહેતા બિરાજ્યા. ત્રણ દિવસ પછી ચર્ચાનો ચોતરો જામ્યો. એનો વિષય હતો નાટક સાથે લેખક અને પ્રેક્ષક એ બેનો સંબંધ શો? આ ચર્ચા ખુલ્લી મૂકવા માટે દર વખત એકાદ પ્રખ્યાત નાટકકારને નોતરવામાં આવે છે એમ આ વખતે ફ્રાન્સના જુવાન નાટકકાર આન્દ્રે રૂસ્સેને એ માન આપવામાં આવ્યું હતું.

સભાનાં કામકાજ, આ બાજુ ભારે ઉત્સાહથી તો ખરા, પણ ઝપાટાબંધ, નાહકનો વખત બગાડયા વિના ચાલે છે. પિષ્ટપેષણ તો જરા પણ નહિ. જરા ચર્ચા, ઠરાવ, હા કે ના, મોટે ભાગે સર્વાનુમતે. દોઢ દિવસમાં તો દોઢસો વાત છણી કાઢી. ક્યુબાવાળા પ્રતિનિધિઓને વીસા ન આપી, એ જરા રાજકારણનો અટપટો સવાલ તે પણ ઊકલી ગયો. સભાએ નોંધ લીધી, પણ ત્યારે બધા જાણે કે આ સભા કરી પણ શું શકે, કોનું કાંડું પકડવા જાય? સરસ તો લિરિક થિયેટરની સમિતિનો ધંધાદારી તાલીમ આપવા બાબતનો, બાળકો માટે તેમજ યુનિવર્સિટી માટેની અલાયદી રંગભૂમિનો ટૂંકો પણ મુદ્દાઓથી ભરપૂર રિપોર્ટ સાંભળવામાં મજા પડી. તે દિવસે હું ખુરશીમાં, અને ગ્રીસે ૧૯૬૬માં ત્યાં ૨૫૦૦ વર્ષનો મહોત્સવ ઊજવવાનું નક્કી કર્યું તે જાહેર કર્યું. ફેસ્ટિવલ વર્ષ, પહેલો નાટક 'થેસપીસ' ત્યારે ત્યાં ભજવાયો એની નોંધ છે એટલે. બીજા બે પ્રતિનિધિઓએ મને પૂછયું કે ભારતમાં તો ભજવાતા હશે, પણ કંઇ તવારિખી નોંધ છે? હસતાં હસતાં મેં કહ્યુ, 'હતી, પણ બે હજાર વર્ષો પહેલાં ગ્રીક લશ્કરે આવીને નાબૂદ કરી નાખી!' તો આપણો ડીમિટ્રી કહે, 'બનવા જોગ છે, કારણ કમનસીબે એમાં એક પણ નાટકકાર નહોતો!' આવી મીઠી ટકોરોમાં, બજેટ, લવાજમમાં વધારો, યુનેસ્કો સાથેના સંબંધનો ઠરાવ, ટોકિયોમાં કોલોકિયમ, આઈ. ટી. આઈ.નું પ્રકાશન, ૧૯૬૪માં બુડાપેસ્ટમાં ધંધાદારી નાટક ભજવનારાઓનું સંમેલન, ૧૯૬૫માં લિપઝિકમાં સંગીતનાટકની ચર્ચા, ૧૯૬૫માં ૧૧મી કૉંગ્રેસ ઈઝરાએલમાં, આંતરરાષ્ટ્રીય થિયેટરની સંસ્થા ચલાવનારાં મો૦ જુલિયનને અભિનંદન એવા કંઈક કામો નક્કી થયાં યા પતી ગયાં. બીજે દિવસે નેધરલૅન્ડના પી. જે. ડબ્લ્યુ ડ બ્રાઉ પ્રમુખ સ્થાને હતા, અને હું ઉપપ્રમુખની ખુરશી પર હતો ત્યારે આઈ. ટી. આઈ.ના સેક્રેટરી જનરલ મો. ડરકાન્ટેએ પોતાના હાથમાં ભારતના નાટકોની બિબ્લીઓગ્રાફીનો પહેલો પ્રગટ થએલો ભાગ લઇ ભરીભરીને અંજલીઓ આપી: 'આવા જ કામ કરનારા અમને જોઈએ છે. આઈ. ટી. આઈ. આવી માહિતી માટે ભૂખી છે.' તે દિવસથી ભારતનો સિતારો ત્યાં ચઢતી પર હતો. બોંતેરમાંથી સાત દેશોના પ્રતિનિધિઓ એક્ઝિક્યુટિવમાં ચુંટાવાના એમાં ભારત સર્વાનુમતે ચુંટાયું. એ બંને પ્રસંગોમાં આ તમારા લેખકે વારંવાર ઊભા થઇ સભા સમક્ષ નમીનમી મૂગામૂગા આભાર માન્યો છે, અને આખી સભાએ પણ ઊભા થઈ તાળીઓથી વધાવ્યો છે, એનું વર્ણન તો હું શું કરું, ફોટોફિલ્મ થકી પણ એ ઘડી યથાર્થ સંઘરાવી અઘરી છે, પણ આ લખુ છું ત્યારે પણ તે વખતે ટપકચાં હતાં એવાં ઝળઝળિયાં અત્યારે પણ આંખમાં ઝઝૂમે છે. (ચાલુ)

અનુસંધાન] **ભોજન** [પૃ. ૪૪૩થી

તુલ્ય માની બરાબર ચાવીને સ્વસ્થ ને પ્રસન્નચિત્તે ખાઈ જીવનવિગ્રહમાં ટકવાની અને અતિશ્રમભર્યાં કામ કરવાની અખૂટ જીવનશક્તિ મેળવે છે; એનાથી ઊલટું દશ્ય, ધંધાની ઉપાધી, ધમાલ ને વિચારભારથી ઉતાવળે જમનારાંઓમાં જોવા મળે છે. આવા લોકો મિષ્ટ ને પૌષ્ટિક ખોરાક ખાતા હોવા છતાં યે અજીર્ણ, અપચો ઝાડા અને બીજી માંદગીઓથી પીડાય છે. જઠર આહારને ગ્રહણ કરીને રાસાયણિક ક્રિયાઓ વડે તેનો આમરસ બનાવે છે કે જેનાથી અન્નમય કોષ પોષાય છે તથા બળ, સહનશક્તિ આરોગ્ય અને પરિણામે દીર્ઘાયુત્વ પ્રાપ્ત થાય છે. આરોગ્યપ્રાપ્તિનું પ્રથમ સૂત્ર ઈષ્ટતમ અને સંયુક્ત આહારનું છે, તો બીજું સુત્ર શાંત ચિત્તે ભોજન કરવાનું છે. માટે જ પ્રાચીન આયુર્વેદાચાર્યોએ જમવાને એક વિધિ રૂપે લેખી ભોજનમાં જાળવવાના અનેક નિયમો સૂચવ્યા છે. ◼

લેખક · હરિકૃષ્ણ રા. પાઠક

શ્રીફળ

ચંપાબેનના ચૉકમાં વહેલી સવારે જ ધમાલ મચી ગઈ. નવરાત્રના ગરબાને કારણે રાતે પરાણે મોડે સુધી જાગેલી ને સવારે દૂધવાળાની કર્કશ બૂમોથી પરાણે વહેલી ઊઠેલી શેરીની સ્ત્રીઓ ટોળે વળી ગઈ. છોકરવાદને તો ભાન પડે તેવું ન હતું, પરંતુ પીઢ ગણાતી સ્ત્રીઓની આંખમાં અવનવા ભાવો જોવા મળતા હતા. સહુની નજરના કેન્દ્રસ્થાન સમું એક ખાસ્સું મજાનું શ્રીફળ ચંપાબેનને ઓટલે પડયું હતું. કોઈ તેને અડકવાની હિંમત કરતું ન હતું ને દરેક પોતપોતાનો અભિપ્રાય આપતું હતું:

'નક્કી માનજો કે કામ તો કો'ક કામણ-દૂમણિયાનું જ!' સવિતાબેને દૃઢ આત્મવિશ્વાસથી કહ્યું.

'પણ ઈમાં બાપડાં ચંપાબેનને શું છે? ઉતારેલું શ્રીફળ માણસ ચાર રસ્તાના ચૉકમાં મ્હેકે કે ચૌટે મૂકે. કોઈના આંગણામાં મૂકવાથી શો ફાયદો?' કોઇ બોલી ઊઠયું.

'ઈની જ તો આ હોળી છે ને?' ચંપાબેન ગુસ્સાભર્યા પણ રડમસ અવાજે બોલ્યાં ને ઉમેર્યું: 'આપણે તો કોઈનું સપનામાં ય ભૂરું ન વાંચતાં હોઈએ પછી કોઈ એ શું કામ આવું કરવું જોવે?'

ટોળાનાં સભ્યોએ એકબીજાંની સામે જોયું. ચંપાબેન સિવાયનાં દરેક પર એકબીજાં શંકાની નજરે જોતાં હતાં. ખરું ગુનેગાર પકડાય તેમ ન હતું તેથી દરેકને શકનો લાભ મળતો હતો, પણ દરેકના અભિપ્રાયના ઉચ્ચારણમાં પોતપોતાના મત પ્રમાણે શંકાસ્પદ વ્યક્તિનું આડકતરું સૂચન અચૂક થતું હતું:

'આ તો કો'કે પોતાનાં ઘરનો કકળાટ કાઢવા ટુચકો કર્યો, ટુચકો, બીજું શું?' ગૌતમબેને મત આપ્યો ને વિલાસબેન સામે સૂચક નજરે જોઇ લીધું. વિલાસબેનના ઘરમાં સૌથી વધુ કકળાટ ને ઝગડા ચાલે છે એવા શેરીમાં પ્રવર્તતા મતના સ્થાપક ને પુરસ્કર્તા તરીકે ગૌતમબેનની નામના ઘણી હતી.

'ઇમ કાંઇ કકળાટ થોડા નીકળે છે?! આ તો કો'કનું રોગદોગ કાઢવાનું તરકટ લાગે છે.' સમતાબેને આટલું બોલતાંની સાથે તેમના થડના મકાનની બારીમાં એવી તો વેધક નજરે જોયું કે તેમાં રહેવાવાળો, રાતભર ખાંસતો રહેતો, દમથી પીડાતો ને વાંયકારા કરતો માથાના દુ:ખાવા જેવો તેમનો કાયદાબાજ ભાડૂત મથુરડોસો જો બારીમાં ઊભો હોત તો એ નજરથી જ વીંધાઇ ગયો હોત.

મથુરડોસાની ધણિયાણી મણિડોસીએ આ વાતનો સીધો તો નહિ, પણ આડકતરો રદિયો આપ્યો: 'ઈમ રોગ-દોગ કાંઇ કામણ-દૂમણથી નો જાય, ઈ તો દવા-દારૂથી જાય. આમાં તો કો'કની ઈરખા કામ કરી ગઈ!'

ખાખી બાવાના માથા જેવા શ્રીફળ ઉપર ફરીથી સામટી નજરો સ્થિર થઇ!

'કંકુ-બંકુ છાંટેલું નથી. કોરું કડાક લાગે છે,' મણિડોસીએ બારીક અવલોકન કરતાં કહ્યું.

'તંતર-મંતરના શ્રીફળને વળી કંકુ કેવું?' સવિતાબેને અભિપ્રાય આપ્યો ને ઉમેર્યું, 'હું તો જાણું ને કે કામણદૂમણ કરવાવાળાં આવાં શ્રીફળ આમ જ મેલી જાય છે...હા, અમારાં ગામમાં ભૂવાનું બહુ જોર એટલે હું તો બધું યે જાણું.'

'પણ ફરતું પાણીનું કુંડાળું કે ચોખા કે એવું કાંઈ લાગતું નથી.' નવી પરણીને આવેલી સુશીલાએ શંકા ઉઠાવી, ને આગળ બોલવા ગઇ ત્યાં તો તેને જવાબ આપતાં હોય તેમ, ને સહેજ ઉપેક્ષાથી હસતાં ગૌતમબેન બોલી ઊઠયાં, 'પાણી કાંઈ ઇમ પડયું થોડું રે'છે? ઈ તો સુકાઈ જાય...બાકી શ્રીફળ ઉતાર છે એટલું તો નક્કી.'

ચંપાબેન મનમાં અકળાતાં હતાં. કંઈક અમંગળની શંકા તેમના મનને મૂંઝવતી હતી. છેલ્લા થોડા દિવસો દરમિયાન બનેલી ઝીણી-ઝીણી વિગતો મનમાં ગોઠવીગોઠવીને આ ટુચકાનો તાગ મેળવવા પ્રયત્ન કરતાં હતાં. આમ જુઓ તો, નાના-મોટા ઝગડા ને રોજિંદી કહેવાય એવી બોલાચાલી તો તેમને ટોળાનાં લગભગ બધાં જ સાથે થઈ હતી, પણ કોઇ એવો નોંધપાત્ર ઝગડો કે પ્રસંગ હમણાંહમણાં બન્યો હોય તેવું યાદ આવતું ન હતું. તેમને દરેકના ઉપર શંકા જતી હતી ને બધાં નિર્દોષ પણ લાગતાં હતાં! આંગણામાં ચાલતી આ બધી ધમાલથી જાગી ગએલા ચંપાબેનના પતિદેવ—જગુભાઇ બારણામાં આવીને ઊભા. સહુને મનમાં થયું કે હવે મામલો પલટો ખાશે. જગુભાઈ નાસ્તિક તરીકે જાણીતા હતા. બાવા-સાધુની ટીકા કરે, જ્યોતિષશાસ્ત્ર મિથ્યા છે એવું સિદ્ધ કરવા ઝનૂનથી ચર્ચાઓ કરે, ધર્મના ધતિંગની વાત કાઢીને બેઠા હોય તો ખાસ્સા અર્ધા કલાક સુધી ભાષણ ઝૂડી નાખે અને કર્મકાંડ ને ટીલાં-ટપકાં કરવાવાળાની તો ખૂબ ઠેકડી ઉડાવે! પણ આજે જગુભાઇ શાંત રહ્યા. ધમાલનું કારણ સમજી ગયા પછી તેમણે કંઈક ઉશ્કેરાટમાં તો કંઈક અકળામણમાં ઘરમાં બે-ચાર આંટા માર્યા, પછી ઓટલે આવીને ઊભા ને ઉપેક્ષાભર્યા સ્વરે બોલ્યા: 'મૂકનારું ભલેને ઓટલે મૂકી ગયું, આપણે અહીંથી લઈને ચૉકમાં મૂકી આવો એટલે પંચાત મટી!'

ઘરડાં ખખ્ખ ગંગામાએ જગુભાઈની વાતનો સબળ વિરોધ કરતાં કહ્યું: 'મૂકનારાંને ચૉકમાં મૂકતાં કોણ રોકતું'તું? આ તો ઓટલે મૂક્યું ઇની જ બધી રામાયણ છે ને?' અને થોડી વારે ગંભીર સ્વરે ઉપાય સૂચવ્યો, 'હવે તો આને મંદિરે જ મૂકવું પડે... એમ ચૉકમાં મૂકવે ન પાલવે!'

'હા, એ યે બરાબર છે. મંદિરે મૂકી આવો!'

'હા, સાચી વાત છે. મા'દેવે મૂકી આવો.'

'હા, હા, ભગવાનને ભળાવી દ્યો એટલે મૂકનારું યે જાણે!'

'ભગવાન તો દીન-દયાળુ છે. શ્રીફળ રોડવી દેવું અને બે હાથ જોડીને કહી દેવું કે હવે ફેંસલો કરી લેજે, ભોળાનાથ!'

એકી અવાજે આવકાર પામેલી ગંગામાની દરખાસ્ત પ્રમાણે જગુભાઇએ શ્રીફળ મહાદેવને મંદિરે મૂકવાનો નિર્ણય કર્યો ન કર્યો, ત્યાં તો દરેક બાબતમાં કડક ઉપાયના હિમાયતી એવાં સવિતાબેને પરખાવ્યું: 'આવાં કામણ-દૂમણિયાંને તો એક વાર ભટકાડી દ્યો હડમાનની હારે! એવાને તો ઈ જ પાંસરાં કરે.'

પણ ગંગાડોસી મક્કમ રહ્યાં, 'બને ત્યાં સુધી હનમાનને પારે ના ચઢવું. બાકી મા'દેવને મંદિરે મૂકવામાં વાંધો નહિ.'

જગુભાઈ, શ્રીફળના નિકાલ માટે ધોતિયું પહેરીને કટિબદ્ધ થયા, પગમાં ચંપલ પહેર્યાં ને મક્કમ પગલે ઓટલે પહોંચ્યા. શ્રીફળ લેવા નીચા નમ્યા ત્યાં એક ન સમજાય તેવી લાગણી તેમને થઇ આવી. મનમાં ચિત્ર-વિચિત્ર આશંકાઓ થવા લાગી. રખેને શ્રીફળ ફાટી પડે, તેમાં છુપાઈ રહેલું કંઈક ભેદી તત્ત્વ ઈજા કરી બેસે કે તેની નીચે ભરાઈ બેઠેલું કોઈ ભૂત પલિત કોટે વળગી પડે, એવી આશંકા સાથે નીચા નમ્યા. ધારો કે આવું કાંઈ ન થાય, પણ ધ્રૂજતા હાથમાંથી શ્રીફળ દડી પડે તો યે ખાનગીમાં કોઈક ઠેકડી તો જરૂર કરે એવો વિચાર આવતાં

જ જાણે અફા સાથે અઢાર શ્રીફળનું વજન ઉપાડચું હોય તેવું જોર કરીને તેમણે તેને પકડચું ઉપાડચું ને ઉતાવળે પગલે ઓટલો ઊતર્યા.

ગંગાડોસીના ખોરડાના પીઢિયાના ગોખલામાં બેઠેલી ચીબરીએ ચિત્કાર કર્યો. જગુભાઈ પળભર તો થડકીને ઊભા રહી ગયા ને પછી વધુ ઉતાવળે પગલે મંદિરને રસ્તે પડ્યા.

ચંપાબહેન મનોમન બબડ્યાં, 'તારાં જણ્યાંનું વાંચ એવું સૌનું વાંચજે!' થોડી વારે કંઈક યાદ આવ્યું હોય તેમ શેરીના નાકા ભણી દોડી ગયાં ને ઘાંટો પાડીને જગુભાઇને સૂચના આપી, 'જોજો, પાછા વધેરી નો નાખતા, આખે આખું રોડવી દેજો! તમે વે'મમાં માનો નઈ ને કાંઈ થાય ત્યારે……'પણ જગુભાઈ ઠીકઠીક દૂર નીકળી ગયા હતા.

મંદિરને રસ્તે જતાં જગુભાઈને વિચાર આવ્યો! કોઇને નાનું સરખું કામ સોંપીએ તો યે કંઈ ધરવું તો પડે જ! આ ફૂકલાની જ વાત કરીએ. પાનબીડી લેવા મોકલ્યો હોય તો ભેગો ભાગનો પૈસો ય આપવો જ પડે છે ને?…આમાં તો ભગવાનને ભેદી, મહત્ત્વનું ને રક્ષણનું કામ સોંપવાનું છે….આ શ્રીફળ તો જાણે રોડવી જ દેવાનું છે. પણ સાથોસાથ બીજું લઇને વધેરવું સારું! ને જગુભાઈના પગ બજાર તરફ વળ્યા કપૂરચંદ વાણિયાની ઊઘડતી દુકાનેથી તેમણે નવું શ્રીફળ ખરીદ્યું ને પેલું મંત્રેલું શ્રીફળ ને આ માનતાનું શ્રીફળ બંને સેળભેળ ન થઈ જાય કે પહેલાના સ્પર્શથી બીજું દૂષિત ન થઈ જાય તેની તકેદારી રાખતા મંદિરે પહોંચ્યા.

મદિરમાં શ્રીફળને આસ્તેથી નીચે મૂક્યું, બે આંગળીથી હળવો ઠેલો મારીને થોડું દોડવ્યું, બે હાથ જોડી ભાવપૂર્વક નમન કર્યું, ગણીને પૂરેપૂરી સાત પ્રદક્ષિણા કરી ને પ્રાર્થના કરી: 'હે ભલા ભગવાન! આમાં કાંઇ કામણ-દૂમણ કે કૂડ-કપટ ન હોય તો તો મારે કાંઈ કે'વાનું નથી, પણ એવું કાંઇ હોય તો સંભાળી લેજે, દીનાનાથ!'

આટલો વિધિ પતાવીને જગુભાઇએ બીજું માનતાનું શ્રીફળ વધેર્યું. ભગવાનને ધરી, આજુબાજુમાં રખડતા ભરવાડના છોકરા ને રસ્તે જતાં દાડિયાં-દપાડિયાંને કટકી કટકી શેષ વહેંચી. ને અર્ધી કાચલી રૂમાલમાં સંતાડીને ઘરને રસ્તે વળ્યા. પાછા ફરતી વખતે તેમના મનનો અર્ધો બોજો જાણે કે હળવો થઇ ગયો હતો.

'અરે એવું કાંઇ હોય? આઠ આનાના કાકા! બોલો, હવે છે કાંઇ વાંધો?' જગુભાઈ ઉત્સાહમાં બોલી ઊઠચા, ને કોટના ખિસ્સામાંથી પાકીટ શોધવા લાગ્યા. 'ના રે, મારા ભઈ! મેં ય માનતાનું જ લીધું 'તું ને તમે ય મા'દેવે જ મેલ્યું છે. પણ મારા મનમાં ઈમ કે પાછી મારી માનતા તો ઊભી જ રઇ. એટલે મનમાં થયું કે ભઈને પૂછી જોવું સારું!' આગલી રાતે વાસણ માંજીને પાછા ફરતી વખતે ચંપાબેનને ઓટલે શ્રીફળ ભૂલી ગએલી કામવાળી મંગુબાઈએ પોતાની મૂંઝવણ રજૂ કરી.

જવાબમાં પહેલાં જગુભાઇનું મોં ખૂલ્યું, પછી પાકીટ ખૂલ્યું ને મંગુબાઇને આઠ આના રોકડા મળી ગયા.

મંગુબાઇના ગયા પછી જગુભાઇએ ચંપાબેનને કહ્યુ: 'આ તો તારા મનનો વહેમ કાઢવા જ મેં મંદિરનો ધક્કો ખાધો. બાકી મારો વિચાર તો સવારે બધાંની હાજરીમાં જ શ્રીફળ વધેરીને ખાવાનો હતો.' ને ચંપાબેન કંઈ જવાબ આપે તે પહેલાં તો જગુભાઈએ જાદુગરની અદાથી છુપાવી રાખેલી શ્રીફળની અર્ધી કાચલી બહાર કાઢી મેજ પર મૂકી ને ચંપાબેન સામે જોઈ ગર્વથી હસ્યા.

નાસ્તિક પતિદેવ પર વારી જતાં હોય તેમ મીઠો છણકો કરીને ચંપાબેને કહ્યુ, 'અંતે ધાર્યું જ કર્યું ને તમે તો! એવા ને એવા જ રહ્યા. હું ક્યાં તમને નથી જાણતી?'

—ને મેજ પર પડેલી શ્રીફળની અર્ધી કાચલી મીઠું હસી રહી.

અનુસંધાન] **રામજીભાઈ કામાણી** [પૃ. ૪૪૧થી

વિદ્વાનો સંતજનો તેમજ કવિજનોનો આદરસત્કાર કરી વિદ્યા અને સંસ્કાર ક્ષેત્રોમાં દાનો આપી વિદ્યાનો અને કળાનો મહિમા વધાર્યો.

બીજા વિશ્વયુદ્ધ વખતે ભારતને નવાં સાધનો માટે મોટા ઉદ્યોગોનાં મંડાણ કરવાની તકો ઊભી થઈ તે વખતે રામજીભાઈ તેમના વિશ્રાન્તિ ક્ષેત્રમાંથી એકદમ મેદાને પડચા અને ઊંડી વ્યાપારી-સૂઝથી ધાતુઓના તાર અને બીજા ઉદ્યોગોમાં અગ્રણી બન્યા અને 'કામાણી' નામની પ્રતિષ્ઠા સંપાદન કરી.

મુંબાઈ, મદ્રાસ, કલકત્તા, જયપુર, વડોદરા વગેરે સ્થળોએ તેમણે વીજળીક સાધનો અને ધાતુનાં કારખાનાં સરળતાથી કામ કરતાં કર્યાં, એટલું જ નહિ પણ દેશનાં અનેક કલ્યાણ-કાર્યોમાં મુક્ત હાથે ગંજાવર રકમોનાં દાન કર્યાં. લાખોની મૂડીવાળાં કેળવણીનાં ત્રણ ટ્રસ્ટ ઊભાં કર્યાં. પણ સૌથી મોટું કાર્ય તો તેમણે કાર્યશ્રમ કાર્યકરોને પોતાના ધંધાના નિષ્ણાત સુકાની બનાવી દીધા તે છે; કેટલાકને સમાન પદે પહોંચાડચા છે. રામજીભાઈએ આખર સુધી પોતાના હાથમાં લીધેલા માનવીઓને આગળ વધવાની તકો ખુલ્લી કરી હતી.

એક અંગત અનુભવ નોંધું. તેમના વિષે તેમના માણસોમાં શી છાપ તેઓ પાડી શકચા હતા તે ઘણા ધંધાપતિઓને દષ્ટાંત રૂપ બનશે.

હું એક વાર મુંબાઈની મેઈલ ટ્રેઈનમાં સેકંડકલાસના ઉપરના બિછાના પર સૂતો હતો ત્યારે નીચે એક સશક્ત સુંદર જુવાન કોઈની સાથે વાત કરી રહ્યો હતો:

'હું લાહોરથી મુંબાઈ પહેલી જ વાર જઈ રહ્યો છું. બે જ દિવસ પહેલાં દિલ્હીમાં મને કામાણી શેઠનો મેળાપ થયો. હું લાહોર યુનિવર્સિટીનો તાજો ગ્રેજ્યુએટ છું, પણ મારા નવા શેઠ રામજીભાઈએ મારી સાથેની અરધા કલાકની વાતમાં મારી મુંબાઇની ઑફિસમાં નિમણૂક કરી છે. એ અજબ માણસ છે. તેમણે મારા વિચારો અને પ્રકૃતિને જોઇને જ મને પસંદ કર્યો એમ લાગ્યું. હું ઘડીકમાં જ તેમને મારા (શેઠ) માનવાનો ગર્વ કરી શકું છું.'


માણસો પસંદ કરી તેમને યોગ્ય અધિકારે મૂકવાની શ્રી રામજીભાઈમાં એક કળા જ હતી. પેલા જુવાનની વાત સાંભળી સવારના હું નીચે ઊતર્યો ત્યારે મેં તેને મારા શ્રીમંત મિત્રની પ્રશંસા કરનારનો પરિચય સાધ્યો. એટલો આકર્ષક મળતાવડો અને સર્વ પ્રકારની વાત અને વિષયોમાં જિજ્ઞાસુ અને રસ ધરાવતો એ જુવાન મને પણ ભાવી ગયો. એને કલામાં, કવિતામાં, સિનેમામાં ઊંડી સમજ હતી. અંગ્રેજી તેમજ હિન્દી ભાષામાં લહેજત લાવી શકતો. એણે કહ્યુ: 'એક જ મુલાકાતે રામજીભાઇએ મારી નિમણૂક કરી અને રાત્રે જ મને મુંબાઈ રવાના થવાની સૂચના આપી.' વર્ષોથી આ જુવાન કામાણી કંપનીમાં આગળ વધી આજે દિલ્હીની ઑફિસના મૅનેજર થયા છે. જીવનની ઉત્કૃષ્ટ સ્થિતિએ પહોંચ્યા છતાં શ્રી રામજીભાઇએ પોતાના વતન માટે, સગાં-સ્નેહીઓ માટે, મિત્રો માટે મમત્વ ઓછું થવા દીધું નહોતું. 'કુમાર'ની પ્રવૃત્તિ અને પરિસ્થિતિ પર તેમણે કાયમ નજર રાખી આ લેખક સાથેનો વર્ષો-જૂનો સંબંધ ભાવનાત્મક મૈત્રી રૂપે દષ્ટાંત રૂપ બનાવ્યો હતો. ગમે તેટલા લાંબા સમયે પત્ર દ્વારા મારા શબ્દો અને ભાવને તેમણે પૂર્ણ આદરથી વધાવ્યાં હતાં, એટલે આ વસમી ખોટની નોંધ લીધા સિવાય હું રહી શકતો નથી.

રવિશંકર રાવળ

શતરંજનો કોયડો

સુરેશ મોદી

A. O. Herbstmann



White to play and draw.

સ્થિતિ : r7/32R5/n7/Nn1K1k2.

કોયડો : સફેદે રમવાનું ને ડ્રૉ મેળવવાનો.

આ કોયડામાં સફેદના એક હાથી અને ઘોડાના બદલામાં એક હાથી અને બે ઘોડા છે. જો સફેદ પોતાનાં બન્ને મહોરાંના બદલામાં કાળો હાથી મારી શકે તો તે રમત ડ્રૉમાં લઇ જઇ શકે. પણ અહીં સફેદનો હાથી મરે તેમ છે; તે બેધ્યાનપણે રમે તો હારે તેમ છે. દા. ત. 1 R–B2, R–Q1ch; 2 R–Q2, R × R mate. સફેદ હાથી ત્રીજી પંક્તિ ઉપર પણ આડોઅવળો ચાલે તો કાળો 1...N/7–B6ch અને પછી 2...R × Nથી જીતી શકે.

શતરંજના કોયડાનો ઉકેલ

1 R–B3ch, K–N7; 2 R–QN3

અહીં એ જોઈ લેવું જરૂરી છે કે સફેદ પહેલી જ ચાલે 1 R–QN3 રમે તો હારે જ. પહેલાં 1 R–B3ch રમવાથી કાળા રાજાને સાતમી પંક્તિ ઉપર આવવું પડે છે. આની અગત્ય આપણને આગળ સમજાશે. જો કાળો તેના રાજાને સાતમી પંક્તિ ઉપર ન રમે તો સફેદ હાથી KB3, KN3 અને KR3 ઉપરથી શેહ આપ્યા કરે અને રમત ડ્રૉ ગણાય.

2...,N/7–B6ch; 3 K–B1, R × N; 4 R–N2ch ! જો કાળો રાજા આઠમી પંક્તિ ઉપર હોત તો આ શેહ શક્ય બનત નહિ.

4...,K–B6; 5 R–QR2!!

હાથી તો થોડી વાર પૂરતો ભોગ આપે છે. અહીં કાળો 5...,R × R;રમે તો સફેદને કોઈ ચાલ રહેતી નથી માટે Stalemate.

5...,N × Rch; 6 K–N 2. હવે કાળો તેના હાથીને બચાવી શકે તેમ નથી અને પછી ફક્ત બે ઘોડાથી મ્હાત અશક્ય છે–માટે ડ્રૉ.

5...,N–K7ch; પછી 6 K–N2 ને લીધે અને 5..., N/8–any Dis. ch.; પછી 6 R × R થી સફેદ ડ્રૉ મેળવી શકત.

ટિકિટ-સંગ્રહ



ગયા જુલાઇમાં બ્રિટિશ પાર્લામેન્ટની ૭૦૦મી જયંતી ઊજવાઈ એ નિમિત્તે બ્રિટને આ બે ખાસ ટિકિટો બહાર પાડી હતી. એમાંની લાંબી ટિકિટમાં પાર્લામેન્ટની બેઠકો જે મકાનોમાં મળેલી એનું સત્તરમી સદીનું આલેખન છે. બીજી નાની ટિકિટ પર ઈ. ૧૨૬૫માં એ પ્રથમ પાર્લામેન્ટ બોલાવનાર સાઈમન ડી મૉન્ટફૉર્ટની મુદ્રાનું ચિત્રણ આપવામાં આવ્યું છે.



◖ આ સ્વતંત્રદિને ભારતના સફળ એવરેસ્ટ આરોહણને બિરદાવતી ખાસ ટપાલ ટિકિટ સાથે દેશના નકશાવાળી ચાલુ વપરાશની ટિકિટોને બદલે ચાના પાન ચૂંટતા કામદારના ચિત્રવાળી નવી ટિકિટો બહાર પડી છે. દશાંશ પદ્ધતિમાં હિસાબ રાખવા ફાવે એ માટે એને કદમાં નાની કરી એક પાનામાં ૧૦૦ ટિકિટોને સમાવાઈ છે. આવતી ૧૪મી નવેમ્બરે ટ્રૉમ્બેના એટમિક રીએક્ટરના ચિત્રવાળી રૂ. ૧૦ની નવી ચાલુ ટિકિટો પણ બહાર પડવાની જાહેરાત કરવામાં આવી છે.

◖ પહેલી ઑગસ્ટથી ભારતના ટપાલખાતાએ 'ફિલાટેલિક ડિપોઝિટ એકાઉન્ટ સ્કીમ' નામે એક નવી વ્યવસ્થા કરી છે. તે અનુસાર મુંબાઈ, કલકત્તા, મદ્રાસ અને દિલ્હીની ટપાલ કચેરીમાં પચાસ રૂપિયા જમા કરાવી કોઈ પણ ભારતવાસી દેશમાં બહાર પડતી પ્રત્યેક નવી ટપાલ ટિકિટો, ફર્સ્ટ-ડે-કવરો અને એ અંગેનું છાપેલું સાહિત્ય ઘેર બેઠાં મેળવી શકશે. આ રીતે ઓછામાં ઓછા એક રૂપિયાની ટિકિટ કવર તેણે મંગાવવાનાં રહેશે. વધુ વિગતો માટે ઇચ્છુકોએ ઉપર્યુક્ત શહેરોની ફિલાટેલિક બ્યૂરોનો સંપર્ક સાધવો.



◖ જમણી બાજુ પાકિસ્તાનના હસ્તકલા-કૌશલનાનમૂનાઓની પાંચ ટિકિટો.

(મોકલનાર : નુરુદ્દીન લુતફ–કરાચી)



નીચેની પહેલી ટિકિટ મલાવીના પ્રજાસત્તાકની છે. ક્રિસ્ટમસ વખતે તે બહાર પડી હતી. પછીની ઇન્ડોનેશિયાની ટિકિટો પર સ્કાઉટની ચળવળનું મનનું સંયોજન છે.





શબ્દકથા: 'આજો', 'બાઇ'

માના બાપ અને માની મા માટે આપણે ત્યાં કેટલેક સ્થળે 'નાના-નાની', તો કેટલેક સ્થળે 'આજા-આજી' વપરાશમાં છે. પણ કેટલેક સ્થળે બાપ તેમજ માનાં માતાપિતા માટે માત્ર 'દાદી-દાદા' જ પ્રચલિત છે. 'આજા' હિંદી મરાઠીમાં પિતામહ માટે, તો 'અજા' ઉડિયામાં માતામહ માટે વપરાય છે.

આ અર્થ ઉપરથી માના બાપને નખાતા શ્રાદ્ધનો વિધિ પણ 'આજો' કહેવાતો થયો, અને 'આજોપડવો' (આસો સુદ એકમ) એવું નામ આજાના શ્રાદ્ધદિવસને મળ્યાનું નોંધાયું છે.

'આજો'ના મૂળમાં છે સંસ્કૃત 'આર્યક' અને પ્રાકૃત 'અજ્જઅ'. સંસ્કૃતમાં 'આર્યક' માતામહ અર્થમાં રામાયણમાં વપરાયો છે. અયોધ્યાકાંડમાં ભરતના માતામહને અનુલક્ષીને અનેક વાર 'આર્યક' શબ્દ આવે છે. શિલાલેખોની પ્રાચીન પ્રાકૃતમાં 'અયક' (નાગાર્જુનિકોંડાના પ્રાકૃત શિલાલેખમાં) તથા પ્રાકૃત સાહિત્યમાં 'અજ્જ' અને 'અજ્જઓ' આ જ અર્થમાં છે. સંસ્કૃતમાં 'આર્યક'નો પ્રયોગ 'શ્રાદ્ધવિધિ' માટે પણ થયો છે.

આમ તો 'આર્ય' સામાન્યતઃ માનવાચક શબ્દ છે. કોઈ પણ માનનીય, વડીલ કે મુરબ્બી માટે તે વપરાતો. એટલે જૈન સાધ્વી માટે 'આરજા' (પ્રાકૃતમાં 'અજ્જા') વપરાય છે. 'આર્યા' અને 'અજ્જા'ના 'માતા' 'સાસુ તથા 'પાર્વતી' એ અર્થો પણ આ રીતે સમજી શકાય છે. પ્રાકૃતમાં આત્મીયતાવાચક ઉકાર ભળીને થએલો 'અજ્જુ' 'અજ્જુઆ' પણ 'માતા' અને 'સાસુ' માટે વપરાતો. મૃચ્છકટિકમાં ગણિકા વસંતસેના માટે પણ તે વપરાયો છે.

અહીં આપણા 'બાઇ' શબ્દના અર્થો સરખાવી શકાય. જુઓ: 'બાઇ'=સ્ત્રી; 'બાઇ'= સ્ત્રી માટે માનવાચક (મરાઠીમાં—'રમાબાઇ' વગેરે); 'બાઇ'=માતા માટેનું સંબોધન (કચ્છી વગેરેમાં) અને તેનું ટૂંકું 'બા'; 'બાઈજી'=સાસુ માટેનું સંબોધન; 'બાઈડી' સ્ત્રી, પત્ની; 'બાઇ'= વેશ્યાના નામ પછી ઉમેરાતો માનવાચક (હિંદી વગેરેમાં). 'બાઇ'નું મૂળ જણાયું નથી.

હરિવલ્લભ ચૂ. ભાયાણી

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

સમિધ: મુંબાઈની સોમૈયા કૉલેજના ગુજરાતી સાહિત્ય મંડળનું પ્રકાશન. લગભગ બધી કૉલેજોમાં સાહિત્ય મંડળો તો ચાલતાં હોય છે પણ એમને એક આવકાર્ય કાર્યદિશા દાખવનાર આ પ્રકાશન ખરે જ અભિનંદનીય છે. સુરેશ દલાલ અને દીપક મહેતાએ સંપાદિત કરેલા આ સંપાદનમાં 'ગીતા-કાવ્ય તરીકે, કાલિદાસની કાવ્યસૃષ્ટિની આબોહવા, શેક્સ્પીઅરનાં સુખાંત નાટકો, રૉબર્ટ ફ્રૉસ્ટ. ડૉ. ઝિવાગો, ભાષા અને સાહિત્ય, શબ્દસંધાન દ્વારા સૌન્દર્યમત્સ્યનો વેધ, સર્જકની શબ્દસૃષ્ટિ, વિવેચકની કલા, કાન્તા, દિવ્યચક્ષુમાં રસસ્થાનો, રોહિણી રેખા અને વિશાખા, સાગર અને શશી, જય સોમનાથ, હેમિંગ્વેની સાહિત્ય સાધના' વગેરે જેવા ઉપયોગી લેખો-વિવેચનોથી આ પ્રકાશન અભ્યસનીય બન્યું છે. હાલ માત્ર ઉચ્ચ કોટિનું વિવેચન-સાહિત્ય પીરસતાં ગણ્યાંગાંઠ્યાં સામયિકોવાળા આપણા સાહિત્યક્ષેત્રમાં કૉલેજના સાહિત્યના અભ્યાસવર્તુળો આવી કોઈ દિશા પ્રત્યે અભિમુખ થાય એ ઇચ્છનીય ને આવકાર્ય ગણાશે. (પ્રકાશક: કે. જે. સોમૈયા કૉલેજ, મુંબાઈ-૭૭; કિં. રૂા. ૪/-) **નેહરુ શું કહી ગયા?** ગુજરાતના એક માત્ર વિવેચક માસિક 'ગ્રંથ'ના ૧૯૬૪ના ઑગસ્ટ-અંકનું આ પુસ્તકાકારનું પ્રકાશન તેમાંની, સ્વ. નેહરુ વિષયક લેખ-સામગ્રી દ્વારા એમના પ્રત્યેની ગુજરાતી ભાષાની એક સમુચિત અંજલિ રૂપ છે. (સંપાદક: યશવંત દોશી, પ્રકાશક: પરિચય ટ્રસ્ટ પ્રકાશન, મુંબાઈ-૧; કિં. રૂા. ૬/-). **હું શાણી અને શકરાભાઇ:** અમદાવાદના એક દૈનિક 'ગુજરાત સમાચાર'માં નિર્દેશ નર્મ મર્મની આ નામની એક લોકપ્રિય લેખમાળાના કેટલાક લખાણોનું સંપાદન. શેક્સ્પીઅરનાં નાટકોની વર્તાંતરમાળાથી ખ્યાત 'કુમાર'ના પરિચિત લેખક. ડૉ. મધુસૂદન પારેખે 'પ્રિયદર્શી'ના નામે લખેલા આ વિનોદ લેખો ગુજરાતી સાહિત્યની એ દિશામાં એમની એક નવી દેણગી સમાન છે. (પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧; કિં. રૂા. ૫/-).

લિન્ડન જૉન્સનની જીવનકથા: છેલ્લાં બાર વર્ષથી જૉન્સનના નિકટ પરિચયમાં રહેલા પત્રકાર-લેખક બૂથ મૂનીના મૂળ અંગ્રેજી પુસ્તકના વિજયગુપ્ત મૌર્યે કરેલા આ અનુવાદમાં અમેરિકાના પ્રમુખના બાલ્યકાળથી માંડી કેનેડીની હત્યા અને એ પછીની ચૂંટણીઓ સુધીના પ્રસંગોને આવરી લેવામાં આવ્યા છે. પુસ્તકના આરંભમાં મુકાએલો પોતાના રાજકીય વિચારો દર્શાવતો પ્રમુખ જૉન્સનનો લેખ એમને સમજવામાં વધુ સહાયરૂપ થાય છે. (પ્રકાશક: વોરા ઍન્ડ કં., મુંબાઈ-૨; કિં. ૨/૫૦). **નરવીર લાલાજી:** મૂળ સ્વ. ઝવેરચંદ મેઘાણી લિખિત દેશના એ અગ્રગણ્ય નેતાના જીવનના, કિશોર અને પ્રૌઢ વાચકોને ખયાલમાં રાખી ટૂંકાવેલા ચરિત્ર લેખની ચોથી આવૃતિ. (પ્રકાશક: કવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ; કિં. ૦/૬૦). **મહાન ખલાસી ક્રિસ્ટોફર કોલંબસ:** પંદરમી સદીના વિખ્યાત શોધક ફરી કોલંબસના સાહસિક સાગરપ્રવાસની પ્રેરક કથા કહેતા મૂળ સેમ્યુઅલ મોરિસનના મૂળ અંગ્રેજી ઉપરથી ભાષાંતરીત કિશોરોપયોગી પ્રકાશન, અનુવાદક: ઇશ્વર પંચોલી. (પ્રકાશક: વોરા ઍન્ડ કં., મુંબાઈ-૨; કિં. ૨/-). **બાપુજીના જીવનમાંથી (૪):** મનુબેન ગાંધી લિખિત ગાંધીજીના પ્રસંગોની બાલોપયોગી શ્રેણીની ચોથી પુસ્તિકા (પ્ર.: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧; કિં. ૦/૭૫ પૈસા). **દિલ્હીમાં ગાંધીજી:** ઈ. ૧૯૪૭ના સપ્ટેમ્બરની ૯મીથી નવેમ્બરની ૨૦મી સુધીના ૮૭ દિવસોના ગાંધીજીના દિલ્હીવાસને વિગતવાર આવરી લેતી મનુબેન ગાંધીએ રાખેલી નોંધ. (રૂા. ૪/-). **શ્રી નારણદાસ ગાંધીને (ભાગ ૨)** ગાંધીજીના વિશિષ્ટ વ્યક્તિત્વને ઉપસાવતા એમના પત્રોના સંપાદનનો નવમો ભાગ. (કિં. ૪/- રૂા. આ બંને પુસ્તકોના પ્રકાશક: નવજીવન કાર્યાલય, અમદાવાદ-૧૪).

સાવિત્રી ગુંજન: શ્રી અરવિંદના મહાકાવ્ય 'સાવિત્રી'માંની વિચારધારાઓ, વર્ણનો, પ્રતીકો વગેરેનાં ભવ્ય આંતરદર્શનને ગુજરાતીમાં સમજાવતું શ્રી અંબાલાલ પુરાણીનું આ અભ્યસનીય પ્રકાશન એમાંના આરંભમાં મૂકેલાં, શ્રી કૃષ્ણલાલ ભટ્ટનાં ચાર ભાવપ્રેરક રંગીન ચિત્રોથી વધુ સુંદર બન્યું છે. (પ્રકાશક: પથિક પ્રકાશન મંદિર, ઊમરેઠ, કિં. રૂા. ૮/-). **વિનોબાનાં ગીત-પ્રવચનો:** વિનોબાજીના મૂળ મરાઠી પુસ્તકનો ગોકુળભાઈ ભટ્ટે પ્રેમાનંદી ઢાળમાં કરેલો પદ્યાનુવાદ. (પ્રકાશક: માર્કંડરાય બ. મહેતા, મુંબાઈ ઉપનગર સેવામંડળ, મુંબાઈ-૫૭; કિં. રૂા. ૨/૫૦). **ગાયત્રી રહસ્ય:** રોચક રીતે ગાયત્રી મંત્ર-

બંધુસમાજ [૬]

લેખક
હરસિદ્ધભાઈ
દિવેટિયા

છઠ્ઠા સભ્ય
કૃષ્ણરાય
હરગોવિંદ
પંડ્યા



બંધુસમાજના છઠ્ઠા સભ્ય કૃષ્ણલાલ હરગોવિન્દ પંડિત મૂળ ભાવનગરના. ત્યાંની પ્રશ્નોરા જ્ઞાતિમાં ઈ. ૧૮૭૪માં એમનો જન્મ. મૅટ્રિક સુધીનું શિક્ષણ ત્યાં પૂરું કરી કૉલેજના અભ્યાસ માટે એ અમદાવાદ આવ્યા ત્યારથી જ શિવુભાઈના પરમ મિત્ર બન્યા ને પછીથી સાહિત્યની ઉપાસના કરીને બંધુસમાજના સભ્ય થયા. 'વાર્તાવારિધિ' માં પ્રગટ થએલું એમનું 'ચર્પટમંજરિકા' નામનું એક લાંબું કાવ્ય નોંધપાત્ર ગણાય. એ ઉપરાંત અન્ય પ્રકીર્ણ લેખો 'સુન્દરી સુબોધ'માં લખતા. શિવુભાઈના અવસાન સમયે એમણે અધૂરી મૂકેલી નવલકથા 'મંજરી'નાં છેવટનાં પ્રકરણો કૃષ્ણલાલે જ પૂરાં કર્યાં છે. નોકરી અંગે બહારગામ રહેવાનું થતાં એમનો બંધુસમાજ સાથેનો સંબંધ ઓછો થઈ ગયો હતો.

'સુન્દરી સુબોધ'ના પ્રાકટ્ય અને વ્યવસ્થામાં કેટલાંક વર્ષો સુધી કૃષ્ણલાલનો ફાળો સારો હતો, પછીથી અમદાવાદની શાળાનો શિક્ષકનો વ્યવસાય છોડી એ કલકત્તાની એક બેંકમાં, તે પછી માઉન્ટ આબુ ઉપરની એક સરકારી ઑફિસમાં, વડોદરાના ઈજનેરી ખાતામાં એમ વિવિધરંગી કામગીરીઓ બજાવી નવસારીમાં હેડક્લાર્ક થયા હતા. અભ્યાસ માંડ કૉલેજ સુધીનો હતો, પરંતુ વિશાળ વાચન અને સાહિત્યના શૉખને લીધે એમની લેખનશક્તિ સારી કેળવાઇ હતી. કામ કરવાની ધગશ એમનામાં ખૂબ હતી. 'નિક કાર્ટર' અને 'ચૌર પંચાશિકા'ના અનુવાદો ઉપરાંત એમણે બાળવાર્તાઓ પણ ઘણી લખી હતી; પણ એમનું ઘણું લખાણ અપ્રસિદ્ધ રહેવા પામ્યું છે. એમની બુદ્ધિ વિલક્ષણ અને હૃદય લાગણીશીલ, મમતાળુ તથા શ્રદ્ધાળુ હતું અને ધાર્મિક ભાવનાઓ એમનામાં વિપુલ હતી.

એમને સંતતિ ન હતી, છતાં તે પરત્વે તેઓ કદી ય અસન્તુષ્ટ જણાયા ન હતા. એમનાં પત્ની મણિલક્ષ્મી પ્રત્યે એમને ખૂબ ઊંડો સ્નેહ હતો અને એમનો પરસ્પરનો પ્રેમભાવ પ્રશંસનીય હતો. ભાવિની ઘટનાથી એમનું જીવન સપાટીથી બહુ ઊંચે તો ન જઈ શક્યું તથાપિ એમની ભાવનાઓને સંસારની અનેક મુશ્કેલીઓ તથા શરીરની કંઈક ઉપાધિઓમાં આદર્શથી લેશમાત્ર નીચે પણ એમણે ઊતરવા દીધી ન હતી, અને એમની ધર્મશ્રદ્ધા તથા સાહિત્યપ્રેમ અચળ રહ્યાં હતાં, એ વિષમ પરિસ્થિતિ ઉપરનો એમનો મોટો વિજય હતો. જે પ્રભુભાવમાં એમણે જીવન ગાળ્યું હતું તેના પરમ પદમાં જવા ઈ. ૧૯૩૪માં સાઠ વર્ષની વયે એમનું અવસાન થયું.'*

* અવતરણવાળો ભાગ સ્વ. રામમોહનરાય જસવંતરાય દેસાઈ (બિન્દુભાઇ)એ લખી રાખેલા ટિપ્પણ ઉપરથી.

ની વિસ્તૃત સમજણ આપતી પ્રો. દિલીપસિંહ વેદાલંકારની પુસ્તિકા. (પ્રકાશક: શ્રદ્ધા સાહિત્યસદન, વડોદરા, કિં. રૂા. ૧/૭૫). **વેદાંત શબ્દકોશ**: વેદાંત વિષયક ગ્રંથોમાં આવતા શબ્દોના તત્સંબંધી ખાસ અર્થો સમજવામાં સહાયરૂપ બની શકે એ દૃષ્ટિએ તૈયાર થએલા સંગ્રહની પુસ્તિકા. સંપાદક: સ્વામી આત્માનંદગિરિ. (પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં. ૭/૫૦ પૈસા). **એક ભાગવતની આત્મકથા**: મણિલાલ છો. પારેખનાં ભગવતકૃપા સમા જીવનસંસ્મરણો. (પ્રકાશક: ભાગવત ધર્મ પ્રચારગૃહ, રાજકોટ-સદર; કિં. ૪/–). **સુંદર કથાઓ** શ્રી અરવિંદ આશ્રમનાં શ્રી માતાજીએ, 'બાળકો પોતાના સ્વભાવને ઓળખી સત્ય અને સૌંદર્યના માર્ગે જતાં શીખે' એ આશયથી મૂળ ફ્રેંચમાં લખેલી ને તેના પરથી 'યુથ્સ નોબલ પાથ' નામે અંગ્રેજીમાં ઊતરેલી બાળવાર્તાનું શ્રી 'સુંદરમે' કરેલું સચિત્ર ગુજરાતી ભાષાન્તર. (પ્રકાશક: શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી-૨; કિ. રૂા. ૨/-). **રત્નોનો દાબડો**: જીવનની ફોરમ મૂકી જનારા કેટલાક નરપુંગવોના પ્રેરક પરિચયોની સચિત્ર બાલભોગ્ય પુસ્તિકા. લેખક: 'જયભિખ્ખુ' (કિં. ૨–૫૦). **માનવતાનાં મોતી**: મનુભાઈ જોધાણી લિખિત છ પ્રેરક બાળવાર્તાઓની ત્રીજી સચિત્ર આવૃત્તિ કિં. ૦/૫૦ પૈસા (આ બંનેના પ્રકાશક: ગુર્જર ગ્રંથરત્નકાર્યાલય, અમદાવાદ). **ભારતનો ઇતિહાસ**: ખાસ કરીને નવથી ચૌદ વર્ષની ઉમરનાં બાળકોને ઇતિહાસના વાચનમાં રસ જાગૃત થાય એ દૃષ્ટિએ સરળ ભાષામાં ભારતના ઇતિહાસનો ટૂંકમાં પરિચય આપતું સચિત્ર પુસ્તક. (પ્રકાશક: પબ્લિકેશન ડિવિઝન, દિલ્હી–૬; કિ. રૂા. ૩/૫૦). **દેવી, ઋષિઓ અને પ્રતાપી પુરુષો**: વેદકાલીન અને પ્રાચીન ભારતની ઐતિહાસિક વ્યક્તિવિશેષોની પ્રેરક પ્રસંગકથાઓ. લેખક: રઘુનાથ બ્રહ્મભટ્ટ. પ્રકાશક: (સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, કિં, ૨/–). **યંત્ર અને માનવી**: નિર્માણવાંચ્છુ રાષ્ટ્રના ઘડતરમાં ઉપયોગી એવાં યંત્રો અને માનવીના સંબંધોની વિકાસવાર્તા કહેતા મૂળ રૉજર બર્લિંગમના અંગ્રેજી પુસ્તકનો મંજુ ઝવેરીએ કરેલો અનુવાદ. (પ્રકાશક: વોરા ઍન્ડ કંપની, મુંબાઇ-૨, કિં. ૨/–). **શિક્ષણના સિદ્ધાંતો**: બી. ઍડ., ટી. ડી.ના વિદ્યાર્થીઓ, શિક્ષકો ને કેળવણીના વિષયોમાં રસ લેતા સૌને ઉપયોગી એક અભ્યસનીય ગ્રંથ લેખક: જગમોહનદાસ મોદી. (પ્રકાશન: મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા કિં. ૯/૫૦). **સામ્યવાદી ચીન, આત્મપ્રતારણાને પંથે**: લાલ ચીનના સામ્યવાદી નેતાઓ દ્વારા પ્રજામતની ઘાતકી ને દમનભરી છેતરપિંડીનો દસ્તાવેજી ઉલ્લેખો સાથેનો વાસ્તવિક ચિતાર. લેખિકા: સુભદ્રા ગાંધી(પ્રકાશક: વિશ્વમાનવ, રામજી મંદિરની પોળ, વડોદરા; કિં. ૨/–). **યુ. એસ. એ.**ની ભૂગોળ અને એના વિકાસનો ચિતાર આપતું મબલખ ચિત્રો સાથેનું પ્રકાશન. (પ્રકાશક: વોરા ઍન્ડ કં., મુંબાઈ–૨, કિં. રૂા. ૨/–). **સંગીતધારા**: સંગીતના ચિહ્નોની ઓળખથી માંડી, તાલ, બોલ, માત્રા, અલંકાર વગેરેની સમજણ પછી એકવીસ રાગોનો તેનાં લક્ષણગીતો સાથેનો પરિચય અને પૂર્વે થઈ ગએલા કેટલાક વિખ્યાત સંગીતજ્ઞોની ટૂંકી ઓળખ સાથેનું સંગીતના પાંચમીથી આઠમી શ્રેણીના વિદ્યાર્થીઓ માટેનું એક ઉપયોગી પ્રકાશન. લેખકો: નટુભાઈ નાયક અને સ્વ. જસુભાઇ જાની. (પ્રકાશક: સર્વોદય કલાભારતી, મુંબાઈ–૯; કિં. ૧/૮૦). **રાષ્ટ્રની આવાજ**: વેરાવળના કવિ કે. નાથ એસ. પાઠકનાં બાલગીતો, પ્રેરણાગીતો, રાસગરબા ને દુહા ભજનોની પુસ્તિકા. (પ્રકાશક: લાલજીભાઈ ડી. સોલંકી, ગરબી ચોક, જૂનાગઢ; કિં. ૦/૭૫ પૈસા). **ગણિત-ચમત્કાર**: સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર

ધારેલી સંખ્યાઓ, ગંજીપાનાં પાનાં વગેરે-નાસંખ્યાબંધ કોયડાઓવાળું ગણિતગમ્મતનું પુસ્તક, લેખક: ધીરજલાલ શાહ. (પ્રકાશક: પ્રજ્ઞા પ્રકાશક, લધાભાઈ ગણપત બિલ્ડિંગ, ચિંચબંદર, મુંબાઇ-૯; કિં. ૫/-). Shatavadhanand Shri Dhirajlal Shah ઉપરના ગણિતગમ્મતના પુસ્તકના લેખક અને એમની શતાવધાનશક્તિની પ્રશસ્તિ-પુસ્તિકા (પ્રકાશક: જૈન સાહિત્ય પ્રકાશન મંદિર મુંબાઇ-૯). Glimpses of Holy Koran. કુરાનની ઓળખ, એનાં વિચારરત્નો, ઈસ્લામના અગ્રચારીઓની ઓળખ અને કુરાનની જીવનોપયોગી આયાતો અસલ લખાણો સાથે તેના વિભાગવાર અર્થ સમજાવતું એક અભ્યસનીય ઉપયોગી અંગ્રેજી પુસ્તક. લેખક: મુહમ્મદ અઝિઝુલ્લાહ, ૧૯ શહીદે મિલાત રોડ, કરાચી-૫; (સ્વ. આદમ હાજી પીરમોહમદ ઈસાકના સ્મરણાર્થે વિતરિત).

સમગ્ર પ્રગતિપત્રક માર્ગદર્શિકા: બાળકોની પ્રગતિનું પત્રક તૈયાર કરવા અંગે ઉપયોગી સૂચનો આપતી પુસ્તિકા. લેખક: પલસાણે અને પરીખ. કિં. ૦/૫૦ પૈસા. **ચિત્તાની નિશાળ; હીરાની ખાણ** અને **આ ધૂળ આ માટી:** 'જયભિખ્ખુ' કૃત ત્રણ નવાં રોચક પ્રેરક પ્રકાશનો. કિં. અનુક્રમે ૨/૬૦ પૈસા, ૨/૧૫ અને ૧/૦.

વડનગરા નાગરોની સ્ત્રીઓમાં ગવાતાં ગીતોનો સંગ્રહ: માંગલિક (અને શોકના પણ) પ્રસંગોને ગીતો સાથે જડી દેવાની પ્રવૃત્તિ સાર્વત્રિક અને સનાતન છે. ઉચ્ચ વર્ગથી માંડી જંગલોમાં રહેતી આદિવાસી પ્રજા સુદ્ધાંમાં પ્રસંગવિશેષ પ્રમાણે ગવાતાં ગીતોની એક પરંપરા હોય છે. આવું સાહિત્ય લગભગ અગ્રંથસ્થ હોય છે. ક્યારેક કોઈક આવાં માત્ર જીહ્વાસ્થ ગીતોને ગ્રંથસ્થ કરે છે ત્યારે એક ઉપયોગી સેવા તેના હાથે થાય છે. શીર્ષકથી જ સ્પષ્ટ થઈ જતા આ સંગ્રહનાં સંગ્રહકર્તા સ્વ. ભાળાબહેન દેસાઇએ પોણોસો વર્ષ પહેલાં પ્રકટ કરેલા આ સંગ્રહમાં વડનગરા નાગર જ્ઞાતિમાં પરંપરાથી ગવાતાં આવતાં લગ્ન, જનોઈ આદિ પ્રસંગનાં ગીતો ઉપરાંત કેટલાંક સ્વ. ભોળાનાથ સારાભાઇએ પણ રચેલાં છે. ગ્રંથને અંતે જન્મ, જનોઈ, લગ્ન આદિ સંસ્કારોની રીતિઓનું વર્ણન કર્યું છે. (પ્રકાશક: પદ્મનાભ ભ. દેસાઈ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી શકુન્તરાય દેસાઈ, આકાશેઠ કૂવાની પોળ, રાયપુર, અમદાવાદ-૧ પૃ. ૧૨૧, રૂ. ૧-)

કંકાવટી

ભારતીય 'નાઈટિંગેલ' કુ૰ વૉટકિન્સ

'રેડક્રૉસ'ની આંતરરાષ્ટ્રીય સમિતિએ ભારતીય સૈન્યમાં ફરજ બજાવી રહેલા પરિચારિકા લેફ્ટનન્ટ કર્નલ કુમારી એફ. સી. વૉટકિન્સને 'ફ્લૉરેન્સ નાઇટિંગેલ પદક'નો આંતરરાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કર્યો છે. આ બહુમાન ભારત પરના ચીની આક્રમણ દરમ્યાન તેણે શિલૉંગની હૉસ્પિટલમાં ઘાયલ જવાનોની સારવારમાં જે અસાધારણ કર્તવ્યપરાયણતા દર્શાવી હતી તેની કદર રૂપે છે.

કુ. વૉટકિન્સ હાલમાં બૅંગલોરમાં ભારતીય સૈન્યની હૉસ્પિટલમાં ફરજ બજાવી રહ્યાં છે. આ પહેલાં ૧૯૪૬માં 'બીજા વર્ગનો રૉયલ રેડક્રૉસ' પુરસ્કાર પણ તેમણે મેળવેલો છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન કુ. વૉટકિન્સે 'મિડલ ઈસ્ટ ફોર્સ' સાથે પાંચ વર્ષ સુધી કાર્ય કર્યું હતું ને તેમાં તેમની અસાધારણ સેવા બદલ સૈન્યના સરસેનાપતિ તરફથી તેમને ખાસ પ્રશસ્તી-પત્રક મળ્યું હતું. કુ. વૉટકિન્સ છેલ્લાં ૨૫ વર્ષથી ભારતીય સૈન્યમાં પરિચારિકાની ફરજો બજાવી રહ્યાં છે.

ચીની આક્રમણના દિવસો દરમ્યાન વૉટકિન્સ શિલૉંગ ખાતેની હૉસ્પિટલમાં 'પ્રિન્સિપલ મૅટ્રન'ના સ્થાને હતાં. હૉસ્પિટલમાં અગ્રિમ સરહદી વિસ્તારોમાંથી રોજ સેંકડોની સંખ્યામાં ઘાયલ જવાનો આવતા તેમની સારવાર માટે કુ. વૉટકિન્સે રાતદિવસ કાર્ય કર્યું હતું અને આ દ્વારા તેમણે અન્ય કર્મચારીઓને પણ વધુ કાર્ય માટે પ્રેરણા પૂરી પાડી હતી.



પુરુષો કરતાં સ્ત્રીઓના સ્વરતંતુઓ નાના હોય છે. એનો તીણો અવાજ ઓછી શક્તિએ નીકળી શકે છે. પરિણામે સ્ત્રીઓ ઓછા પ્રયત્ને વધુ બોલી શકે છે. એમની જગતનામી ખાસિયતનો ભેદ હવે સમજાયો ને?

બાળસંભાળ

બાળકને ધવડાવ્યા બાદ ચત્તું સુવાડી રાખવામાં એના જીવનું જોખમ છે. ઇસ્પિતાલમાં જોજો, નવજાત શિશુઓને પડખાંભેર સુવાડવામાં આવે છે. ધાવ્યા બાદ બાળકના પેટમાંથી થોડું દૂધ પાછું આવે છે. બાળક પડખાભેર સૂતું હોય તો તે મોંમાંથી બહાર નીકળી આવી શકે છે; પણ બાળક જો ચત્તું સૂતું હોય તો પાછું આવેલું દૂધ તેના શ્વાસમાં જઇને તે મૂંઝાઇ મરવાનો પૂરો સંભવ છે.

ઘરનું આકર્ષણ

ઘરનો વહીવટ ચલાવનારે પોતાના કુટુમ્બનું ઐક્ય જળવાઈ રહે, સભ્યો પરસ્પર પ્રેમભાવ રાખે, સુખદુઃખમાં એકબીજાંને પડખે ઊભાં રહે એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ. ઘરને આનન્દનું એવું ધામ બનાવવું જોઈએ જેથી સાંજ પડયે જેમ પશુપંખી હોંશભેર ઘરભણી પાછાં વળે છે તેમ બહાર ગએલાં કુટુમ્બીજનોને 'ક્યારે ઘરે જઈએ' એવી અધીરાઈ થાય. ગૃહિણીએ ઘર, ખોરાક, આનન્દપ્રમોદનાં સાધનો તથા પોતાનો ચહેરો એ બધું જ આકર્ષક રાખવું જોઈએ.

પેલાં હંસાબહેન પૈસેટકે બહુ સાધારણ સ્થિતિનાં છે. તેમના પતિનો તો સ્વભાવ પણ ખાસ્સો તેજ છે. કદાચ ઘરવ્યવસ્થા બહુ સારી નહિ પણ રહેતી હોય. પણ તેમના ઘરમાં સૌને ઘરનું આકર્ષણ જબરું છે, તે હંસાબહેનની એક કરામતને આભારી છે. એમનો કંઠ બહુ જ મીઠો છે. રોજ સવારે તે મધુર સ્વરે પ્રભાતિયાં ગાતાંગાતાં ઘરનું કામ આરંભે છે. કાનને મીઠું લાગે એવું ગીત રેલાવતાં જાય અને કામ કરતાં જાય. દરરોજ સાંજે તેમને ઘેર ભજન ગવાય અને છોકરાં બીજાં ગીતો પણ ગાય.

મારો એવો અનુભવ છે કે જે ઘરમાં કુટુમ્બીજનો ભેગાં મળી દરરોજ ઈશ્વરનાં ભજન-સ્તવન કરે છે તે ઘરમાં કુટુમ્બના ઐક્યની ભાવના વધુ મજબૂત રહે છે. પોતે બચપણથી નિત્ય સાથે બેસીને ઈશ્વરની પ્રાર્થના કરી હોય છે તે હકીકત મોટાં થયા પછી, સંજોગવશાત્ ગામ-પરગામ રહેવાનું થાય તોપણ, કુટુમ્બીજનો ભૂલી જતાં નથી. પરસ્પર પ્રેમની ગાંઠ એવાં કુટુમ્બોમાં વધારે સુદૃઢ રહે છે.

—વિનોદિની નીલકંઠ

ઈ. ૧૯૩૭માં છ રાજ્યોમાં આવેલાં કૉંગ્રેસી પ્રધાનમંડળો વખતે શ્રી અખિલ ચૌધરી બિહારમાં પ્રધાન બન્યા પછી એક વાર એમનાં પત્ની ગામકૂવે પાણી ભરવા ગયાં, ત્યારે અન્ય પનિહારીઓએ પ્રધાનપત્નીને પાણી ભરતાં જોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું. તો ઉત્તર મળ્યો : 'એમાં શું? એ એમનું કામ કરે, હું મારું કરું.'

એક પુરાણકથા છે કે પૃથ્વીના પ્રારંભકાળમાં દેવવિધાતાએ નારી સરજવાનો વિચાર કર્યો તે વખતે જણાયું કે સર્જનની બધી જ સામગ્રી નર બનાવવામાં વપરાઇ ગઇ હતી. આ મૂંઝવણ ટાળવા એમણે જે કૈં મળ્યું તેમાંથી ચીજો પસંદ કરીને નારીનું સર્જન કર્યું.

તેમણે ચંદ્રમાંથી ગોળાઈ લીધી, વેલ અને લતાઓનાં ફરફરતાં તૃણમાંથી નરમ વળાંક ઉપાડ્યા, કુસુમોની પ્રફુલ્લતા લીધી, પાંદડાં અને હાથીની સૂંઢનો ઝુકાવ લીધો, હરિણની આંખોની પ્રસન્ન શોભા, વાદળની અશ્રુધારા, વાયુની નિઃશેષતા, સસલાની ધડકન, મયૂરની બંકિમા, પોપટના વક્ષની સુંવાળપ, વજ્રની સખ્તાઈ અને મધુની મીઠાશ, વાઘની ક્રૂરતા, અગ્નિની જ્વાળા, હિમનું શીત, ચકલીની ચકચક ને કોયલનો ટહુકાર, બગનો ઢોંગ ને ચક્રવાકની એકનિષ્ઠા લીધાં; અને એ સર્વેને ઘૂંટી તેમાંથી નારી સર્જીને ભગવાને નરને સોંપી.

(મળેલું) —ર. મ. રા.

દમાલુ

સામગ્રી : ૧ કિલો બોર જેવડા ઝીણા બટાટા, ૦ા કિલો કાંદા, બે ગાંઠિયા લસણ, ૦ાા કિલો તેલ, હળદર, મરચાંનો ભૂકો, ધાણાજીરું, મીઠું તથા ગરમ મસાલો.

બનાવવાની રીત : બટાટાને છોલી, ચપ્પુ અથવા સોયાથી છેદી, પાણીથી ધોઈ, ટોપમાં પ્રમાણસર તેલ મૂકી આખા જ વઘારવાં. ઉપરથી હળદર-મીઠું નાખવાં. પછી ધીમા તાપે તેલમાં જ સીઝવા દેવા. ભાંગે નહિ તેવી રીતે હલાવવા.

કાંદાને બારીક સમારી, લસણની કળી ફોલીને તેમાં મીઠા સિવાયનો બધો મસાલો નાખી, સાથે થોડું પાણી નાખી ઝીણું વાટવું. વાટેલા મસાલાને પિત્તળના ટોપમાં કે કડાઈમાં પ્રમાણસર તેલ મૂકી, સહેજ ગરમ કરી સાંતળવો. મસાલો છૂટો પડી જાય એટલે સીઝેલા બટાટા તેમાં નાખી થોડી વાર ધીમા તાપે સીઝવા દેવા. ઉપરથી ગરમ મસાલો નાખવો. આ 'દમાલુ' પૂરી, ચોપડાં કે રોટલી સાથે ખાવાથી ખૂબ જ સ્વાદિષ્ટ લાગશે.

(પ્રવાસી) —દેવળ સરૈયા

૪૫ : લસણ

લસણમાં ખાટા રસ સિવાય બાકીના બીજા બધા-પાંચે રસો ઓછાવધતા પ્રમાણમાં છે. એક રસની ઊણતાને કારણે એને સંસ્કૃતમાં **રસોન** કહે છે. લસણ ભારે, સ્નિગ્ધ, ઉષ્ણવીર્ય, તીક્ષ્ણ, તંતુયુક્ત (પિચ્છિલ), મળને સરકાવનાર, બળપ્રદ, કામશક્તિવધારનાર, મેધા, સ્વર અને નેત્રની જ્યોતિને વધારનાર ભાંગેલા હાડકાને સાંધનાર તથા કફ, વાયુ, કરમિયા, ગોળો, હૃદયરોગ, જીર્ણ તાવ, પેટનું શૂળ, ઉધરસ, અરુચિ, રાજયક્ષ્મા, હરસ, અગ્નિમાંદ્ય તથા દમને મટાડનાર છે.

રક્ત દબાવ

લોહીનો દબાવ વધી જતો હોય એમાં લસણ, ફૂદીનો, જીરું, ધાણા, કાળા મરી, સિંધવ બધાંને સારી પેઠે લસોટીને બનાવેલી ચટણીનું સેવન કરવાથી લોહીનું દબાણ ઘટે છે.

મૂર્છા

લસણ અને ડુંગળીનો રસ કાઢી સુંઘાડવાથી અથવા જરૂર જણાય તો એક બે ટીપાં નાકમાં મૂકવાથી મૂર્છા સરી જઈ જાગૃતિ આવે છે.

દુષ્ટ વ્રણ

શરીરના ઘામાં વિકૃતિ વધી ગઈ હોય અને ઘામાં કીડા પડ્યા હોય તો લસણની કળીને ચટણીની જેમ પીસીને એ વ્રણ પર લગાવવી. લસણથી કીડા મરી જશે અને ઘાની વિકૃતિ અટકીને રૂઝ આવવા માંડશે. પછીથી લસણ નાખીને કકડાવેલું તલનું તેલ વ્રણ પર લગાવવું.

દાદર

દાદર માટે પણ લસણની કળીઓ વાટીને લગાવવી. અલબત્ત, બળતરા થશે, પણ આ પ્રયોગથી દાદર મટી જશે.

કૂતરાનો દંશ

કૂતરું કરડે તો તરત ઘા પર વાટેલું લસણ લગાવી દેવું તથા દોઢથી બે તોલા છુંદેલા લસણને અર્ધા શેર પાણીમાં ઉકાળવું. ચોથા ભાગનું પાણી રહે એટલે ઉતારીને ગાળી લેવું અને જેને કૂતરું કરડ્યું હોય તેને પીવરાવી દેવું. પછી પણ સાતેક દિવસ સુધી લસણની ચટણીનો ખાવામાં ઉપયોગ કરવો. આ પ્રયોગથી કોઈ અનિષ્ટ અસર થતી નથી. કૂતરું હડકાયું હોય તો આ પ્રયોગ કરવાને બદલે એને માટેની સુયોગ્ય સારવાર લેવી.

ચોટ

પડી જવાથી કે બીજા કોઇ કારણસર હાડકા પર ચોટ વાગી હોય તો લસણ અને લાખને પીસીને ચટણી બનાવવી. સવાર-સાંજ મધ સાથે બે બે કળીની ચટણી ચાટી જવી. સાતેક દિવસમાં હાડકું દૃઢ બની જાય છે.

આમવાત

પાંચ તોલા ગાયના દૂધમાં લસણનો રસ અર્ધો તોલો મેળવીને રોજ સવારે પી જવો. આ પ્રયોગ ઉત્તમ આમનાશક પ્રયોગ છે. અથવા લસણ, સૂંઠ અને નગોડનાં પાનના સમભાગ મિશ્રણમાંથી એક તોલો લઈ ૧૬ તોલા પાણીમાં નાખી ઉકાળવું. ચાર તોલા પાણી રહે એટલે ઉતારીને ગાળી લેવું. સવારે તથા સાંજે પાંચ વાગ્યે આ ઉકાળો પીવો.

લાભશંકર ઠાકર

આરોગ્યવચન

આંખે ત્રિફળાં, દાંતે લૂણ,
પેટ ન ભરીએ, ચારે ખૂણ.

ત્રિફળાં (હરડાં બેડાં ને આમળાં)નો અધકચરો ભૂકો રાત્રે પલાળી રાખી તેનું ઠંડું પાણી રોજ સવારે આંખે છાંટવું, દાતણ કરતી વખતે દાંતે નિયમિત મીઠું ઘસવું, અને ક્દી પેટ ફાટફાટ થાય એટલું ખાવું નહિ, એ આરોગ્યને ઉત્તમ રાખવાની ચાવી છે.

શ્રાવણમાં વાવવાનાં શાકભાજી

ગાજર, બીટ, વાલોળ, ટમેટાં, મૂળા, લેટ્યુસ ભાજી, વટાણા, મોગરી, નોલકોલ, ડુંગળી, સલગમ, ટમાટાં.

એક વાતોડિયણ સ્ત્રીએ એક હૃષ્ટપુષ્ટ માણસને નદીકિનારે માછલાં પકડતો જોઈ કહ્યું : 'તમને શરમ નથી આવતી? આવી ગરીબ બીચારી માછલીઓને પકડવા કરતાં તમે બીજું કોઈ વધારે સારું કામ શોધી શક્યા નહિ?'

'તમારી વાત કદાચ સાચી હશે, બહેન;' માછીમારે કહ્યું : 'પણ આ માછલીઓ જો પોતાનું મોં બંધ રાખતી હોત તો એ મારા હાથમાં ભાગ્યે જ સપડાત.'


પતિ : પાણી ઊકળી જાય છે ને મને ચાનો ડબ્બો જડતો નથી. બોલને, ક્યાં છે?

પત્ની : તમને ક્યા દિવસે કોઈ ચીજ જડે છે? મારા કપડાંના કબાટમાં એક કૉફીનો ડબ્બો છે, એના ઉપર 'દિવાસળીની પેટી' એવી એક ચિઠ્ઠી ચોંટાડેલી છે, એમાં ચાનું પડીકું છે.

માથાના વાળ ખરતા હોય તો ૦ા કિલો કોપરેલ તેલમાં જાસવંતીનાં પાંચ-છ ફૂલ નાખી ઉકાળવું. રાતે સૂતાં પહેલાં અને સવારે સ્નાન કર્યા બાદ આ તેલ પંદરેક દિ' વાપરી જોજો.



પર્ણો. પીંછીના ભારે લસરકા છતાં એની નજાકત જોઈ?



બંસીધર (વૂડકટ)


વિવિધા

પાતળી રેખાઓ અને ઝીણીઝીણી વિગતો ભરવાથી જ ચિત્રનો ઉઠાવ આવે એવું નથી. આ પાના પરના નમૂના જુઓ. વિગતની લપમાં પડ્યા વગર મોકળે હાથે એમાં શાહી વહાવી છે.



જાડી લીટીઓથી કરેલું આ દૃશ્ય નાનું હોય કે મોટું, સરખું જ આકર્ષક લાગશે.






પીંછીને પૂરી મોકળાશ આપવામાં જાપાન કદાચ અગ્રગણ્ય છે.
અને ઉઠાવને ઝાંખો પડવા દીધા વિના એમાં કરકસર પણ કરી જાણે છે.


ભારતીય કલાકૌશલનો સંગ્રહ

ભારતીય કલાકૌશલ એ પ્રાચીન કાળથી ચાલ્યા આવતા વિકાસનો પરિપાક છે. પણ અતિ ઝડપે બદલાતા જતા આ યુગમાં એ કલાકારીગરી પણ હવે વિલીન થતી જાય છે ને જો પૂરતું સંરક્ષણ ન પામે તો સંભવ છે કે એ સદાને માટે લુપ્ત પણ થઈ જાય. આથી અખિલ ભારત હસ્તકલા મંડળે, ૧૯૫૨માં તેની શરૂઆત થઈ ત્યારથી, અભ્યાસ સંશોધન અને પુનઃનિર્માણ માટે આવી મૂલ્યવાન ને દુર્લભ વસ્તુઓ એકઠી કરવાનો અને જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે. ઘણા પરિશ્રમપૂર્વક એકઠા થએલા એ કલાત્મક નમૂનાઓ માટે એક કાયમી સંગ્રહસ્થાન–મ્યૂઝિયમ શરૂ કરવાનો વિચાર ઉદ્‌ભવ્યો તદ્‌અનુસાર તાત્કાલિક વ્યવસ્થા તરીકે એ અપૂર્વ સંગ્રહ હાલ નવી દિલ્હીમાં થાપર હાઉસમાં આખવામાં આવ્યો છે.



આ મૂલ્યવાન સંગ્રહ માટે જે સ્થાયી ભવનનું નિર્માણ થઈ રહ્યું છે એમાં કાયમી પ્રદર્શનખંડો ઉપરાંત ખુલ્લામાં પણ કેટલીક સામગ્રી પ્રદર્શિત થઈ શકે એવી યોજના વિચારાઈ છે. આ ઉપરાંત, વ્યાખ્યાનો અને નમૂનાઓની સક્રિય રજૂઆત માટે છસો બેઠકોવાળો સભાખંડ, તાલીમ માટેના વર્ગો, ગ્રંથાલય ને વાચનખંડ, એક ખાસ પ્રદર્શનખંડ, બાળકો માટેનો વિભાગ, વેચાણવિભાગ, ભંડાર, પ્રયોગશાળા વગેરેની પણ વ્યવસ્થા એમાં વિચારાઈ છે. આ રીતે અહીં આવનારને પ્રત્યેક રીતે પ્રેરણાદાયી બની રહે એવાં વાતાવરણ અને સગવડનું એમાં આયોજન થશે.

કલા-કૌશલ સંગ્રહસ્થાનમાં સંઘરાએલી કેટલીક કૃતિઓ. ઉપર: તાંજોરની દર્પણ અને સોનાના જડતરવાળી કાષ્ઠની પાલખી. નીચે: મુર્શિદાબાદની હાથીદાંતની હોડી. ડાબી બાજુ નીચે: રૂ લાખનો ઢોળ ચડાવેલી રાજસ્થાનની બે ઘોડાની ગાડી.



આ સંગ્રહસ્થાન માત્ર જૂની ભારતીય કલાકારીગરીના કિંમતી અને દુર્લભ નમૂનાઓ સંઘરવા માટે જ નથી. એ જ વસ્તુઓ આજે પણ બનાવી શકાય ને જરૂર પડે એમાં સુધારાવધારા કરીને એને વધુ સારી રીતે તૈયાર કરી શકાય એ પરિસ્થિતિ પેદા કરવાનું પણ આની પાછળ ધ્યેય છે. અને એ રીતે આપણા રોજિંદા સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસનું એક અગત્યનું સંસ્કારકેન્દ્ર બનશે.




એના હાલના સંગ્રહમાં વિવિધ પ્રકારની પ્રાદેશિક ઢીંગલીઓ, રમકડાંઓ, ચિત્રો, પથ્થર અને હાથીદાંતની કારીગરી, લાકડાની ને ધાતુની વિભિન્ન વસ્તુઓ તથા અનેકવિધ પ્રકારના કાપડના નમૂનાઓ છે. ભારતના જુદાજુદા પ્રદેશનાં માટીનાં રમકડાં અને અનેક પ્રકારનાં ઘરેણાંઓ પણ સંઘરાયાં છે. ભભકભર્યા રંગો અને અવનવી શોભનભાત તથા વિવિધ પ્રકારના વણાટ દ્વારા ભારતીય કારીગરોની કલ્પનાશીલતા ને કૌશલના ઊંડાણનો અચ્છો ખયાલ આપતા કાપડનો એનો સંગ્રહ વિશિષ્ટ છે. એમાં કલમકારી છપાઈ, બાલુચર સાડીઓ, મછલીપટ્ટમના બાટિક, બનારસી પાલવ, ગુજરાતી પટોળાં, તાંજોરનું રેશમ, પંજાબી ફૂલકરી, કાશ્મીરી શાલ ને બંગાળની સુશોભિત કંથાઓ સાથે અનેકવિધ પોશાકો, સુંદર ભરતકામ ને વિવિધ પ્રકારનાં ચોળી–ચણિયાઓનો પણ સુંદર સંગ્રહ છે.



દુર્ગાદેવીની બંગાળાની પ્રણાલિકાગત માટીની મૂર્તિ





દેશમાં અનેક પ્રકારના દાગીના જોવા મળે છે, પણ ભારતનું પરંપરાગત આકૃતિવિધાન તો કદાચ ગ્રામીણ ઘરેણાંઓમાં જ જળવાયું છે. આ પ્રકારના શક્ય એટલા બધા નમૂનાઓ એકઠા કરવાનો પણ આ સંગ્રહમાં ખાસ પ્રયાસ થયો છે. આ રીતે લુપ્ત થતા જતા એ વિભિન્ન દેશી આકૃતિવિધાનો પરથી આજના કારીગરો ઘણી પ્રેરણા મેળવી શકશે.

આમ, આ નમૂનાઓ સંઘરીને, પ્રદર્શિત કરીને ને એના કાર્યની સમજણ આપીને આ સંગ્રહસ્થાન દેશના કલાકૌશલના યુગજૂના ક્ષેત્રમાં યોગ્ય અને અદ્વિતીય ફાળો આપશે. **આ** વર્ષે ઉત્તમ કલાકૌશલ બદલ અપાએલા ૧૩ ઍવોર્ડમાં આજ સુધી જાળવી રાખેલા પટોળાના પરપરાગત વણાટકૌશલ અને એમાં દાખવેલા વિવિધ કસબ માટે પાટણના કેશવલાલ લહેરચંદ સ.ળવીને પણ ઍવોર્ડ આપવામાં સાબ્યો છે. એના ફોટા ઉપર છે.

ચીતરવાનું સહેલ છે [૫] માનવ-આકૃતિઓ

મનુષ્યને પોતાની આકૃતિમાં સ્વાભાવિક આકર્ષણ અને રસ હોય છે. તેથી બધાંને માણસના ચહેરા, છબિઓ અને કથાચિત્રો જોવા તથા કરવાનું મન થાય છે. નાનાં બાળકો કંઈ પણ જ્ઞાન વિના માણસની આકૃતિ કરવા હિંમત કરે છે. ઢીંગલીઓની આકૃતિઓ જુઓ તો તેમાં સાદામાં સાદી રીતે માણસ બનાવવાનો પ્રયત્ન હોય છે અને પુખ્ત વયે પહોંચેલા સમજદાર માણસો પોશાકમાં, રહેઠાણમાં, હથિયાર વાપરવામાં કે કંઈ પણ કામ કરવામાં માણસના શરીરના પ્રમાણનો આધાર લે છે.

માણસનું હૂબહૂ ચિત્ર કરવા તો તેનો પૂર્ણ પ્રત્યક્ષ અભ્યાસ કરવો પડે, છતાં પોતાના મનથી પણ માણસની લીલા ચીતરવી બહુ મુશ્કેલ જણાતી નથી. કેટલીક બાબતો માણસ પોતાના વિષે જાણતો જ હોય છે, પણ તેનાં માપ વિષે તે સભાન હોતો નથી. તે વિષે થોડુંક જ્ઞાન એ સ્મરણમાં ઉતારે તો માનવ-આકૃતિ કરવામાં તેને સારી ફાવટ મળશે.

ચિત્રપટ નં. ૫ જોતાં સમજાશે કે ચહેરો લંબગોળ ઈંડાકૃતિ છે. તેની ઉપરની ઊભી મધ્યરેખાની બે બાજુ આંખ કાન નાક મોં ચાર ભાગમાં ઉપરનીચે ગોઠવાયાં છે. ચહેરો બાજુએ ફરે છે ત્યારે એ જ ચાર ભાગ કાયમ રહે છે, પણ કપાળ નાક મોં દાઢી કેવાં ઊંચાંનીચાં રહે છે તે ચિત્રમાં બતાવ્યું છે. આ માપોની ખાતરી તમે એક સજીવ ચહેરાનાં માપો લઇને કરી શકશો. કાનની વિગતો અઘરી છે. તે જ પ્રમાણે આંખ પણ અઘરી ગણાય છતાં તેનું સાદું રૂપ બદામ કે માછલી આકારમાં એક ગોળ કાળી કીકી દોરવાથી બની શકે. પણ આ દરેક અંગના છૂટા સમાન માપનાં ચિત્રો અનેક વાર કરી જોવાં. વળી, ચહેરામાં આ અંગો ક્યાં કેટલે અંતરે હોવાં જોઇએ તે સમજવા અંદરની ખોપરી જેવો ઘાટ સિદ્ધ કરવો. (જુઓ ચિત્રપટ)


ચહેરા પરના ભાવોની મજા માણવા ગોળ સિક્કાથી પાડેલાં વર્તુલોમાં સાદી લીટીઓની કરામત બેસાડતાં ખૂબ મજા પડશે. (ચિત્રપટમાં નીચે એનાં ઉદાહરણો આપ્યાં છે.) સાત વર્તુલો પાડેલા કાગળો મિત્રો બેઠા હોય ત્યાં આપી સૌને આવા લીટા કરવા કહેશો તો દરેક જણ કંઈક અવનવા ભાવો કરી બતાવશે.

ચહેરા પછી માણસનું આખું શરીર ક્યા સામાન્ય માપે રચાયું છે તે સમજવા, તાળવાથી દાઢીના માપને એક એકમ બનાવી એવા સાત એકમો પર તેની ગોઠવણ બતાવી છે. સ્ત્રીનું માપ નીચું છે.

તે જ પ્રમાણે હાથની લંબાઇ સમજવી. તે માથાને કેટલે સુધી લંબાય છે તે સ્પષ્ટ કર્યું છે. પડખે ઊભેલ માણસની લંબાઈ સરખી જ છે પણ તેના ઊભા રહેવામાં તેની બ્રહ્મરેખા (ગુરુત્વાકર્ષણ રેખા) માથાથી પગ સુધી કેમ ઊતરે છે તે પર ધ્યાન આપવું. સ્ત્રીઓનું શરીર કોમળ હોઈ એક પગ ઉપર વજન રાખે ત્યારે આ બ્રહ્મરેખાનું વજન કે કેન્દ્ર ક્યાં પહોંચે છે તે જાણી લ્યો.

બેસેલા માણસની આકૃતિમાં હાથપગની લંબાઈ એકની એક હોય છે. બીજાં અવયવો સાથે તેનો કેવો મેળ છે. હાથનાં કાંડા, આંગળીઓ, અંગૂઠા વગેરેના સંબંધો–સાંધા અવશ્ય સમજી લેવા. બાળકનાં પ્રમાણો વયની સાથે બદલાતાં રહે છે. પટના નીચેના અડધમાં માણસની અંદરની રચનાનો સાદો ખયાલ આપ્યો છે અને તે પ્રમાણે માણસની હીલચાલ-ગતિ આકાર લે છે. આવાં સાદાં રચનાસ્વરૂપો ઉપર પાકો હાથ બેસારવા યાદ રાખીને ગમે ત્યારે ગમે તે માપમાં દોરવા પ્રયત્ન કરતા રહો. આલેખનના કોઈ પણ વિષયમાં અનેકાવાર દોરવાનો મહાવરો જ વિશેષ સિદ્ધિ આપશે.

જીવનપટનાં સ્મૃતિચિત્રો (અનુસંધાન પૃ. ૪૩૯થી) આપણા ચિત્તમાં પ્રત્યક્ષ કરી ન શકીએ તો બાળકોનાં મન ઉપર તેની કશી જ અસર થતી નથી. વાર્તાના જુદા જુદા આકારો અને રચનાઓમાં મને ચિત્ર-વિષયોના બંધારણનો પણ ખયાલ આવવા લાગ્યો. અચાનક જ સર્જકતાનાં મૂળ તરફ હું જવા લાગ્યો. એ દિવસોમાં હું કશી બાહ્ય પ્રગતિ બતાવી શકયો નહિ હોઉં, પણ આંતરવિકાસનું પગથિયું એ બાળકોના સહવાસમાં મને મળી ગયું. એમના આનંદ માટે પ્રયત્ન કરતાં મને સાચો પુરુષાર્થ લાધ્યો. (ચાલુ)



તાંતણા

લેખક · પુષ્કરભાઇ ગોકાણી

ગુનાશોધનમાં જેટલું મહત્ત્વ વાળના પુરાવાનું છે એટલી જ અગત્ય તાંતણા (fiber)ના પુરાવાની પણ છે. વાળ વિષે આપણે જોઈ ગયા. અહીં તાંતણા વિષે જોઇએ. તાંતણાના ઘણા પ્રકાર છે ને એ બધાની ઓળખ ગુનાશોધનમાં અત્યંત આવશ્યક અને કેટલીક વાર તો અનિવાર્ય થઈ પડે છે.

રેશમ, કરોળિયાની જાળનો તાર વગેરે, વાળ સિવાયના તાંતણા તે પ્રાણિજ; સૂતર, શણ, કાથી વગેરે વનસ્પતિજ અને નાયલૉન, ટેરેલિન વગેરે રાસાયણિક કે કૃત્રિમ તાંતણા–એમ એને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. આ તાંતણાઓમાં પણ વાળની પેઠે મેડયુલા, ક્યુટિકલ ને કૉર્ટેક્સ જોવામાં આવે છે. આ બધામાં સામાન્યત: મેડયુલાનો વિસ્તાર મોટો હોય છે. પુરાવામાં જો પૂરતા પ્રમાણમાં તાંતણા મળે તો એને બાળીને એ વિષે ઘણું વધારે જાણી શકાય. બાળવામાં વાળ તુરત જ ઓળખાઈ આવે છે એ આપણે જાણીએ છીએ. પ્રાણિજ તાંતણા જલદી બળી શકતા નથી ને બળે છે ત્યારે તેમાંથી એક વિશિષ્ટ વાસ આવે છે. વળી, બળતી વખતે પીગળતા હોય એમ એક છેડેથી ગોળ વળતા ચવ્વડ થતા પાછા ખેંચાતા જાય છે. વનસ્પતિજ તાંતણા એક છેડેથી સહેલાઈથી બળતા જાય છે. રાસાયણિક તાંતણા એકદમ બળવા લાગે છે ને પ્રાણિજ તાંતણા પેડે પીગળતા લાગે છે.

આ ઉપરાંત, તાંતણાની ઓળખ માટે બીજી પણ અનેક રાસાણિક પ્રક્રિયાઓ છે. દા. ત. (૧) પોટાસિયમ હાઇડ્રોક્સાઈડ કે કૉસ્ટિક સોડામાં પ્રાણિજ તાંતણ ઓગળે છે જ્યારે વનસ્પતિજ કે રાસાયણિક તાંતણા ઓગળતા નથી. (૨) ગંધકના તેજાબના મંદ દ્રાવણમાં સૂતરાઉ ને રેશમી તાંતણા ઓગળે છે પણ શણ, લીનન, ઊન વગેરે ઓગળતા નથી. (૩) સતપ હાઇડ્રોક્લોરિક ઍસિડ રેશમને ઓગાળે છે પણ સૂતર સહિત અન્ય તાંતણા પર એની અસર થતી નથી. (૪) થાયામોલ અને ગંધકના તેજાબમાં સૂતર, લીનન કે શણનો તાંતણો નાખતાં તે જાંબલી રંગનો થઈ જાય છે, જ્યારે રેશમ કે ઊનના તાંતણા પર એવી અસર થતી નથી. (૫) સોડિયમ નાઇટ્રો પ્રુસિડ ઊનના તાંતણાને જાંબલી બનાવી દે છે પણ સૂતર, લીનન, રેશમ કે શણ પર એવી અસર થતી નથી. (૬) આલ્ફા નેપ્થોલ અને ગંધકના તેજાબનું આલ્કોહોલ સાથેનું દ્રાવણ વનસ્પતિજ તાંતણાને જાંબલી રંગ આપે છે પણ પ્રાણિજ કે કૃત્રિમ તાંતણા પર એની અસર નથી. (૭) રાસાયણિક તાંતણા ખાસ પ્રકારના દ્રાવણમાં જ ઓગળે છે અને તે પણ બહુ ધીરે ધીરે. વળી સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા આ તાંતણા સહેલાઈથી ઓળખાઈ આવે છે, કેમ કે એનું બંધારણ કોષમય હોતું નથી.

સામાન્યત: તાંતણા છૂટા તો ક્યારેક મળે છે, પણ કપડાના ટુકડા કે લીરા ઘણી વાર મળી આવે છે. ગુના સાથે એને સાંકળવા માટે એનું માપ, આકાર, રંગ, જાત, રંગની જાત, વણાટ, એમાંના તાંતણાની ગણતરી, એના વળની દિશા, એના પર પડેલા અન્ય ડાઘ વગેરેની ખાસ નોંધ લેવાય છે. ને તે વિષે વિગતે તપાસ થાય છે.

ઘણી વખત એવું પણ બને કે તાંતણાની આવી બધી ઝીણવટ ભરી તપાસ પછી પણ એને કંઈ ઉપયોગમાં લેવાની જરૂર જ ન પડે. પણ તેથી ખરો ગુનાશોધક એના પ્રત્યે દુર્લક્ષ તો ન જ સેવે.

એક કલ્પિત દૃષ્ટાંત જોઇએ:

એક નાના સ્ટેશને ભારખાનાના એક રોડવાનમાંથી કોથળામાં બાંધીને ચડાવી દીધેલું એક શબ મળી આવ્યું. શબ પુરુષનું ને તદ્દન વસ્ત્રવિહિન હતું. એનું મોં છુંદાએલું હોઈ ઓળખ પણ મુશ્કેલ બની જાય એવી એની હાલત હતી. ઘટતો વિધિ કરી જમાદારે એને જિલ્લા કચેરીએ મોકલ્યું ને ત્યાંથી રોડવાન અમદાવાદથી જોડાએલું હોઈ, એ, શબ અમદાવાદ આવ્યું. ઈન્સ્પેકટર જાડેજાને એની તપાસ સોંપાઈ. જાડેજાએ જોયું કે શબ કોઇ ચાલીસ-પિસ્તાલિસ વર્ષના મુસલમાનનું લાગતું હતું. એના શરીર પરથી શક્ય એટલા પુરાવા તારવતાં જાડેજાએ એના કાનના ગાળામાં ભરાએલો મેલ પણ કાઢી લીધો. એ મેલ સાથે એક નાનકડો તાંતણો પણ એને મળ્યો. પ્રયોગશાળામાં એની તપાસ થતાં જાણવા મળ્યું કે મેલમાં દાક્તરો વાપરે છે એવી એડહેસિવ પટ્ટીની જેવી ચિકાશ છે અને પેલો તાંતણો પણ એવી પટ્ટીઓમાં હોય છે એવો જ છે. આ માહિતીથી મરનારની ઓળખ મળશે જ એમ તો ન કહી શકાય પણ છતાં જાડેજાએ શહેરમાં એવી પટ્ટીઓ બનાવતા એકમાત્ર કારખાનાની મુલાકાત લીધી. ઉસ્માન નામનો ત્યાંનો એક માણસ બહારગામ ગયા પછી રજાઓ પૂરી થઈ ગઈ હોવા છતાં પાછો ફર્યો નહોતો. લાગતાવળગતાઓને પૂછી જોતાં જાણવા મળ્યું કે વીરમગામ તરફ એ એના સંબંધીઓ પાસે ગયો હતો. મિત્રો સાથે પડાવેલો ઉસ્માનનો એક ફોટો પણ મળ્યો. ઉસ્માનના અમદાવાદના સંબંધીઓ પાસેથી વીરમગામ એ જેમને ત્યાં ગએલો એમનાં નામ-સરનામાં પણ મળ્યાં.

વીરમગામની તપાસમાં જાડેજાએ ઉસ્માનના સૌ સંબંધીઓને અલગઅલગ બોલાવીને સવાલો કર્યા. ઉસ્માનને વીરમગામથી ગાડીમાં વળાવ્યાનું તો બધા એક સરખું જ કહેતા, પણ બીજા કેટલાક જવાબો સરખા ન લાગ્યા. જાડેજાએ શક ઉપર એમને ગિરફતાર કર્યા ને પછી આકરી પૂછતાછ આદરી. આખરે એમણે કબૂલ કર્યું કે ઉસ્માન એમને ત્યાં આવેલો. સૌ જુગાર રમવા બેઠેલા એમાં બોલાચાલી ને પછી મારામારી થઈ અને એમાં ઉસ્માન માર્યો ગયો. પકડાઈ ન જવાય એટલા સારુ એ ઓળખાય નહિ એ રીતે એનું મોં છૂંદી, કોઈ પુરાવો મળે નહિ માટે એના શરીર પરથી બધું જ ઉતારી લઈ એમણે ઉસ્માનના શબને કોથળામાં નાખી લાગ જોઈ વેગનમાં ચડાવી દીધેલું.

વૃત્તિ અને ગરજ (અનુસંધાન પૃ. ૪૩પથી) 'વ્યક્તિ' જ થાય છે. જેમ વૃત્તિની અસર વ્યક્તિત્વ ઉપર પડે છે તેમ વ્યક્તિત્વનું વર્ચસ્વ વૃત્તિઓ ઉપર રહેવું જોઇએ.

જાણવાનું કુતૂહલ સંતોષવા તમે હલકાં સામાયિકો વાંચી શકો કે શિષ્ટ ગ્રંથોનો અભ્યાસ કરી શકો. મૂળ વૃત્તિ એની એ જ હતી, પણ પરિણામ કેવાં જુદાંજુદાં આવશે?

સફળતા મેળવવાની વૃત્તિ પણ દરેક માણસમાં હોય જ છે. પણ કેટલાકને એ તનતોડ મહેનત કરવા પ્રેરે છે જ્યારે કેટલાકને વાસ્તવિક જીવનમાં હાર ખાઇને દિવાસ્વપ્નોની ખોટી સૃષ્ટિમાં આશરો લેવા સૂચવે છે.

આધ્યાત્મિક વૃત્તિ પણ દરેકમાં છે પણ કેટલાકમાં એ અંધશ્રદ્ધા અને વહેમનું વિકૃત સ્વરૂપ લે છે, જ્યારે બીજાઓમાં એ બુદ્ધિપૂર્વકની ભક્તિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ ધારણ કરે છે.

એ વૃત્તિઓ—એ જરૂરિયાતો લઇને તમારે તમારું વ્યક્તિત્વ ઘડવાનું છે. એમાંની એકેયની ઉપેક્ષા ન કરો, હાથમાંથી જવા ન દો.

સ્થપતિ યોજના આલેખે છે,
અર્થશાસ્ત્રી અંદાજપત્ર કાઢે છે,
મુસાફર નકશો દોરે છે.

તમારું મકાન, તમારો વેપાર, તમારી યાત્રા—હા, તમારું વ્યક્તિત્વ—શું એ આટલી તૈયારી પણ નહિ માગે?



પચ્ચીસ વર્ષ પહેલાં કુમાર

સપ્ટેમ્બર ૧૯૭૦ અંક ૨૦૧

પાછળથી પુસ્તકાકારે બહાર પડતાં જેને સુરતની સાહિત્યસભાનો નર્મદ સુવર્ણચંદ્રક અપાયો તે 'જીવનનું પરોઢ' સૌપ્રથમ તો 'કુમાર'માં ક્રમશઃ પ્રકટ થએલું. ગાંધીજીના પિતરાઈ ભાઈ છગનલાલ ગાંધીના પુત્ર પ્રભુદાસે દસબાર વર્ષની નાની વયે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડતના અને પોતાના ઘડતરકાળનાં અત્યંત વાસ્તવદર્શી ચિંતનયુક્ત અને હૃદયસ્પર્શી સ્મરણો એમાં આલેખ્યાં છે. આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આપેલું પોતાના કાકા મગનલાલ ગાંધીનું એ લડત વેળાનું એક પાવક અને પ્રેરક વર્ણન કરતું પ્રકરણ અહીં વાનગી તરીકે ઉતારીએ :

ગોસ્વામી તુલસીદાસજીએ રામાયણના બાલકાંડમાં પાર્વતીના તપનું બહુ વેધક વર્ણન આપ્યું છે. કવિની શ્રદ્ધામાં વાંચનારને ઘસડાવું જ પડે છે કે આ આખી સૃષ્ટિનો આધાર કેવળ તપ છે. લીલીકુંજાર વનસ્પતિમાંથી પાણીનો અંશ ખેંચી લેવામાં આવે તો એ જેમ ખાખ થઈ જાય તેમ સંસારમાં સઘળે ફેલાએલું તપોબળ છૂટું પાડી નાખવામાં આવે તો દુનિયાના પણ ભુક્કા ઊડી જાય. આ વાત સંસારના ચાલુ વ્યવહારને માટે સાચી છે, તો લડાઈને માટે વધુ સાચી છે. સાચા તપનો સંગ્રહ જે પક્ષમાં વધતો જાય તે વિપક્ષ ઉપર એટલી સરસાઈ ભોગવતો થાય. દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની છેલ્લી લડાઈ ઘણી જલ્દી સફળ બની એના મૂળમાં તપનો પ્રચંડ પ્રવાહ વહ્યો એ હકીકત હતી.

જેલમાં જેટલા પૂરાયા હતા તેમના કરતાં જેલ બહાર રહેલાનું તપ અનેકગણું ઉગ્ર અને પ્રભાવકારી હતું. જે જેલમાં જઈને બેસે એને મન પોતાનું કર્તવ્ય કરી લીધાનો સંતોષ હોય, પણ બધા જ એ માગે અને બહાર તપનો પ્રવાહ ઓસરી જાય તો અહિંસક લડાઈનો અંત આવે.

અમને બાળકોને પણ જેલ જવાનું ન મળ્યાનો ખેદ હતો, તો પછી મગનકાકા જેવા યોદ્ધાને એ ખેદ કેટલો ભારે હશે! પણ મનના આવેગ જુદીજુદી છટાથી સંભળાવતા ફરવું એ મગનકાકાને મન અક્ષમ્ય દોષ હતો. નિસાસો નાખવામાં યે મોઢાની વરાળ વેડફી મારવા કરતાં પોતાના અંતરની બધી વરાળ સેવાના કામમાં જ સાચી રીતે ખરચી દેવામાં તેઓ જીવ્યું ધન્ય સમજતા. જેલવાસીઓને એકબીજાનાં સુખદુઃખની જાણ ભાગ્યે જ મળતી; પણ મગનકાકા પાસે તો સત્યાગ્રહીઓના અપમાન અને ઉત્પીડનની ગાથા રાતદિવસ પહોંચતી રહેતી. એ બધાનાં દુઃખનો આઘાત ચર્ચા કરીને હળવો કરનારું મિત્રમંડળ ફીનિક્સના એ જંગલમાં ક્યાંથી મળે? એવી પરિપાટી પણ ત્યાં ન હતી. શંકા, નિરાશા, કંટાળો, કશાને દાદ દીધા વિના નિતનવા ધૈર્યથી ચોતરફની સતામણી મૂંગે મોઢે મગનકાકાએ ઘોળીને પી જવાની હતી. આકરામાં આકરી ઉશ્કેરણીમાં યે મનને ટાઢું બોળ રાખવાનું હતું. સાથે સાથે 'ઇન્ડીઅન ઓપીનિયન' દર બુધવારે પ્રગટ કરી દક્ષિણ આફ્રિકાની હિંદી પ્રજાને માર્ગદર્શન કરવાનું હતું. આ ઉપરાંત ફીનિક્સ આશ્રમની દિનચર્યા અને અમ બાળકોની ટોળીનું રક્ષણ કરવાની જવાબદારી જે એમને શિર હતી, તે પાછલા પ્રકરણોમાં જણાવી ગયો છું. દુઃખની વાત એ છે કે એ દિવસોની એમની ડાયરી લખાએલી નથી. એટલે મારી સ્મૃતિ ઉપરથી હું કહી શકું કે નિરાહારી–ઉપવાસી–જે હિસાબે રોજ સુકાય એ હિસાબે મગનકાકાની જુવાનજોધ દેહયષ્ટિ નિશદિન સુકાતી ચાલી હતી.

એમની દિનચર્યા તપસ્વીને હરાવે એવી હતી. મળસ્કે બે કે અઢી વાગ્યે ઊઠી છાપા માટેનું લખાણ લખવા તેઓ બેસતા. 'ઇન્ડિયન ઓપીનિયન'નાં બધાં ગુજરાતી કૉલમો એમને એકલા હાથે ભરવાનાં રહેતાં. પ્હો ફાટ્યે અમે ઊઠીએ ત્યારે મગનકાકાની પથારી અનેક કાગળિયાંથી પથરાઈ ગઈ હોય અને પોતાના છાપેલા જેવા સુંદર મરોડદાર અક્ષરે વધુ ને વધુ પાનાં તેઓ ભરતા જતા હોય. આઠ સાડા આઠે લખાણો પૂરાં કરી તેઓ છાપખાને પહોંચે.

ફીનિક્સમાં સવારનું શીરામણ આખા દિવસના ખોરાકનો ઉત્તમ ભાગ રહેતો. સારો પુષ્ટિકર નાસ્તો અમે લેતા. સત્યાગ્રહસંગ્રામના દિવસોમાં મગનકાકાએ આ નાસ્તાનો ત્યાગ કર્યો હતો. સાંજનો ખોરાક પણ કામના બોજાને લીધે ઘણીખરી વાર છોડી દેતા. આખો વખત કામકાજમાં જ તેઓ ડૂબેલા રહેતા. છેક દીવાટાણા સુધી છાપખાનામાં જાતે બીબાં ગોઠવવાં, પ્રૂફ વાંચવાં, ફરી તે સુધારવાં અને ટપાલના થોકડા ઉકેલવાનું તેઓ કરતા. બપોરે અર્ધો પોણો કલાક અમારી સાથે ભોજનમાં, અને બની શકે ત્યાં સુધી શાકવાડીની સેવામાં સાંજે એક કલાક તેઓ છાપખાનામાંથી બહાર આવતા.

કેટલીક વાર બપોરે બેત્રણ વાગ્યે તેઓ પોતાના મેજ પરથી ઊઠીને ચાલ્યા જતા. અમારું કામ એવું કે વારેવારે તેમને પૂછવું પડે. એટલે થોડી વાર થાય ને તેઓ ન દેખાય કે અમે એમની શોધમાં નીકળી પડીએ. એવા અનેક વાર મેં એમને છાપખાનામાંથી થોડે દૂરના લીલા ઘાસની અંદર આળોટતા ભાળ્યા છે. અમે જઈએ એટલે તેઓ આળસ મરડી ઊભા થઈ જાય અને સ્નેહભર્યે અવાજે પૂછે, 'શું કામ છે?' અને વગર પૂછ્યે ખુલાસો આપે, 'લખતાં લખતાં ઝોલાં આવવા લાગ્યાં એટલે અહીં આવી આ ધરતી ઉપર આળોટી લીધું. પથારી કરતાં ખુલ્લી જમીનમાં ઘણા વધારે ગુણ છે. માટી શરીરનો થાક બહુ જલદી ચૂસી લે છે. દસ મિનિટમાં ત્રણ કલાકની ઊંઘ જેટલા તાજા થઈ જવાય છે.'

શરીર કરતાં મનનું દમન એ અરસામાં તેમણે ઘણું વધારે કર્યું. તેનો સૌથી મોટો પુરાવો મારા એકએકથી ચડિયાતા કેટલાયે અપરાધોમાં તેમણે ગુસ્સો ન આણ્યાનો છે. વાતવાતમાં તેમની લાલ આંખો અને આકરા મારનો અનુભવ મને બહુ નાની ઉંમરથી મળેલો. તેમની ચીડનો ભય સદા મને પજવ્યા કરતો; પણ આ ત્રણ મહિનાઓ દરમિયાન મારા ઉપર કપાળે કરચલી પાડવાનું પણ મને યાદ નથી આવતું.

સાધારણરીતે ફીનિક્સમાં માંદગી ભાગ્યે જ દેખા દેતી. પણ બીજા બધા જેલ પહોંચ્યા ત્યારે મગનકાકાની કસોટીને સારુ જ જાણે ટાઢીઆ તાવે પોત પ્રકાશ્યું. અમે દસ બાળકો હતાં. તેમાંથી એક પછી એક પાંચ છ જણાને મેલેરિયાએ પથારીવશ કર્યાં. છેવટે મગનકાકાનો પોતાનો વારો આવ્યો. પણ બહુ જ શાંતિ અને સાવધાનીથી તેમણે ઘરમાંથી મંદવાડને ભગાડ્યો. ખાવાનું બધાંનું હળવું કર્યું. ગરમ પાણી પાઈ પેટ સાફ કરાવ્યાં અને પછી બધાયે રોગીઓને બબ્બે ત્રણ ત્રણવાર બાષ્પસ્નાન કરાવ્યાં. ચૂલો કરી પાણી ઉકાળવું, ઊંચી બેઠક ગોઠવી તેની નીચે એ ઊકળતું તપેલું ગોઠવવું, માથા પર ધાબળા ઓઢાડી ધીમે ધીમે વરાળ આપવી અને રોગીને ખૂબ પરસેવો વળે ત્યારે તેના શરીરને લૂછી એને હવા લાગવા દીધા વિના સુવાડવો વગેરે કરતાં રોગી દીઠ સહેજે બે કલાક વીતી જતા. જેની પાસે કામની ભીડ ન હોય એવા માણસને યે આવી વેઠ કરતાં કંટાળો આવે. પણ મગનકાકા પાસે એવો કંટાળો ઢૂકી પણ શકતો નહિ.

ચાર પ્રકારનાં માનવી

રસ્તાની વચ્ચોવચ્ચ એક મોટો પથ્થર મૂક્યો હોય તો કેટલાક રાહદારી એવા નીકળે કે જે એની સાથે ઠોકરાયા વિના ન રહે. કેટલાક એવા પણ હોય કે જે પથ્થરને જેમનો તેમ રહેવા દઈ પોતે તરીને ચાલે. કોઈ કોઈ વળી એવા હોય કે જે પથ્થરને પગ તળે ચાંપીને આગળ નીકળી જાય. અને કોઈક જ એવો હોય કે જે પથ્થરને ઊચકીને એક બાજુ ફેંકી દે.

જે માણસ પથ્થર સાથે ઠોકરાય છે તે ઊંઘમાં હોય છે; બીજો જે તરીને જાય છે તે બંધારણવાદી; ત્રીજો જે દાબીને જાય તે સુધારક અને જે ઊચકીને ફેંકી દે છે તે ક્રાંતિકારી.

મુશ્કેલીઓ મૂગે મોઢે સહી લેનાર ગુલામ છે; તરી જનાર ભીરુ છે; ઉપરથી ચાલ્યો જનાર સાવધ છે; પણ તેને ઉખેડી ફેંકી દેનાર વીર છે. સમાજ, ધર્મ રાજકારણ આદિમાં આ ચારે કોટિનાં માણસો હોય છે.

અરબી શૈલીએ પણ, એવા જ ચાર જાતના માણસો હોય છે, ને એવાની સાથે કેમ વર્તવું તે બતાવ્યું છે:

એક એ છે કે જે પોતે જાણે છે, અને જાણે છે કે પોતે જાણે છે. આ શાણો નર છે. તેને અનુસરવું.

બીજો એ છે કે જે જાણે છે, છતાં પોતે જાણે છે એમ નથી જાણતો. એ ભાન ભૂલેલો છે. એની સાન ઠેકાણે લાવવી જોઈએ.

ત્રીજો એ કે જે જાણતો જ નથી, છતાં પોતે જાણતો નથી એમ પણ નથી જાણતો. એ મૂરખ છે. એનો વિશ્વાસ ન કરતા.

ચોથો એ કે જે જાણતો નથી, પણ પોતે નથી જાણતો એટલું તો જાણે છે જ. એ બાળક છે. એને શીખવવાની જરૂર છે.

જેલમાં ગએલી માતાઓની અમને ખોટ ન જણાય એટલા માટે વાત્સલ્યથી તેઓ અમારી ઊઠવેઠ કરતા.

લડતની જે મોટી જવાબદારી મગનકાકાએ ઉઠાવી હતી અને ક્ષણેક્ષણ પર વિકટ દબાણ પાડનારી દિનચર્યા જે એમને માથે તોળાઈ રહેતી તેને અંગે પોતાના મન સાથે મગનકાકાને કેટલી બાંધછોડ કરવી પડતી એનો સાક્ષી આજે મળવો મુશ્કેલ છે. એ સમયના મનોવિગ્રહની ભાળ આપવાનું એમના યાદ રહી ગએલા પ્રસંગો સિવાય બીજું સાધન મારી પાસે નથી. એટલું તો ચોક્કસ કે એમની અહિંસાની ઉપાસના ઘણી ઉત્કટ હતી.

એક વાર મારે રાત્રે દસેક વાગ્યે શૌચ જવું પડયું. પાછો આવી ઘરના ઉમરામાં પગ મૂકું છું તો એક સુંદર ટપકાળી ત્રિકોણ લાકડી, ફાનસને અજવાળે દેખાઈ. મને એ નવાઇભરી લાગી. બીજી જ ક્ષણે મને ખબર પડી કે એ સાપ છે! સફાળો એને કૂદીને હું ઘરમાં પહોંચ્યો. બીજાં બધાં ઊંઘતાં હતાં. મગનકાકા પથારી પર બેઠાબેઠા લખતા હતા. એમને મેં સાપ હોવાના ખબર આપ્યા. તેઓને પગે ગૂમડું થયું હતું. બેચાર દિવસથી એમનાથી ડગલું પણ દઈ શકાયું ન હતું. પગે માટીનો જાડો પાટો હતો. તેઓ લંગડાતા ઊઠયા ને ઉમરામાં આવ્યા ત્યાં સુધીમાં સાપ અધખુલા બારણામાંથી ઘરમાં આવવા લાગ્યો હતો. મગનકાકાએ તુરત બારણું બંધ કર્યું ને સાપને પકડમાં લીધો. એ પછી મારી પાસે સાપ પકડવાની દોરીવાળી લાકડી મંગાવી. બારણું દાબવાનું મને સોંપી એમણે સાપને ગળામાંથી પકડયો. તેમણે કહ્યું આ બહુ ઝેરી સાપ છે. છોકરાંઓની પથારી પાસે પહોંચ્યો હોત તો કેર વર્તાવત. તારી નજરે પડયો એ આપણું સદ્ભાગ્ય. મારો ડર વધી ગયો. એવો ત્રિકોણ ને ટપકાંવાળો ને લાંબો સાપ એ પહેલાં કે એ પછી મેં ક્યાં યે જોયો નથી; સંગ્રહાલયમાં પણ નહિ. મગનકાકા એને મારી નાખે એ સિવાય બીજો ઉપાય મને સૂઝતો ન હતો. મારામાં એને ઉપાડી જંગલમાં છોડી આવવાની હિંમત ન હતી. મગનકાકાથી ચલાય એમ ન હતું. ત્રીજું કોઈ મદદે આવી શકે એવું હતું નહિ. મારી નાખવો એ જ એક ઉપાય હતો. પણ મગનકાકાએ સાપને મારવા કરતાં પોતે જ દુ:ખ વેઠવાનું પસંદ કર્યું. લંગડે પગે એ ભાર ઉપાડી ખોડંગાતા ખોડંગાતા તેઓ ચાલ્યા. મને ફાનસ લઈ સાથે આવવા કહ્યું. ફીનિક્સ આશ્રમની જમીન વટાવી વોટલના ગાઢા જંગલમાં દૂર સુધી તેઓ પહોંચ્યા અને સાપને માટે ઉત્તમ તથા માણસને માટે ભયમુક્ત જગ્યા જોઈ એ સાપને છૂટો કર્યો. એને એટલું યે દુ:ખ આપ્યાની જાણે માફી માગતા હોય એવી નજરે બેચાર મિનિટ સુધી સાપને ઘાસમાં અદૃશ્ય થતો તે જોઈ રહ્યા અને પછી પગના ગૂમડાનું કષ્ટ વેઠતાવેઠતા ઘેર આવી મને ઈશ્વરનો મહિમા સંભળાવી નિર્ભય બનાવીને સુવાડી દીધો. ત્યાર પછી રાતના ક્યાં સુધી પોતે જાગતા ને લખતા રહ્યા એ રામ જાણે.

આ બધી સાધના ફીનિક્સમાં સાવ સૂનું થઈ ગએલું ત્યારની. જ્યારે હડતાલ પૂરવેગે ફાટી નીકળી અને ગિરમિટિયાં ભાઈબહેનોનો પ્રવાહ ફીનિક્સને ખૂણેખૂણે ફરી વળ્યો ત્યારે મગનકાકાના પરિશ્રમની પરાકાષ્ઠા થઈ. એક રાતમાં છસો-છસો આઠસો-આઠસો આવે. દરેક ટોળું આશ્વાસન માગે, સૂવાની જગ્યા માગે અને ખોરાક-પાણી માગે. એકને શાતા આપી વીસ મિનિટ-અર્ધો કલાક ઊંઘ ન લીધી હોય ત્યાં બીજું ટોળું આવી મગનકાકાને જગાડે. દિવસ આખાના કામ બાદ રાતનું આ કામ મૂંઝવી મારનારું હતું. પણ મગનકાકા ચોવીસે કલાક એકસરખા શાંત ગંભીર અને સામા માણસને સંતોષ આપવાને પ્રયત્નશીલ દેખાતા.

બાપુજીએ જે ઉચ્ચવૃત્તિથી અહિંસાની લડત ઉપાડી હતી, એટલી જ ઉચ્ચ ભૂમિકા ઉપર પહોંચી મગનકાકાએ તે અપનાવી હતી. મગનકાકા લડતના આગેવાન ન હતા. ભારેમાં ભારે કુશળ અને બહાદુર યોદ્ધા છતાં ઇતિહાસકારની કલમથી વેગળા રહેવામાં તેઓ ફાવ્યા હતા. મૂગું તપ એ એમના જીવનનું બિરદ હતું. તુલસી રામાયણની ચોપાઈઓને તેમણે આચરણમાં પણ ઉતારી હતી.

દેવી પાર્વતીએ જેમ શંકરભગવાનની પાછળ પંડ વિસાર્યું હતું તેમ મગનકાકાએ બાપુજીની અહિંસાનીતિ પાછળ પંડ સમર્પ્યું હતું.''



લજ્જા થકી નમેલી પાંપણ મને ગમે છે,
ભાવે છે ભાર મનને, ભારણ મને ગમે છે.
સુંદર બની ગયું છે કંઈ ઓર દિલ મટીને,
તૂટી ગયું છે તો યે દર્પણ મને ગમે છે.
ભેટચો છું મોતને પણ કંઇ વાર જિંદગીમાં,
આ ઓળિયાની જેમ જ ખાંપણ મને ગમે છે.

(મધુવન) —અમૃત ઘાયલ

ઇતિહાસમાર્તન્ડ રાવબહાદુર ગોવિંદ સખારામ સરદેસાઇ

ઈ. સ. ૧૮૧૮માં પેશવા સરકારનો અસ્ત થયા બાદ અંગ્રેજોનો અમલ લગભગ આખા દેશમાં શરૂ થઈ ગયો. મુલકી તથા લશ્કરી વ્યવસ્થા માટે તેમણે ઠેરઠેર બાહોશ અમલદારો નીમ્યા. એમાંના ઘણાખરા અમલદારો રાજ્યકારોબારમાં કુશળ હોવા ઉપરાંત સાહિત્યપ્રેમી, ઈતિહાસના ઊંડા અભ્યાસી અને જિજ્ઞાસુ વૃત્તિવાળા હતા. પોતે જે પ્રાંત ઉપર અમલ કરવાના હતા તે પ્રાંતના ઈતિહાસથી પૂરા વાકેફ થઈ તેઓએ તેનાં પુસ્તકો તૈયાર કર્યાં. એ રીતે કર્નલ ટૉડે રાજસ્થાનનો, માલ્કમે માળવાનો, ફૉર્બસે ગુજરાતનો, હંટરે બંગાળનો અને ગ્રાન્ટ ડફે મરાઠાઓનો ઈતિહાસ લખ્યો. છતાં અંગ્રેજ ઈતિહાસકારોના માનસમાં બ્રિટિશ-તરફેણનું વલણ રહેતું. વળી, અનુપલબ્ધ ઐતિહાસિક માહિતીનો એવો ઘણો ભંડાર દેશભરમાં પડચો હતો જેનો ઉપયોગ તેઓ કરી શક્યા ન હતા. તેથી મુસલમાનોનો ને મરાઠાઓનો ઈતિહાસ નવીન દૃષ્ટિબિંદુથી, તમામ પ્રકાશિત કે અપ્રકાશિત સાધન-સાહિત્યનો ઉપયોગ કરીને લખવાની ખાસ જરૂર હતી. અંગ્રેજી અમલ દરમિયાન આ દિશામાં પરિશ્રમપૂર્વક પ્રયત્નો આદરીને પોતાના ઇતિહાસગ્રંથોથી આંતરરાષ્ટ્રીય કીર્તિ મેળવનારા એવા બે જ દેશી ઇતિહાસકાર નજરમાં આવે છે. એક સર જદુનાથ સરકાર અને બીજા રાવબહાદુર ગોવિંદ સખારામ સરદેસાઈ.

આ વર્ષે એ 'રિયાસત'કાર સરદેસાઈની જન્મશતાબ્દી મુંબાઇમાં ઉજવાઈ. એ મહાન, ઉદ્યમી અને ચારિત્ર્યશીલ ઇતિહાસકાર ગોવિંદ સખારામ ઉર્ફે નાનાસાહેબ સરદેસાઇનો જન્મ રત્નાગિરિ જિલ્લામાં સંગમેશ્વર પાસે ગોવિલ નામના ગામડામાં તારીખ ૧૭-૫-૧૮૬૫ને રોજ થયો. એમની મૂળ અટક માવળકર, પણ છત્રપતીના અને પેશવાના સમયમાં પૂર્વજોએ રાજ્યકારોબારમાં અગ્ર ભાગ લઈ પોતાની હોશિયારીથી જમીનજાગીર મેળવેલાં તેથી



તેઓ 'સરદેસાઈ' નામથી ઓળખાવા લાગ્યા. સરદેસાઇનું પ્રાથમિક શિક્ષણ ધૂળપાટી પર શિપોશીમાં અને માધ્યમિક તથા હાઈસ્કૂલનું શિક્ષણ રત્નાગિરિમાં થયું. ૧૮૯૩માં મૅટ્રિક થયા બાદ તેઓ પૂના ગયા. અને ત્યાં લોકમાન્ય ટિળક, ગોપાળ ગણેશ આગરકર, ગોપાળ કૃષ્ણ ગોખલે જેવા નિસ્વાર્થી દેશસેવકોએ ફર્ગ્યુસન કૉલેજની સ્થાપના કરી હતી તેમાં ગોવિંદરાવ સરદેસાઈ દાખલ થયા. ત્યાં તે વખતે પ્રિવિયસ સુધીના જ વર્ગ હોઈ વધુ શિક્ષણ માટે મુંબાઈની એલફિન્સ્ટન કૉલેજમાં જોડાયા. ૧૮૮૮માં લૉજિક અને મૉરલ ફિલૉસૉફી સાથે બી.એ. થયા પછી એલએલ. બી. થવાની તેમની ઇચ્છા હતી પણ અણધારી રીતે વડોદરા રાજ્યની નોકરીમાં તક મળવાથી રૂા. ૭૦ના દરમાયાથી રીડર તરીકે સરદેસાઈ

સાગરના જીવ-૬



લૉબ્સ્ટર

પૃથ્વીના આદિકાળના, કવચવાળા શરીરના બહુપગી જળજીવોનાં કાળાનુક્રમે જે રૂપાંતરો થયાં તેમાંથી કરચલા વગેરે વિકાસ પામ્યા. લૉબ્સ્ટર પણ એક એવો જ જીવ છે.

દરિયાના તળે ખડકાળ ભોંય પર એ મૂછ અને પંજા આગળ કરી પોતાના આઠ પગને આધારે, ધીરેધીરે આગળ વધે છે. જોકે એને આંખો તો છે જ પણ સ્પર્શ અને ગંધથી પણ એ ખોરાકને ઓળખે છે લાગ લઈ શિકારને પોતાના આગલા પંજામાં ઝડપી લે છે. એના એ દાંતાળા પકડ જેવા પંજા બહુ શક્તિશાળી હોય છે. બેમાંના એક મોટા પંજા વડે શિકારને પકડી રાખી બીજા પંજા વડે એ એને તોડી ખાય છે. જીવતા કે મરેલા કોઈ પણ જીવને એ મારે છે એટલું જ નહિ, અંદરોઅંદર પણ એકબીજાને ખાઈ જાય છે. ભય લાગે ત્યારે એ પોતાની પૂછડી હલાવી અત્યંત ત્વરાથી પાછે પગે તરીને નાસી જાય છે. એના શરીરનો રંગ આસમાની ભૂખરો છે પણ ખાવા માટે એને રાંધવામાં આવે ત્યારે એ લાલ ચટક બની જાય છે.

શિળાળામાં માદા એક સાથે હજારો ઈંડાં મૂકે છે ને નર એને ફલિત કરે છે. ફલિત ઈંડાં માની પૂછડીએ દસ-અગિયાર માસ સુધી ચીટકી રહી તેમાંથી અત્યંત નાનાં ને દેખાવે માબાપથી તદ્દન ભિન્ન એવાં બચ્ચાં જન્મે છે અને તુરત પાણીની સપાટી તરફ ચડી જાય છે. છએક માસ પછી તેઓ પાણીમાં તળિયે ઊતરી જાય છે. પણ હજી એમનો વિકાસ ચાલુ હોઈ કવચની અંદરનું શરીર વિકસતું જાય છે. વખત જતાં એ કવચ તૂટી એમાંથી વધુ વિકસિત શરીર બહાર આવે છે. આ રીતે જીવન દરમિયાન અનેક કવચ બદલાતા રહી, જો એ માછીમાર અને અન્ય શત્રુ જીવોથી બચી જવા પામે તો લગભગ બે ફૂટ જેટલાં વધે છે.

શિયાળામાં એ વધુ ઊંડા જળમાં ચાલ્યાં જાય છે.

મહારાજા સયાજીરાવની નોકરીમાં દાખલ થયા. તેમાં મહારાજાની રોજની અંગત ટપાલ વાંચી બતાવવી, છાપાંઓ, પુસ્તકો વાંચવાં, તેમનાં ભાષણો તૈયાર કરી આપવાં એવી એવી કામગીરી તેમને કરવી પડતી. કેટલીક વાર વાંચવાનું કામ રાતના દસ અગિયાર વાગ્યાથી પરોઢિયે ચાર-પાંચ વાગ્યા સુધી ચાલતું. મહારાજાની વિચક્ષણ બુદ્ધિને સંતોષવા જુદાજુદા વિષયોનાં ટિપ્પણો કરવાં પડતાં, મહારાજાને વાંચી બતાવવાનાં પુસ્તકો પ્રથમ પોતે વાંચવાં પડતાં. ચિકિત્સક અને બૌદ્ધિક વિચારોથી ભરપૂર એવાં પુસ્તકો વાંચવાથી એમની ધાર્મિક અંધશ્રદ્ધા નષ્ટ થઈને તેઓ સ્વતંત્ર વિચારના થયા. મહારાજાના રીડર તરીકે તેમને ચાર વખત યુરોપની સફર કરવી પડી. ૧૮૯૨ની પહેલી સફર વખતે લંડન નૉર્થબ્રુક ઇન્ડિયન ક્લબમાં તેમની દાદાભાઈ નવરોજી સાથે ઓળખાણ થઇ અને એમનાં દેશહિતનાં કામો નિકટથી જોયાં. સફરમાંથી પાછા ફર્યા પછી તેમને પ્રાયશ્ચિત્ત લેવું પડેલું. તેનું ખર્ચ મહારાજાએ પોતે આપ્યું!

સને ૧૯૦૦માં પ્રિન્સ ફતેહસિંહરાવને ઑક્સફર્ડ ભણવા મોકલ્યા ત્યારે તેમની સાથે સરદેસાઈ બીજી વાર યુરોપ ગયા. આ વખતે તેઓ સાયકલ પર બેસતાં શીખ્યા અને સર રોમેશચંદ્ર દત્તની લાગવગથી ઈન્ડિયા ઑફિસની લાયબ્રેરીમાં પ્રવેશ મેળવી ત્યાં ઐતિહાસિક સંશોધન કર્યું. ઇ.સ. ૧૯૫૦માં યુરોપનો ત્રીજો પ્રવાસ ખેડયો. ૧૯૧૧માં પંચમ જ્યૉર્જના રાજ્યારોહણ વખતે ચોથી સફર કરી. મહારાજાના સાંનિધ્યમાં એમનુંવ્યક્તિત્વ ખીલ્યું. મહારાજાની એક-એક યુરોપ યાત્રાનું ખર્ચ ત્રણ ચાર લાખ થતું. સને ૧૯૧૧ની સવારીનું ખર્ચ તો નવ લાખ ઉપરાંત થયું. આ ખર્ચનો હિસાબ સરદેસાઇએ બહુ જ ચોખવટભર્યો રાખેલો અને તેથી જ નોકરીનાં છેવટનાં વર્ષોમાં મહારાજાએ તેમને ખાનગી ખાતાના ચીફ ઍકાઉન્ટન્ટ અને ઑડિટર નીમ્યા હતા.

સયાજીરાવ મહારાજ નાના હતા ત્યારે તેમના શિક્ષણ માટે રાજમહેલ નજીક જ રાજા સર ટી. માધવરાવે 'પ્રિન્સિસ સ્કૂલ'ના નામે એક શાળા શરૂ કરી હતી. વડોદરામાં મુકામ હોય ત્યારે રાજપુત્રોને શિખવાડવાનું કામ પણ સરદેસાઈને સોંપાયું હતું. મરાઠી, સંસ્કૃત, અંકગણિત, ઈતિહાસ, ભૂગોળ ઈત્યાદિ વિષયો તેઓ શિખવાડતા. એ માટે એમને પણ અભ્યાસ કરવો પડે એ ન્યાયે સરદેસાઈ પોતે ખૂબ વાંચતા. ફ્રૉબેલની બાલોદ્યાન પદ્ધતિ, મહાત્માજીની પાયાના શિક્ષણની પદ્ધતિઓનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. સારાં અંગ્રેજી પુસ્તકોનાં દેશી ભાષામાં ભાષાંતર કરાવવા સયાજીરાવ હમેશ ઉત્સુક રહેતા. તે માટે શાળાખાતામાં તેમણે એક ભાષાંતર શાખા ખોલી હતી. ભાષાંતરનું કામ ઘણું કરીને રાજ્યના નોકરો પકી વિદ્વાન માણસોને સોંપાતું. મૅકિઆવ્હેલીના 'Prince'નું અને પ્રો. સીલીના 'Expansion of England'નું ભાષાંતર કરવાનું કામ મહારાજાએ સરદેસાઇને સોંપ્યું. 'રાજધર્મ' અને 'ઇંગ્લંડ દેશાચા વિસ્તાર' એ નામથી એ ભાષાંતરો તૈયાર થયાં. તે ઉપરાંત રમતગમત વિષેનાં કેટલાંક સારાં અંગ્રેજી પુસ્તકોનાં પણ ભાષાંતરો તેમણે કર્યાં છે. સયાજીરાવનું સારું અને સાચું જીવનચરિત્ર આલેખાય તે માટે સાહિત્ય ભેગું કરવા માટે ખાનગી ખાતામાં 'રાજકુટુંબ વૃત્ત સંગ્રહ શાખા' ખોલવામાં આવી હતી જે સરદેસાઈની સીધી દેખરેખ નીચે હતી. મહારાજાએ પાઠવેલા અને તેમના તરફ આવેલા પત્રો, તેઓશ્રીના જુદાજુદા હુકમો, છાપાંઓમાં તેમના માટે આવેલાં લખાણો, તેમનાં ભાષણો, જુદાજુદા પ્રસંગના ફોટાઓ એ બધાનો પદ્ધતિસરનો સંગ્રહ સરદેસાઈએ કર્યો. મહારાજાના પત્રોના ત્રણ ભાગ તેમણે સંપાદિત કર્યા છે.

રાજપુત્રોને તથા તેમના સહાધ્યાયીઓને ઈતિહાસ શિખવાડતી વખતે અમુક એક પુસ્તકમાંથી તે ન શિખવાડતાં, બીજાં પ્રકાશિત કે અપ્રકાશિત સાધનોનો ઉપયોગ કરીને સરદેસાઈ પોતાનાં ટાંચણો તૈયાર કરતા. એવાં ટાંચણોમાંથી જ તેમની 'રિયાસતો'નો જન્મ થયો. ઈતિહાસના પુસ્તકોને 'રિયાસત' એવું નામ આપવાની સૂચના પ્રખર વિદ્વાન લેખક રા. શંકર મોરો રાનડેએ કરી હતી. તે મુજબ 'મુસલમાની રિયાસત'ના બે ખંડ, 'મરાઠી રિયાસત'ના આઠ ખંડ અને 'બ્રિટિશ રિયાસત'ના બે ખંડ એમ બાર પુસ્તકો સરદેસાઇએ લખ્યાં. 'મરાઠી રિયાસત'ના આઠ ખંડમાં પોતાના દરેક કથનને માટે તેમણે આધાર ટાંકેલા છે. એ 'મરાઠી રિયાસત'ના આધારે અંગ્રેજીમાં પણ New History of the Marathas પુસ્તક ત્રણ ખંડમાં પ્રગટ કર્યું. એ સિવાય પટણા અને નાગપુર યુનિવર્સિટીમાં તેમણે મરાઠાઓના ઇતિહાસ વિષે વ્યાખ્યાનો આપ્યાં હતાં એ વ્યાખ્યાનો 'Main currents of Maratha History' એ નામથી પ્રસિદ્ધ થયાં છે. હજારો માણસોને કાગળો લખીને પોતાને જોઈતી માહિતી ખરી કે ખોટી તેની ચકાસણી કરતા, બીજા પ્રાંતોના ઇતિહાસમાં અમુક ઐતિહાસિક બિના માટે શું હકીકત કે ઉલ્લેખ મળી આવે છે તે તપાસી જતા. આ વિવેચક દષ્ટિને લીધે તેમના ઈતિહાસગ્રંથો પ્રમાણભૂત છે.

પૂનામાં પેશવા સરકાર રાજ્ય કરતા હતા ત્યારે રાજ્ય અંગેનું દફતરખાનું શનવારવાડામાં તેમના નિવાસસ્થળે રહેતું. ૧૮૧૭માં વાડાને મોટી આગ લાગવાથી આ દફતરખાનાનો કેટલોક ભાગ બળી ગયો. બાકી રહેલું દફતર માઉન્ટ સ્ટુઅર્ટ એલફિન્સ્ટને ઈ.સ. ૧૮૧૮માં પોતાના કબજામાં લઈ તેની જાળવણી કરવાના હુકમો છોડયા. આ દફતરખાનું ઇતિહાસના અભ્યાસીઓ માટે ખુલ્લું કરવું જોઈએ અગર તો તેમાંથી સંકલનો પ્રસિદ્ધ કરવાની તજવીજ સરકાર તરફથી થવી જોઈએ એવી માગણી વિદ્વાનો તરફથી લાંબા વખતથી થયા કરતી હતી. પણ પેશવાના દફતરખાનામાં ઘણા મહત્ત્વના કાગળો હતા જેની ગુપ્તતા જાળવવામાં સરકાર ખૂબ જ આગ્રહી હતી. તેથી અભ્યાસકો માટે દફતરખાનું ખુલ્લું મૂકવાની સૂચના નામંજૂર થઈ. પણ ઐતિહાસિક સંકલનો પ્રગટ કરવાનું ૧૯૨૯માં મુંબાઈ સરકારે શરૂ કર્યું. આ માટે સરદેસાઈની નિમણૂક થઈ. એમણે હજારો દફતરો તપાસી, પ્રકાશિત કરવા યોગ્ય એવા કાગળોની પસંદગી કરી, તેને મોડી લિપિમાંથી મરાઠીમાં ઉતાર્યા. કાગળમાં હિજરી સન, વિક્રમ સંવત કે શાલીવાહન શક હોય તે પરથી તેની અંગ્રેજી તારીખ નક્કી કરી. મરાઠી પત્રનો ટૂંક સાર અંગ્રજીમાં આપ્યો અને કુલ ૪૫ સંકલનો પ્રગટ કયા. વાર્ષિક દસ હજાર રૂપિયાનું ખર્ચ આ કામ માટે મુંબાઇ સરકારે મંજૂર કર્યું હતું તે મુજબ ચાર વર્ષ કામ બરાબર ચાલ્યું. પછી ખર્ચમાં કરકસર કરવાની જરૂર ઊભી થતાં પાંચમા વર્ષે આ કામ બંધ કરવાનું સરકારે ઠરાવ્યું. પણ સરદેસાઈ તેથી હિંમત ન હાર્યા. સર જદુનાથ સરકાર અને એમણે ઈતિહાસપ્રેમી દેશી રજવાડાઓ અને અન્ય ધનિકો પાસેથી દેણગીઓ મેળવી કામ ધપાવ્યું, તેમની આ કામગીરી બદલ સરકારે સરદેસાઇને 'રાવબહાદુર'નો ખિતાબ બક્ષ્યો.

સાડત્રીસ વર્ષની એકધારી નોકરી કર્યા બાદ સને ૧૯૨૫માં સરદેસાઈ વડોદરાની નોકરીમાંથી નિવૃત્ત થયા. તે વખતે તેમનો પગાર ૪૮૫ રૂપિયા હતો. મહારાજાની મરજી વિરુદ્ધ તેઓ નિવૃત્ત થયા તેથી અને વિલિયર્સ પ્રકરણમાં મહારાજાની તેમના ઉપર ખફામરજી ઊતરવાથી તેમને ફક્ત રૂા. ૯૦નું પેન્શન બાંધી આપવામાં આવ્યું. નિવૃત્ત થયા પછી તેઓ પૂના નજીક કામશેતમાં બંગલો બાંધી ત્યાં રહેવા લાગ્યા. ઐતિહાસિક સંશોધનનું કામ એમણે ચાલુ જ રાખ્યું. પૂનાની રેસિડેન્સી અંગેના રેકૉર્ડમાંથી સંકલનો પ્રસિદ્ધ કરવાનું કામ મુંબાઈ

સરકારે સર જદુનાથ સરકાર અને સરદેસાઇને સોંપ્યું. એમાંથી એમણે છ સંકલનો પ્રસિદ્ધ કર્યાં છે. હિસ્ટ્રી કૉંગ્રેસના અધિવેશનના તેઓ એક વખત પ્રમુખ પણ બન્યા હતા.


સાંસારિક જીવનમાં તેઓ કેટલેક અંશે દુ:ખી હતા. તેમના બન્ને પુત્રો, શ્યામકાન્ત અને શ્રીવત્સ તેમની હયાતિમાં જ ગુજરી ગયા. સને ૧૯૪૩માં તેમનાં ધર્મપત્ની માઈ પણ ગુજરી ગયાં. પણ તેથી હારી ન બેસતાં માનસપુત્ર 'ઈતિહાસ'નું લાલનપાલન કરવામાં તેઓ હમેશાં મશગૂલ રહેતા. તબિયત લથડવા માંડ્યા પછી તેમણે Historical Genealogies એ પુસ્તક ૧૯૫૭માં તૈયાર કર્યું, મુંબઇ સરકારે તે પ્રગટ કર્યું છે. ત્યાર બાદ જીવનના છેક અંતિમ મહિનાઓમાં એમણે સયાજીરાવ મહારાજાનાં સંસ્મરણો પ્રગટ કર્યાં. આત્મકથાત્મક સંસ્મરણો આલેખતું સુંદર પુસ્તક પણ સરદેસાઈએ મરાઠી ભાષામાં લખ્યું છે. એક ઋષિની જેમ નિસર્ગના સાન્નિધ્યમાં કામશેતમાં તેઓ શાંત જીવન ગાળતા. ફરવા જવાનો વ્યાયામ તેઓ નિયમિત કરતા. ગ્લૅડસ્ટનની જેમ લાકડાં ફાડવાનો પણ તેમને શોખ હતો. સને ૧૯૩૮માં કામશેતમાં ઈતિહાસ-સંશોધકોનો એક મેળાવડો તેમણે યોજેલો, એકબીજાના વિચારોની આપ-લે થાય, ભાવિ અભ્યાસની રૂપરેખા નક્કી કરી શકાય અને સંશોધનના કાર્યમાં એકબીજાની અડચણો ધ્યાનમાં લઇ શકાય એવો હેતુ આ મેળાવડાનો હતો. સને ૧૯૩૮માં મુંબાઇમાં સરદેસાઈનું બહુમાન કરી એક ગૌરવગ્રંથ તેમને અર્પણ કરવામાં આવ્યો. જાન્યુઆરી ૧૯૪૬માં રાજવાડે સંશોધન મંદિર, ધૂળિયા તરફથી સરદેસાઇને 'ઈતિહાસમાર્તંડ'ની પદવી અપાઈ. વડોદરાની સહવિચારિણી સભાએ માર્ચ ૧૯૫૦માં પોતાનો હીરક મહોત્સવ ઊજવ્યો ત્યારે સભાના સૌથી જૂના વિદ્યમાન સભાસદ તરીકે મહોત્સવનું અધ્યક્ષસ્થાન તેમને અપાયું હતું. ૧૯૫૧માં પૂના યુનિવર્સિટીએ એમને ડૉકટર ઑફ લેટર્સની ઉપાધિ આપીને તેમનું બહુમાન કર્યું. જીવનમાંથી તેઓ કદી નિવૃત્ત થયા જ નથી. છેક છેલ્લી ઘડી સુધી અભ્યાસકોને મદદ કરવાનું, તેમને જોઈતાં પુસ્તકો પૂરાં પાડવાનું, પોતાનાં ટાંચણોમાંથી માહિતી આપવાનું વગેરે કામોમાં તેઓ રચ્યાપચ્યા રહેતા. અવસાન પહેલાં તેમણે પોતાનો અમૂલ્ય ગ્રંથસંગ્રહ પૂના યુનિવર્સિટીને ભેટ તરીકે આપી દીધો. લગભગ ૯૦ વર્ષની ઉંમરે ડૉ. સરદેસાઈ દેવલોક પામ્યા.

('અભ્યાસ'માંથી) **ગણેશ કૃષ્ણ ગોખલે**

પ્રાચીન ભારતની ચીન પર અસર

આ સાથેના નકશામાં ચીની યાત્રીઓ ફાહિયાન ને યુઆન ચાંગ (હુએન સંગ)નો પ્રવાસ-માર્ગ દર્શાવ્યો છે. બૌદ્ધ ધર્મનું વધુ જ્ઞાન અને ભારતનો વિશેષ પરિચય પામવા તેઓએ આ યાત્રાઓ કરી હતી. એમણે લખેલાં વર્ણનો પરથી ચીન-ભારતના પ્રાચીન સંબંધોનો ખયાલ મળી શકે છે. યુઆન ચાંગ જણાવે છે કે સમ્રાટ કનિષ્કના દરબારમાં બે ચીની રાજકુમારો પણ રહેતા હતા. તેઓ 'ચીનાઇ' કે 'ચીન રાજપુત્ર' તરીકે ઓળખાતા. 'પીચ' અને 'નાસ્પતી'નાં ફળોનો ભારતમાં તેઓ જ લાવેલા. વળી, અજંતાનાં ભીંતચિત્રોમાં નર્તકીઓના ઘેરદાર પોશાક અને આજના લેંઘાના પુરોગામી જેવા પોશાકનો જે પ્રસાર જોવા મળે છે એ કુશાણ અને શક સમ્રાટો દ્વારા ભારતમાં આવેલી ચીની પોશાકની અસરનું પરિણામ છે. ચીનાઈ માટીકામ(પોર્સલીન) અને લાખકામની અસર પણ અહીં ચીનથી આવ્યાનું મનાય છે.

આ જ રીતે ભારતની પણ ચીન પર ઘણી અસર હતી જ. ઇ.સ. પૂર્વે બીજા વર્ષમાં ચીની દરબારમાં બૌદ્ધ ધર્મગ્રંથોની રજૂઆત થયા-



નો ઉલ્લેખ છે. મધ્ય એશિયામાં તો એથી યે પહેલાંથી બૌદ્ધ ધર્મપ્રવર્તકો પ્રસરેલા હતા. દક્ષિણ સિંકિયાંગમા તાક્લામાકન અને કાસ્પિયન સમુદ્રની વચ્ચેના પ્રદેશોમાં બૌદ્ધ ધર્મનું ઘણું બળ હતું.

ઈ.સ. ૬૫માં આજથી બરાબર ૧૯૦૦ વર્ષ ઉપર ધર્મરક્ષક અને કાશ્યપ માતંગ નામક બૌદ્ધ સાધુઓને ચીની સમ્રાટે પોતાને ત્યાં ખાસ આમંત્રેલા, ને એમને માટે 'શ્વેત અશ્વ' નામક એક મઠ પણ સ્થાપેલો. ત્યાં રહી તેમણે બૌદ્ધ ધર્મગ્રંથોને ચીની ભાષામાં ઉતારેલા. એ પછી મધ્ય એશિયામાંથી ચીન ગએલા બૌદ્ધ ધર્મ પ્રવર્તકો પણ અસલ તો ભારતીય લોહીના જ હતા. વિખ્યાત કુમારજીવ કોચેમાં જન્મેલા. ભારતીય પિતા અને કુશાન રાજકુમારી માતાના એ પુત્ર હતા. ચીની ભાષામાં એમણે ઉતારેલું બૌદ્ધ સાહિત્ય વધુ ચોક્કસ ગણાય છે. એમની સહાયમાં કાશ્મીરથી ત્રણ બૌદ્ધ વિદ્વાનો પણ ગએલા. આ પછી ચીન-ભારતના યાત્રીઓની આવનજાવન ઘણી વધી હતી.

છઠ્ઠી સદીમાં બોધિધર્મ નામે એક બૌદ્ધ વિદ્વાન ચીન ગયા. ચીનમાં બૌદ્ધ ધર્મના 'મહાયાન' પંથનો પરિચય એમણે જ કરાવેલો જે આજે ચીનમાં 'ચીન' અને જાપાનમાં 'ઝેન' પંથને નામે ઓળખાય છે.

ચીનથી ભારત આવેલા બૌદ્ધ યાત્રીઓમાં ફાહિયાન, સુંગયુન, યુઆન ચાંગ, આઇત્સિંગ વગેરે વિખ્યાત છે. અગિયારમી સદીમાં ભારતમાં લખાએલા પાંચેક ચીની ગ્રંથો પણ બોધિગયામાંથી મળેલા છે. યુઆન ચાંગને કનોજના સમ્રાટ હર્ષે અને કામરૂપના ભાસ્કરવર્માએ જે આવકાર આપેલો એ જાણીતો છે. 'યુઆન ચાંગ'નું અભિધાન એ સમ્રાટ હર્ષે ચીની યાત્રીને આપેલી એક ઉપાધિ જ છે. આ ઉપરાંત, એણે એને ૧૦,૦૦૦ સુવર્ણમુદ્રાઓ, ૩૦,૦૦૦ રૌપ્ય મુદ્રાઓ, ને ૧૦૦ ઉત્તમ પોશાકો પણ આપેલા. અન્ય રાજાઓએ પણ એને અમૂલ્ય રત્નો આપી આવકારેલો. નાલંદામાં પણ ભવ્ય સ્વાગત થએલું.

ફાહિયાન બંગદેશના એ કાળના વિખ્યાત નગર તામ્રલિપિમાં બે વર્ષ રહેલો ને ત્યાં તેણે ભારતીય બૌદ્ધ મૂર્તિઓનાં ચિત્રો આલેખેલાં. આ જ રીતે ભારતીય કળાના અસંખ્ય નમૂનાઓ ચીન ગએલા. મધ્ય એશિયાના બહુ મોટા વિસ્તાર પર ભારતીય કળાની અસર જોવા મળે છે. ખુદ ચીનમાં પણ અજંતાને પગલે 'લુંગમેન' અને 'તુન હુઆંગ'ની વિખ્યાત બૌદ્ધગુફાઓ તૈયાર થઈ હતી.

દાંતના ડૉકટર પોતના દરદીને કહ્યુ: 'મોઢું ખોલો.' પેલાએ મોઢું એટલું બધું ખોલ્યું કે ડૉકટર બોલી ઊઠયો: 'આટલું બધું પહોળું કરવાની જરૂર નથી, હું બહાર ઊભો રહીને જ દાંત કાઢવાનો છું.'

ગ્રહ-નક્ષત્રોનો પ્રભાવ

જ્યોતિષશાસ્ત્રની માન્યતાઓને ભલે હસી કાઢવામાં આવે, પણ છેલ્લાં નિરીક્ષણો પરથી જણાયું છે કે હજી સુધી અજાણ આવી કેટલીક અસરોનું અસ્તિત્વ તો છે જ. ચંદ્રને જોઇને કવિઓ અને પ્રેમીઓ ખીલી ઊઠે છે એટલું જ નહિ માણસના મન પર અને એના લોહીના ભ્રમણ પર પણ એની અસરો જોવા મળી છે. ગરમીની અતિશયતાનું પ્રકાશમાં થતું પરિવર્તન જોઈ શકાય છે. ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત પણ રોજિંદા અનુભવની હકીકત છે. પણ ચુંબકત્વના ભેદી બળના રહસ્યનો પાર સંપૂર્ણપણે પામી શકાયો નથી. અને એટલે જ કેટલાક અનુભવો માન્યતાઓ અને વહેમ ગણાયા કરે છે. બુદ્ધિવાદી વિચારકો ગ્રહોનો માણસના વ્યક્તિત્વ પરનો પ્રભાવ સ્વીકારી શકતા નથી, પણ અમુક રહસ્યો હજી યે ઉકેલવાનાં બાકી જ છે. યાયાવર પંખીઓનાં ઉડ્ડયનો અને એમનું દિશાભાન હવે બાયો–મૅગ્નેટિઝમ સાથે સાંકળવામાં આવે છે. જંતુઓ અને વનસ્પતિના વિકાસ પર થતી ચુંબકત્વની અદીઠ, અગ્રાહ્ય અસરો પણ નકારી શકાય તેમ નથી. જ્ઞાનતંતુઓના અને કેટલાક માનસિક રોગોને વાતાવરણમાં થતાં ચુંબકીય તોફાનોની અસર સાથે સંબંધ હોવાનો પણ હવે સ્વીકાર થાય છે. પાંચ વર્ષ સુધીમાં ૪૦,૦૦૦ દર્દીઓનાં નિરીક્ષણો પરથી એ પણ જણાયું છે કે ભૂ-ચુંબકીય પ્રભાવ અને માણસની વર્તણૂકને પણ કંઈક સંબંધ છે. ચુંબકીય ક્ષેત્રોના ફેરફારથી પણ કેટલાક માનસિક વ્યાધિઓ જાગે છે. ચુંબકત્વ અને વીજળીને પ્રગાઢ સંબંધ છે અને જીવવિજ્ઞાનને પણ હવે વિદ્યુત-રાસાયણિક દૃષ્ટિકોણથી જોવામાં આવે છે એ પછી ગ્રહ-નક્ષત્રોની માણસ પર પડતી અસરોની માન્યતાઓ પરથી વહેમનો કાટ દૂર કરી એનો પણ શુદ્ધ વૈજ્ઞાનિક અભ્યાસ કરવાની જરૂરત હવે ઊભી થઈ રહી છે.

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : મંગો પાર્ક

હબસી ગુલામો પકડવા માટે ગાઢા જંગલોમાં જેટલે સુધી જઇ શકાય અને એ માટે દરિયાકિનારાનજીકના પ્રદેશોમાં જ્યાં રહેણાક કે મથકો સ્થાપી શકાય એટલા વિસ્તારો સિવાય પશ્ચિમ આફ્રિકાનો લગભગ બધો જ ભાગ હજી અજ્ઞાત હતો ત્યારે એવા પ્રદેશોની શોધસફરોના ઉત્તેજનાર્થે લંડનમાં 'આફ્રિકા એસોસીએશન' નામે એક સંસ્થા સ્થપાઈ હતી.



પકડાતા હબસીઓ અને ગુલામના વેપારીઓએ સાંભળેલી વાતો પરથી મનાતું કે સેનિગાલ અને ગેમ્બિયા નદીઓની પાર ઊંડે જંગલમાં 'જૉલિબા' (આજની નાઈજર) નામે એક મહા નદીને એને કાંઠે ટિંબકટુ નામે એક નગર છે અને ત્યાં મબલખ સોનું મળે છે. એની શોધ માટે આફ્રિકા એસોસીએશને મેજર હૉટન નામે એક માણસને મોકલેલો, પણ એને જંગલવાસીઓએ મારી નાખ્યો. એ પછી પણ ત્રણેક નિષ્ફળ પ્રયત્નો થએલા. છેલ્લે એક યુવાન દાક્તરે સામે ચાલીને એસોસીએશન પાસે એ પ્રદેશની શોધ માટે સગવડ આપી પોતાને મોકલવાની માગણી કરી.

મંગો પાર્ક એનું નામ. સ્કૉટલૅન્ડના સેલકર્કશાયરમાં ફાઉલશિલ્સ મુકામે ઈ. ૧૭૭૧ની ૨૦મી સપ્ટેમ્બરે એનો જન્મ થએલો. ખેડૂત માબાપના તેર સંતાનોમાંનો એ એક, બચપણથી જ વિલક્ષણ શક્તિઓવાળો હોઈ એડિનબરઅ વિદ્યાપીઠમાં વૈદક શીખીને દૂર પૂર્વની ખેપો કરતા જહાજમાં દાક્તર તરીકે એ છેક સુમાત્રા સુધી જઈને હમણાં જ પાછો ફર્યો હતો. હવે ઘેર બેસી વૈદું કરવાને બદલે અજાણ્યા નવા પ્રદેશો ખૂંદવાની એને લગન હતી અને એટલે જ એણે આફ્રિકામાં શોધસફરે મોકલવાની માગણી કરી હતી.

એની માગણી મંજૂર થઈ. નાઈજર નદી શોધી એના પ્રવાહની દિશામાં આગળ વધી એણે એનું મુખ શોધવાનું હતું. ઈ. ૧૭૯૫ની જૂનની ૨૧મીએ એ ગેમ્બિયા પહોંચ્યો. ત્યાંથી નદીને કાંઠેકાંઠે બસોએક માઈલ ઊંડે એક બ્રિટિશ વેપારી-મથક સુધી એ ગયો. ત્યાં રોકાઈ એણે આગળની સફરની તૈયારી કરવા સાથે એ દરમિયાન હબસીઓની ભાષા શીખી લીધી. અહીંથી એક ઘોડો, બે ગધેડાં, બંદૂકો, છત્રી, થોડાં કપડાં, કેટલાંક વૈજ્ઞાનિક સાધનો, જંગલવાસીઓ સાથે વિનિમય કરવા રંગીન મણકા, અંબર, તમાકુ વગેરે અને એક દુભાષિયા સાથે છએક હબસીઓ લઈ ગુલામો પકડવા જતી એક વણઝાર સાથે એ ઊપડ્યો. આરંભની સફર તો ઠીક થઇ પણ પછી આગળ માર્ગમાં આરબોએ એને બહુ કનડ્યો. એના હબસી નોકરો કાંતો મરી ગયા કે એને છોડી નાસી ગયા. લુડામર નામે એક સ્થળે ત્યાંના મૂર મુખીએ એને કેદમાં નાખ્યો. ચાર મહિને એ ત્યાંથી નાસી છૂટ્યો. ઘોડો અને એક હોકાયંત્ર સિવાય હવે એની પાસે કંઈ રહ્યુ નહોતું, છતાં સફર જારી રાખી ત્રણેક અઠવાડિયે એ સીગો પહોંચ્યો. ત્યાંથી નાઈજર નજીક જ હતી. આ તરફ પણ લોકો એના પ્રત્યે બહુ વહેમાતા હોઈ એ ગામ છોડી નદીના પ્રવાહને માર્ગે આગળ વધ્યો. માર્ગમાં વળી એ લૂંટાયો. એનો ઘોડો પણ ગુમાવ્યો. પહેરેલા ખમીસ સિવાય એની પાસે કંઇ જ નહોતું. થાક, ભૂખ, બીમારીથી બેજાર અર્ધનગ્ન હાલતમાં હવે એ આગળ વધી શકે તેમ હતું નહિ, વળી, આ બાજુ લોકો પણ નાઈજર વિષે વિશેષ માહિતી આપી શકે તેમ નહોતા એટલે એ હિંમત એકઠી કરી પાછા ફરવા માટે દક્ષિણ તરફ વળ્યો. એની એ સફરની હેરાનગતિ તો અત્યંત રોમાંચક હતી. આખરે ૧૭૯૭ની ૧૦મી જૂને એ બ્રિટિશ મથકે પહોંચ્યો ને ત્યાંથી ઇંગ્લંડ. એકલેપંડે તદ્દન અજાણ્યા ને ભયાનક જંગલોમાં આથડીને એણે નાઇજર નદી ખોળી હતી. એ સફરને 'ટ્રાવેલ્સ ઇન ધી ઈન્ટીરીઅર ઑવ આફ્રિકા' નામના પોતાના ગ્રંથમાં એણે બહુ વિગતથી વર્ણવી છે.

પાછા ફરી એણે દાક્તરનો ધંધો ચાલુ કર્યો. લગ્ન કર્યાં ને કુટુંબ સાથે શાંતિથી રહેવા માંડયો. પણ પાંચેક વર્ષે ૧૮૦૩માં બ્રિટિશ સરકારે નાઇજરનું મુખ શોધી કાઢવા એક ટુકડી મોકલવા વિચાર્યું. એનું નેતૃત્વ સ્વીકારવા મંગો પાર્કને કહેણ આપ્યું. ૪૫ જેટલા ગોરાઓ સાથે મંગો પાર્ક ફરી ઊપડ્યો. સીગો પહોંચતાં સુધીમાં તો એમાંના ૩૪ જણ તાવ કે મરડાથી મરી ગયા. સીગોથી સાનસાનડિંગને ટૂંકે માર્ગે એ નાઈજર ગયો. ત્યાં તેઓએ દેશી હોડકાં ભાંગી એક મોટી હોડી બનાવી. ને એને 'જૉલિબા' નામ આપી. બાકી રહેલા પાંચ (જેમાં એક તો અરધો ગાંડો થઇ ગએલો) તેની સાથે તેઓએ નદીમાં ઝુકાવ્યું. એ પછી તેઓનું શું થયું તેના કંઈ જ ખબર મળ્યા નહિ.

લાંબા સમય બાદ એમને વિષે તપાસ કરવા સરકારે ઈસાકો નામે એક માણસ મોકલ્યો. સાનસાનડિંગમાં એને પાર્કને નાઇજર સુધી પહોંચાડનાર હબસી ભોમિયાનો ભેટો થઈ ગયો. એની પાસેથી જાણવા મળ્યું કે જૉલિબામાં મંગો પાર્ક નદીના પ્રવાહ સાથે છેક નદીના મુખ સુધી જવા માગતો હતો; પણ આગળ જતાં બુશા નામની એક સાંકડી નેળમાં નદીનો પ્રવાહ અત્યંત જોરદાર બની જતો એમાં ફસાઈને કે પછી એ સાંકડી જગ્યાએ આસપાસના હબસીઓએ એમને સકંજામાં લઈ હુમલો કર્યો હશે એને લીધે તેઓ મરી ગયા હશે એમ જાણવા મળ્યું. મંગો પાર્ક જો અહીંથી આગળ નીકળી શક્યો હોત તો પછી નદીનું મુખ બહુ દૂર નહોતું રહ્યુ અને એ માર્ગ પણ પછી સરળ હતો એટલે મનાય છે કે પેલી નેળમાં જ એમનો અંજામ આવ્યો હશે.

પ્રસંગવિશેષ : જર્મનીના રાષ્ટ્રચિહ્નમાં સ્વસ્તિક. તા. ૧૫ સપ્ટેમ્બર, ૧૯૩૫.

છેલ્લી સદીમાં જર્મનીનું એક રાષ્ટ્ર બન્યું એ પહેલાં નાનાંમોટાં ને ઓછાવધતા મહત્ત્વનાં કેટલાંક રાજ્યોના એક સંઘ રૂપ એ હતું. એ દરેક રાજ્ય અલગ હતું અને એ સૌને પોતપોતાનો



વહીવટ ને સ્વતંત્ર રાષ્ટ્રધ્વજ હતો. એ પછી નવા સર્જાએલા જર્મન રાષ્ટ્રમાં પ્રશિયાના સફેદ અને કાળા પટ્ટાને તથા મધ્યકાલીન જર્મન રાજ્યોના વ્યાપારી સંઘ-હાન્સીઆટિક લીગના સફેદ અને લાલ પટ્ટાને સાંકળી લઈ કાળો, સફેદ અને લાલ એમ આડી પટ્ટીવાળો એક ધ્વજ રચવામાં આવ્યો. પહેલા વિશ્વયુદ્ધ પછી એ રાજ્યવ્યવસ્થા પડી ભાંગી અને જર્મની પ્રજાસત્તાક બન્યું. એણે કાળા, લાલ અને પીળા એમ ત્રણ આડા પટ્ટાનો રાષ્ટ્રધ્વજ રચ્યો. આ પ્રજાસત્તાકમાં નાઝી પક્ષે રાજકારભારમાં ઘણી સત્તા પચાવી પાડી. ઈ. ૧૯૩૫ની ૧૫મી સપ્ટેમ્બરે સ્વસ્તિકને જર્મનીના રાષ્ટ્રચિહ્ન તરીકે સ્વીકાર્યાની હીટલરે જાહેરાત કરી ને ત્યારથી એનો લાલ ભોંય પર સફેદ વર્તુળમાં કાળા સ્વસ્તિકનો પોતાનો ધ્વજ લહેરાવવા માંડ્યો. હીટલરની સત્તાવિસ્તરણની ભૂખ જર્મનીને બીજા વિશ્વયુદ્ધમાં ખેંચી ગઈ. જર્મની એમાં હાર્યું. નવી સત્તા રચાઈ ને જર્મનીના પૂર્વ-પશ્ચિમ બે ભાગ પડ્યા. પૂર્વ જર્મનીએ આસમાની, સફેદ, લાલ, સફેદ ને આસમાની એમ પાંચ આડી પટ્ટીવાળો ધ્વજ અપનાવ્યો ને પશ્ચિમના 'વેસ્ટ જર્મન ફેડરલ રીપબ્લિકે' કાળા, લાલ ને (સોનેરી) પીળા પટ્ટાના ત્રિરંગી ધ્વજને રાષ્ટ્રનું પ્રતીક બનાવ્યો છે.


મુંબાઈના સમાજસુધારક મામા પરમાનંદની લાંબા સમયની માંદગીના સમાચાર સાંભળી મહારાજા સયાજીરાવ ગાયકવાડે એમને વર્ષાસન મોકલવા માંડ્યું. મામાએ તે રકમ પાછી વાળીને જણાવ્યું કે 'મારી આર્થિક સ્થિતિ કૈં બહુ ખરાબ નથી, પણ મારા કરતાં ઘણી વધારે સમાજસેવા કરનાર જ્યોતિબા ફૂલે હાલ પક્ષાઘાતથી પથારીવશ છે. એમની અને મારી વચ્ચે થોડો મતભેદ છે, પણ ફૂલે ઉચ્ચ ચારિત્ર્યવાન માણસ છે. એમને મારા કરતાં વિશેષ જરૂર હોઈ આપ એમને વર્ષાસન બાંધી આપશો.

કહેવતોના અર્થ : 'શાલિગ્રામથી મરી વાટવા'– વિષ્ણુના પ્રતીક તરીકે પૂજામાં રખાતા શાલિગ્રામ પથ્થર વડે મરી વાટવા જેવું હલકું કામ કરવામાં રહેલી મૂર્ખતાનું સચોટ ઉદાહરણ ધરાવતી આ કહેવત, મોટા માણસને નાનું કે હલકું કામ સોંપાએલું હોય તે દર્શાવવા અથવા કોઈ કીમતી વસ્તુનો હીનોપયોગ થતો દાખવવા વપરાય છે.

અનેકાર્થી શબ્દ : **ટીપ**=યાદી કે ખરડો; ઓળિયું, પત્રક કે ટાંચણ; વાચન દરમ્યાન આવતા શબ્દ માટે પાનાની નીચે અપાતી વિશેષ સૂચના–ફૂટનોટ; ગુનેગારને કરવામાં આવતી કેદની સજા; જાહેર કાર્ય માટે એકઠી કરવામાં આવતી રકમની લખણી; જન્મકુંડલી; પાણીની નાની બાલદી; રમતમાં હરાવવું તે; ભીંતની ઈંટો વચ્ચેના સાંધામાં ચૂનો પૂરવો તે; સિતારમાં ઘણો ઊંચો સ્વર વગાડવાનો તાર; સ્વરોનું તારસ્થાન, તારકગ્રામ.

દુનિયામાં સૌથી મોટું પુસ્તકાલય પારીસમાં 'બિબ્લિઓથેક નાશીઓનેલ' નામે છે, જેમાં કુલ ૭૯ લાખ ગ્રંથો છે.

> સુખ અને આનંદ એવાં અત્તર છે કે જે તમે જેટલા વધારે પ્રમાણમાં બીજાઓને આપશો એટલી વધારે સુગંધ તમારા અંતરંગમાં પ્રસરશે. –ઈમર્સન



ઘોડાનું આજનું સ્વરૂપ વિકસતાં ૪,૦૦,૦૦,૦૦૦ જેટલાં વર્ષો થયાં છે. 'ઇઓહિપસ' નામે ઓળખાતા એના આદિ સ્વરૂપમાં તો એ માત્ર સસલા જેવડો જ હતો અને ત્યારે એના પગમાં ખરીને બદલે આંગળાં હતાં.

રશિયાના સાઇબીરિયા પ્રાંતમાં એક એવું સ્થળ છે કે જ્યાં પુરુષોની સંખ્યા સ્ત્રીઓ કરતાં ઓછી છે એટલું જ નહિ પણ પુરુષોને ઘેર પરદા પાછળ રહેવું પડે છે, કપડાં વાસણ ને રસોઈનું કામ કરવું પડે છે, ને લગ્ન સમયે શણગાર સજી પત્નીની આજ્ઞામાં રહેવાની પ્રતિજ્ઞા લેવી પડે છે! ત્યાં દાઢીમૂછ રાખવાની કાયદેસર બંધી છે.



રોમનોની પણ પૂર્વે પશ્ચિમ યુરોપમાં ફાલેલી કેલ્ટ (સેલ્ટ) સંસ્કૃતિકાળની, લાલ મીનાનાં સુશોભનોવાળી કાંસાની ઢાલ. આજની આયર્લૅન્ડ, વેલ્સ અને સ્કૉટલૅન્ડની પ્રજા કેલ્ટ લોકોમાંથી ઊતરી આવેલી છે.

અથાણું

ચીની રીત

ક્રુશ્ચેવ અને માઓ-ત્સે-તુંગ બંને વાઘના શિકારે ગયા. થોડી વારે વાઘ દેખાતાં માઓએ બે વાર ગોળીબાર કર્યો, પણ એ નિષ્ફળ ગયો. ક્રુશ્ચેવે પહેલી જ ગોળીએ તેને ઠાર કર્યો.

વાઘ ખૂબ મોટો હોવાથી એને ઉપાડી જવા માટે માણસોને બોલાવવા સારુ ક્રુશ્ચેવ માઓને વાઘ પાસે ઊભો રાખીને ગયો, પણ એ પાછા આવીને જુએ છે તો વાઘ ના મળે! એથી એણે માઓને પૂછ્યું 'વાઘ ક્યાં છે?'

'કયો વાઘ?' માઓએ પૂછ્યું.

એને આમ નરાતાળ નામુક્કર જતો જોઈ ક્રુશ્ચેવે એની કબૂલાત મેળવવા શરૂઆતથી જ વાત માંડી : 'આપણે વાઘનો શિકાર કરવા આવ્યા હતા એ તો યાદ છે ને?'

'હા.' માઓએ કહ્યું.

પછી આપણને વાઘ દેખાયો.'

'બરાબર.'

'તેં એક ગોળી મારી ને નિશાન ચૂકી ગયો.'

'સાચી વાત છે.'

'પછી તારી બીજી ગોળી પણ નિષ્ફળ ગઈ.'

'બરાબર છે.'

'પછી મેં એક ગોળી મારી, એ વાઘને બરાબર વાગી ને એ મરી ગયો.'

'હા, પહેલીજ ગોળીએ આબાદ ઠાર થયો.'

'વાઘને લઈ જવાનું કામ મુશ્કેલ હતું, એથી હું બીજા માણસોને બોલાવવા ગયો.'

'હા, વાત સાચી છે.'

'પણ હું પાછો આવીને જોઉં છું તો વાઘ ગુમ થઈ ગયો છે!'

'કયો વાઘ?' માઓએ પૂછ્યું.

પ્રોત્સાહન

'લગાવ એક મુક્કો મોં પર. વાહ! તોડી નાખ એના દાંત.' કુસ્તી જોવા બેઠેલા પ્રેક્ષકોમાંનો એક મોટેથી બોલ્યો.

'વાહ' માજુના પ્રેક્ષકે પેલાની સામે જોઈ કહ્યું, 'તમે કોઈ સારા કુસ્તીબાજ લાગો છો!'

'ના રે ના' પેલાએ કહ્યું, 'હું તો દાંતનો ડૉક્ટર છું.'

ઝઘડાથી કંટાળેલો

'તમે તમારી અગાઉની જગ્યા કેમ છોડી દીધી?' નવા માલિકે રસોયાને પૂછ્યું.

'સાહેબ, સાચી વાત કહું તો એ ઘરનાં શેઠશેઠાણી લડ્યા કરતાં એ મને ગમતું નહોતું.'

'ઓહ! એ હમેશાં લડ્યા કરતાં એમ?'

'હા, હું ને શેઠ ના લડતા હોઇએ ત્યારે શેઠાણી ને મારી વચ્ચે ઝગડો ચાલતો હોય.'



મેળેથી આવતાં...
ચિત્રકાર • દેવજીભાઈ વાજા



કૂવે જતાં...
ફોટો: રમેશ મ. સોની